

સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા સમન્વિત
સ્વામિનારાયણ
પ્રકાશ
જાન્યુઆરી-ફેબ્રુઆરી, ૨૦૨૫
સંયુક્ત અંક
વાર્ષિક લવાજમ રૂ. ૧૨૫/-
ભવ્ય,
દિવ્ય,
અભૂતપૂર્વ
કાર્યકર
સુવર્ણ
મહોત્સવ



દાર-એ-સલામના બહુમંજિલા મંદિર અને તેના વિશાળ સભાગારની એક છબિસ્મૃતિ



નવનિર્મિત બી.એ.પી.એસ. મંદિરનાં વિવિધ ઉપાંગોની નિરીક્ષણ-મુલાકાતે સ્વામીશ્રી...





॥ શ્રીસ્વામિનારાયણો વિજયતે ॥



गुणातीतोऽक्षरं ब्रह्म भगवान् पुरुषोत्तमः।
जनो जानन्निदं सत्यं, मुच्यते भवबन्धनात्॥


# સ્વામિનારાયણ પ્રકાશ

**સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા**

**વર્ષ : ૮૭, અંક : ૧-૨ (સંયુક્ત અંક)**

**જાન્યુઆરી-ફેબ્રુઆરી, ૨૦૨૫**

**સંસ્થાપક:** બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ સ્વામીશ્રી યજ્ઞપુરુષદાસજી

**પોષક :** બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

સન ૧૯૩૮, શરદપૂનમથી પ્રારંભાયેલું, દર માસની ૧લી તારીખે પ્રકાશિત થતું, શીલ, સંસ્કાર, ભક્તિ-ઉપાસનાની પુષ્ટિ કરતું સંપ્રદાયનું સૌથી જૂનું સામયિક 'સ્વામિનારાયણ પ્રકાશ' બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું રજિસ્ટર્ડ મુખપત્ર છે. સન ૧૯૫૫થી સંસ્થાનું દર એકાંતર સોમવારે પ્રકાશિત થતું પાક્ષિક, બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ સ્વામી જ્ઞાનજીવનદાસજી દ્વારા સ્થાપિત 'સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા' ૪૫ વર્ષ બાદ ૨૦૦૧થી 'સ્વામિનારાયણ પ્રકાશ'માં સંમિલિત કરવામાં આવ્યું છે.

**પ્રકાશક** : સ્વામિનારાયણ અક્ષરપીઠ
**તંત્રી** : સાધુ સ્વયંપ્રકાશદાસ
**પરામર્શકો** : સાધુ ઈશ્વરચરણદાસ, સાધુ વિવેકસાગરદાસ
**સંપાદકો** : સાધુ અક્ષરજીવનદાસ, સાધુ અક્ષરવત્સલદાસ
**કલાનિર્દેશક** : સાધુ શ્રીજીસ્વરૂપદાસ
**વ્યવસ્થાપક**: સાધુ નિખિલેશદાસ

**મૂળ વાર્ષિક લવાજમ** : રૂા. ૧૯૦/-
**ઘટાડેલું લવાજમ** : રૂા. ૧૨૫/-
**પરદેશમાં લવાજમ** : £ ૧૫ (યુરોપ)
: $ ૨૫(યુ.એસ.એ.)



**લેખો અંગે પત્રવ્યવહાર:**

**prakash@in.baps.org**
**'પ્રકાશ-પત્રિકા' સંપાદન કાર્યાલય,**
સ્વામિનારાયણ અક્ષરપીઠ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪.

**લવાજમ અંગે પત્રવ્યવહાર:**

**magazines@in.baps.org**
**'પ્રકાશ-પત્રિકા' લવાજમ કાર્યાલય,**
**સ્વામિનારાયણ અક્ષરપીઠ, અમદાવાદ-૪.**


**Website:**
**www.baps.org, magazines.baps.org**

## સંપાદકીય

*યુગોથી વહેતી સનાતન વૈદિક પરંપરા માનવજાતને શાંતિ અને સુખનો માર્ગ ચીંધી રહી છે. આત્માના ઉદ્ધારના લક્ષ્ય સાથે માનવમાત્ર પ્રત્યેના પરસ્પર આદર અને નિઃસ્વાર્થ સેવાની પ્રેરણા આપતી આપણી મહાન પરંપરાનો ભગવાન શ્રી સ્વામિનારાયણે ૧૯મી સદીના આરંભમાં જાણે નવો સૂર્યોદય કર્યો. વિદેશી આક્રમણો અને વિદેશી શાસનો વચ્ચે દબાઈ ગયેલા ભારતની આધ્યાત્મિકતાના દીપને મહાન સંતોની પરંપરા સંકોરી રહી હતી. તેમાં પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના દિવ્ય પ્રભાવનું તેલ ઉમેરીને એ દીપને વધુ પ્રજ્વલિત કર્યો.*


*ગુજરાતના પ્રસિદ્ધ સાક્ષર શ્રી ચંદ્રવદન શુક્લ નોંધે છે: ‘સહજાનંદ સ્વામી ન હોત તો આપણે ગુજરાતને ગરવી કહીએ એવું ન હોત. ગુજરાતમાં જે સદાચાર છે, તેને સ્થાને એ જોવું ન ગમે તેવું ગંદું હોત. આજે જે ગુજરાતનું નામ સાંભળીને આપણું હૈયું ઊછળે છે, તેને બદલે સહજાનંદ સ્વામી ન હોત તો ગુજરાતનું નામ સાંભળતાં આપણે શરમના માર્યા નીચું જોવું પડત. એટલે આજે ગુજરાતમાં જે સદાચાર છે, અહિંસા છે, ગુજરાત ગુણવંતુ છે તેમાં શ્રી સહજાનંદજીનો ફાળો જેવો તેવો ન કહેવાય. ગુજરાતને અધમ દશામાંથી ઉગારનાર અને અણીના વખતે આવીને ગુજરાતનો ઉદ્ધાર કરનાર અધમોદ્ધારક અને પતિતપાવન શ્રી સહજાનંદ સ્વામીને દરેક ગુજરાતીના વંદન છે...’*

*ગુજરાતમાં આવી શાંત, આધ્યાત્મિક ક્રાંતિ કરનાર ભગવાન સ્વામિનારાયણનાં નેણમાંથી અખંડિત ‘પ્રેમ તણો પ્રવાહ’ વહેતો હતો. એવું નોંધીને પ્રસિદ્ધ ગાંધીવાદી ચિંતક શ્રી કિશોરલાલ મશરૂવાળા નોંધે છે કે: ‘ભક્તોને લાડ લડાવવામાં તેઓ કચાશ રાખતા નહીં. ભક્તાધીન શબ્દ સહજાનંદ સ્વામીમાં યથાર્થ થયો હતો.’ ભક્તાધીન ભગવાન સ્વામિનારાયણની એ ભક્તિમય પ્રેમગંગાને તેમની ગુણાતીત પરંપરાએ આગળ વહાવી છે. અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીથી લઈ વર્તમાન સમય સુધી એ પ્રેમ પ્રવાહ અસંખ્ય લોકોને પાવન કરતો રહ્યો છે. તેના પરિણામે, આજે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા વિશ્વ સ્તરે ભારતીય આધ્યાત્મિક પરંપરાનાં મૂલ્યોનો દીપ પ્રજ્વલિત રાખી રહી છે. એ દીપને પ્રજ્વલિત રાખવામાં આ સંસ્થાના એક લાખથી વધુ કાર્યકરોએ ગુણાતીત ગુરુઓના પ્રેમપ્રવાહથી કૃતાર્થ થઈને વિશ્વ પ્રભાવિત થાય તેવું જે યોગદાન આપ્યું છે તેના મૂળમાં ભગવાન સ્વામિનારાયણ અને તેમના અનુગામી ગુણાતીત ગુરુઓની નિઃસ્વાર્થ પ્રેમગંગા વહે છે. તાજેતરમાં અમદાવાદ ખાતે ઊજવાયેલો કાર્યકર સુવર્ણ મહોત્સવ તેની પ્રતીતિ કરાવી રહ્યો. સ્વામિનારાયણ પ્રકાશનો આ અંક તેની સ્મૃતિઓ લઈને આપની સમક્ષ પ્રસ્તુત છે...*










# સુવર્ણ ગાથા

## ૫૦ વર્ષની અવિરત નિઃસ્વાર્થ સેવાઓની



પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણે પ્રબોધેલાં વૈદિક સિદ્ધાંત અને આધ્યાત્મિક મૂલ્યોનાં પ્રવર્તન માટે તેમજ સેવાના વૈશ્વિક લક્ષ્ય સાથે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના એક લાખથી વધુ રજિસ્ટર્ડ કાર્યકરો અહોરાત્ર સેવામય રહે છે. સન ૧૯૦૭માં બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે બી.એ.પી.એસ. સંસ્થાના પાયા નાખ્યા ત્યારથી લઈને આજપર્યંત બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે નિ:સ્વાર્થ સ્નેહ-વાત્સલ્ય દ્વારા એ હજારો કાર્યકર્તાઓને સેવા અને સમર્પણ માટે પ્રેરિત કર્યા છે. આ ગુરુવર્યોનું ઉન્નત અને દિવ્ય જીવન સૌ માટે પ્રેરણાનું અમૃતજળ બની રહ્યું છે. વર્તમાન સમયે પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની નિશ્રામાં આ કાર્યકરો આધ્યાત્મિક લક્ષ્ય સાથે સેવા કરી રહ્યા છે. સન ૧૯૭૨માં સ્થપાયેલા વિધિવત્ કાર્યકર માળખાને ૫૦ વર્ષ પૂર્ણ થઈ ચૂક્યાં છે ત્યારે, સેવા-સમર્પણની એ સુવર્ણગાથાની સંક્ષિપ્ત સ્મૃતિ-ડાયરી અહીં પ્રસ્તુત છે...

## ૧૯૦૫-૦૭



ભગવાન સ્વામિનારાયણે પ્રબોધેલા વૈદિક અક્ષરપુરુષોત્તમ ઉપાસના સિદ્ધાંતના પ્રવર્તન માટે બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાની સ્થાપના કરી. આરંભના દિવસોથી જ સંસ્થાના પાયામાં આધ્યાત્મિક મૂલ્યો સાથે કાર્યકરો અને સ્વયંસેવકોએ સમર્પણ કરીને શાસ્ત્રીજી મહારાજના એક યુગકાર્યને વહાવવામાં યોગદાન આપ્યું.

## ૧૯૦૭-૧૯૫૧




સંસ્થાની સ્થાપનાથી લઈ ૧૯૫૧ સુધી બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજના પ્રચંડ પુરુષાર્થ અને સાધુતાથી પાંચ શિખરબદ્ધ મંદિરોના નિર્માણમાં હજારો સ્વયંસેવકો અને કાર્યકરોએ યોગદાન આપ્યું. ૧૯૫૦માં શાસ્ત્રીજી મહારાજે પ્રમુખસ્વામી મહારાજને સંસ્થાના પ્રમુખ પદે સ્થાપીને કાર્યકરોને ભાવિ સુકાની આપ્યા. ૧૯૫૧માં શાસ્ત્રીજી મહારાજે દેહલીલા સંકેલી અને યોગીજી મહારાજે ગુરુપદ સંભાળ્યું.

## ૧૯૫૨-૫૪



યોગીજી મહારાજે ગામડે ગામડે વિચરણ કરીને સત્સંગ મંડળો સ્થાપ્યાં, અઠવાડિક સત્સંગ સભાઓ શરૂ કરાવી. ૧૯૫૨માં યુવક મંડળ અને ૧૯૫૪માં બાળ મંડળની મુંબઈ અને ત્યારબાદ અન્યત્ર વિધિવત્ સ્થાપના કરી, તેના સંચાલન માટે કાર્યકરો નિયુક્ત કર્યા. યુવાનોને પોતાની સાથે વિચરણમાં જોડીને ભાવિ કાર્યકરોની સેના તૈયાર કરી. જાતે પોસ્ટ કાર્ડ લખીને ગામડે ગામડે સત્સંગ સભાના સંચાલનનું માર્ગદર્શન આપ્યું.

## ૧૯૫૫-૫૬



યોગીજી મહારાજે પ્રથમ આફ્રિકાયાત્રા કરીને શાસ્ત્રીજી મહારાજ અને નિર્ગુણદાસ સ્વામીના પ્રયાસોથી સ્થપાયેલા બી.એ.પી.એસ. સત્સંગને નવો વેગ આપ્યો. મોમ્બાસામાં પ્રથમ મંદિરની પ્રતિષ્ઠા કરી. કાર્યકરોને તૈયાર કરી સત્સંગના વિકાસમાં જોડ્યા. ૧૯૫૫-૫૬માં ઠેર ઠેર અધિવેશનો યોજ્યાં. આફ્રિકાથી લઈને અટલાદરા સુધી અધિવેશનોની પ્રવૃત્તિ દ્વારા નવો આયામ મળ્યો.

## ૧૯૫૯-૭૦



૧૯૫૯-૬૦માં પુનઃ આફ્રિકાયાત્રા કરીને યોગીજી મહારાજે વિદેશમાં નૂતન મંદિરો દ્વારા કાર્યકરોની પ્રવૃત્તિને નવો વેગ આપ્યો. ૧૯૬૧માં એક સાથે ૫૧ યુવાનોને દીક્ષા આપીને સંસ્થાના વિકાસના સ્તંભ તૈયાર કર્યા. ૧૯૭૦માં લંડનમાં ચર્ચમાં પ્રથમ હિન્દુ મંદિર સ્થાપી ઇંગ્લેન્ડમાં કાર્યકરોનું સંગઠિત માળખું રચ્યું. ૧૯૬૧થી ૧૯૭૦ દરમ્યાન ઠેર ઠેર વિચરણ કરી સત્સંગ મંડળોના સંચાલનમાં કાર્યકરો તૈયાર કર્યા.

## ૧૯૬૯



બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે બાળ-યુવા પ્રવૃત્તિને વિશેષ પુષ્ટિ આપવા, ભાવિ કાર્યકરોનું બીજારોપણ કરવા માટે અખિલ ભારતીય બાળ-યુવા અધિવેશન યોજ્યું. તા. ૮-૫-૧૯૬૯ના રોજ અટલાદરા ખાતે આ પ્રથમ બાળ-યુવા અધિવેશન યોજાયું હતું, જેમાં ૩૫૦ બાળકો-યુવાનોએ ભાગ લીધો હતો. આ અધિવેશન દ્વારા બાળકો-યુવકોએ વધુ આધ્યાત્મિક ઊંડાણ પ્રાપ્ત કર્યું હતું.

## ૧૯૭૧




બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે બી.એ.પી.એસ. સત્સંગ પ્રવૃત્તિના સુવ્યવસ્થિત સંચાલન માટે કાર્યકરોનું માળખું રચ્યું. સ્વામીશ્રીના માર્ગદર્શન મુજબ મુંબઈ ખાતે તા. ૮-૧૧-૧૯૭૧ના રોજ મહંત સ્વામી, ડૉક્ટર સ્વામી, ભક્તિપ્રિયદાસ સ્વામી, ઈશ્વરચરણદાસ સ્વામી વગેરેએ મધ્યસ્થ કાર્યાલયનો પ્રારંભ કર્યો. ગોંડલ ખાતે દ્વિતીય અધિવેશન યોજાયું, ૧૨૦૦ યુવકોએ ભાગ લીધો.

## ૧૯૭૨



પ્રમુખસ્વામી મહારાજે બી.એ.પી.એસ. સંસ્થાની વિવિધ સેવા પ્રવૃત્તિઓના સુવ્યવસ્થિત સંચાલન અને વિકાસ માટે મુંબઈમાં દાદર ખાતે કાર્યકરોના સંગઠિત દળ અને કાર્યાલયનો પ્રારંભ કર્યો. તેઓએ સત્સંગ પ્રવૃત્તિનાં પાંચ વહીવટી ક્ષેત્રો બનાવ્યાં - ગુજરાત, ભારત, આફ્રિકા, ઇંગ્લૅન્ડ અને અમેરિકા. નિરીક્ષક અને સહાયક નિરીક્ષકોની નિમણૂક કરાઈ. ઈશ્વરચરણદાસ સ્વામીએ તેનું સંયોજન-સૂત્ર સંભાળ્યું.

## ૧૯૭૨



ગુજરાતમાં બાળ-યુવા પ્રવૃત્તિ, સ્વયંસેવક દળ, નિરીક્ષક દળ, સંમેલન, સત્સંગ શિક્ષણ પરીક્ષા અને પ્રકાશનની પ્રવૃત્તિને વેગ આપવા માટે ૧૪ સભ્યોની કેન્દ્રીય સમિતિની રચના કરવામાં આવી. તા. ૬, ૭ મે, ૧૯૭૨ના રોજ ગાના ખાતે યુવક સ્નેહ સંમેલન યોજાયું. આ સંમેલનમાં ૭૫ કેન્દ્રોમાંથી આવેલા ૧૦૦૦થી વધુ યુવાનોને પ્રમુખસ્વામી મહારાજે વિશેષ પ્રેરણા આપી.

## ૧૯૭૨-૭૪




સ્વામિનારાયણીય સત્સંગ, સનાતન ધર્મ અને સંસ્કૃતિના પ્રશિક્ષણ માટે પ્રમુખસ્વામી મહારાજે સત્સંગ શિક્ષણ પરીક્ષાના અભ્યાસક્રમનો આરંભ કર્યો. તા. ૭-૭-૧૯૭૨ના રોજ વલ્લભીપુર, ભાવનગરમાં તેઓએ પ્રથમ પરીક્ષાનું ઉદ્‌ઘાટન કર્યું. પ્રથમ વર્ષે કુલ ૬૩ કેન્દ્રોમાં ૨,૫૬૫થી વધુ ભક્તોએ સત્સંગ શિક્ષણ પરીક્ષા આપી હતી. ૧૯૭૪માં સ્વામીશ્રીએ ન્યૂયોર્કમાં પ્રથમ મંદિર કરીને અમેરિકાના કાર્યકરોનું માળખું રચ્યું.



## ૧૯૭૫

મુંબઈ ખાતે અક્ષરભુવનનું પુનઃસર્જન થતું હોવાથી મુંબઈમાં ચાલતી સંસ્થાની પ્રકાશન પ્રવૃત્તિ સાથે સત્સંગ પ્રવૃત્તિ મધ્યસ્થ કાર્યાલય પ્રથમ વડોદરા અને ત્યારબાદ મણિભાઈ બ્રહ્મભટ્ટ, રસિકભાઈ પટેલ વગેરેની વિનંતીથી અમદાવાદમાં સ્થળાંતરિત થયું. ઈશ્વરચરણદાસ સ્વામી, સત્યપ્રિયદાસ સ્વામી સાથે નિર્મળસિંહ રાણા, ધીરેન્દ્રભાઈ વીંછી, રાવજીભાઈ પટેલ વગેરે કાર્યકરો સેવામાં જોડાયા.



## ૧૯૭૬

જાન્યુઆરીમાં મહંત સ્વામી, ડૉક્ટર સ્વામી, ઈશ્વરચરણ સ્વામી સહિત વડીલ સંતોની હાજરીમાં અમદાવાદમાં નિરીક્ષકોનું સંમેલન યોજાયું. ઈશ્વરચરણદાસ સ્વામીએ ૧૯૮૧માં યોજાનાર ભગવાન સ્વામિનારાયણ દ્વિશતાબ્દી મહોત્સવ ઉપક્રમે સંસ્થા દ્વારા યોજાનાર પંચવર્ષીય કાર્યક્રમોમાં કટિબદ્ધ થવા હાકલ કરી. વલ્લભવિદ્યાનગરમાં તૃતીય બાળ-યુવા મહોત્સવ યોજાયો.



## ૧૯૭૭

કાર્યકરોને માર્ગદર્શન આપવા માટે માસિક ‘નીલકંઠ’ સામયિક શરૂ થયું. (૧૯૯૮માં તેનું નામકરણ ‘સહજાનંદ સુધા’ કરાયું.) પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી કાર્યકરોની પુષ્ટિ માટે ડિસેમ્બર માસમાં સારંગપુર ખાતે ‘યુવા નેતૃત્વ તાલીમ શિબિર’ યોજાઈ. આ શિબિરમાં વરિષ્ઠ સંતો દ્વારા કાર્યકરોને કાર્ય અંગે પ્રેરણા-માર્ગદર્શન અપાયાં. ત્યારથી પ્રતિ વર્ષે આ તાલીમ શિબિર યોજાવા લાગી.




## ૧૯૭૮-૭૯-૮૦

પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞાથી છ ઝોનની દેખરેખ માટે છ નિર્દેશકોની નિમણૂક કરાઈ. આંતરરાષ્ટ્રીય બાળ અધિવેશન વિદ્યાનગરમાં યોજાયું, જેમાં ૩,૦૦૦ બાળકોએ ભાગ લીધો. ઠેર ઠેર ‘ભગવાન સ્વામિનારાયણ દ્વિશતાબ્દી’ના ઉદ્‌ઘોષ માટે કાર્યકરો દ્વારા જનજાગૃતિ અને વ્યસનમુક્તિ કાર્યક્રમો યોજાયા. યુ.કે. અને આફ્રિકામાં યોજાયા બાળ-યુવા મહોત્સવો.



## ૧૯૮૧

પ્રમુખસ્વામી મહારાજની નિશ્રામાં ભગવાન સ્વામિનારાયણ દ્વિશતાબ્દી અંતર્ગત સતત પાંચ વર્ષ દરમ્યાન વિવિધ કાર્યક્રમોમાં કાર્યકરો અવિરત સેવારત રહ્યા. અમદાવાદ ખાતે ભવ્યાતિભવ્ય રીતે ઊજવાયેલા ૩૭ દિવસીય દ્વિશતાબ્દી મહોત્સવમાં કાર્યકરોએ સેવા-સમર્પણની ભાગીરથી વહાવી. બી.એ.પી.એસ. બાળપ્રવૃત્તિના કાર્યકરોના માર્ગદર્શન માટે અમદાવાદમાં બાલપ્રવૃત્તિ મધ્યસ્થ કાર્યાલય સ્થપાયું.




## ૧૯૮૩-૮૪

અમદાવાદમાં પંચમ આંતરરાષ્ટ્રીય યુવા મહોત્સવ યોજાયો. ૩૦૦૦ યુવકોએ ભાગ લીધો. ગુણાતીતાનંદ સ્વામી દ્વિશતાબ્દી મહોત્સવના ઉપક્રમે કાર્યકરો દ્વારા ઠેર ઠેર જનજાગૃતિના કાર્યક્રમો યોજાયા. અમેરિકામાં કાર્યકર તાલીમ શિબિરો આરંભાઈ. અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીના દ્વિશતાબ્દી મહોત્સવના વિવિધ વિભાગોની સેવામાં એક વર્ષ અગાઉથી જોડાઈને કાર્યકરોએ સેવા-સમર્પણનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું.



## ૧૯૮૫

પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી ઈંગ્લેન્ડની ધરતી પર લંડનમાં યોજાયેલા અભૂતપૂર્વ 'કલ્ચરલ ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયા' મહોત્સવને ભવ્ય સફળતા અપાવવામાં કાર્યકરોએ કરી અદ્ભુત સેવા. અમદાવાદમાં ગુણાતીતાનંદ સ્વામી દ્વિશતાબ્દીના ૫૯ દિવસીય ભવ્ય મહોત્સવમાં ૧૦,૦૦૦ કાર્યકરોનું અભૂતપૂર્વ સમર્પણ. સેવા દ્વારા કાર્યકરોએ અનન્ય ઉદાહરણ પૂરું પાડ્યું.



## ૧૯૮૭-૮૯

બી.એ.પી.એસ. બાળપ્રવૃત્તિના કાર્યકરો માટે 'બાળ ઘનશ્યામ' મુખપત્રની શરૂઆત થઈ. કાર્યકરોના સંયોજન માટે ૧૧ સંયોજકો નિમાયા. ૮૭-૮૮ના વર્ષમાં કાર્યકરોએ વિરાટ પાયે દુષ્કાળ રાહતકાર્યમાં ખૂબ જહેમત ઉઠાવી. ગુજરાત સરકારે બી.એ.પી.એસ. બાળપ્રવૃત્તિને 'શ્રેષ્ઠ ચિલ્ડ્રન એક્ટિવિટીઝ એવોર્ડ'થી સન્માનિત કરી. વિદ્યાનગરમાં ૧૫,૦૦૦ બાળકોની ઉપસ્થિતિમાં આંતરરાષ્ટ્રીય બાળ અધિવેશન યોજાયું.



## ૧૯૯૦-૯૩

સંસ્થા દ્વારા યોજાયેલા નર્મદા સમર્થન અભિયાન અને સાક્ષરતા અભિયાનમાં કાર્યકરોએ જનજાગૃતિમાં મોટું યોગદાન આપ્યું. વિદ્યાનગરમાં 'આંતરરાષ્ટ્રીય યુવા અધિવેશન' યોજાયું, ૨૧,૦૦૦ યુવાઓએ ભાગ લીધો. કાર્યકરોએ વાલી જાગૃતિ અભિયાન અંતર્ગત બાળસંસ્કારનો સંદેશ વહેતો કર્યો. રાષ્ટ્રપતિ શ્રી શંકરદયાલ શર્માએ 'બાળકલ્યાણના રાષ્ટ્રીય પુરસ્કાર'થી સંસ્થાને સન્માનિત કરી.



## ૧૯૯૧-૯૨

અમેરિકામાં પ્રમુખસ્વામી મહારાજે ૨૬૦૦ સમર્પિત કાર્યકરો-સ્વયંસેવકોની સેવા દ્વારા અભૂતપૂર્વ 'કલ્ચરલ ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયા' ઊજવીને સંસ્કૃતિનો ડંકો માર્યો. ગાંધીનગર ખાતે અક્ષરધામનું ઉદ્‌ઘાટન અને બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજના શતાબ્દી મહોત્સવનો ઉદ્‌ઘોષ કરીને પ્રમુખસ્વામી મહારાજે અનેકવિધ લોકસેવાનાં સોપાનો સાથે કાર્યકરોની સેવાનો પ્રભાવ વિશ્વ સમક્ષ દર્શાવ્યો.

## ૧૯૯૪




સંસ્કૃતિના સંદેશને જન જન સુધી પહોંચાડવાની નેમ ધરાવતા કાર્યકરોના ખમીરને જાગ્રત કરતું 'આંતરરાષ્ટ્રીય યુવા કાર્યકર અધિવેશન' વિદ્યાનગર ખાતે યોજાયું, જેમાં ૫,૦૦૦ કાર્યકરોએ વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લીધો. મહિલાપાંખના બાળ, યુવા અને સંયુક્ત મંડળના કાર્યકરોએ પણ ઉત્સાહપૂર્વક વિવિધ સ્પર્ધામાં ભાગ લઈને કૌશલ્યનું કૌવત દાખવ્યું.

## ૧૯૯૫



મુંબઈ ખાતે યોજાયેલા પ્રમુખસ્વામી મહારાજના અમૃત મહોત્સવમાં હજારો સ્વયંસેવકો-કાર્યકરોનો અવિરત સેવાયજ્ઞ. યુ.કે. અને યુરોપમાં બાળ-કિશોર-યુવક-સંયુક્ત સત્સંગ પ્રવૃત્તિઓ માટે રાષ્ટ્રીય સત્સંગ પ્રવૃત્તિ કાર્યાલયની સ્થાપના લંડનમાં થઈ. એશિયા-પેસેફિક દેશોમાં કાર્યકરોના ઉત્સાહથી બાળસભાની શરૂઆત થઈ. ઇંગ્લેન્ડમાં સ્વયંસેવકો-કાર્યકરોની સેવા-સમર્પણનિષ્ઠાથી રચાયું લંડન મંદિર.

## ૧૯૯૬-૯૭



ઇંગ્લેન્ડમાં સત્સંગ પ્રવૃત્તિને વેગવંતી બનાવવા કાર્યકરો માટે મુખપત્ર ઘનશ્યામ(બાલ-બાલિકા), નીલકંઠ(કિશોર-કિશોરી), આદર્શ(યુવક-યુવતી), સુવાસિની(મહિલા)ની શરૂઆત થઈ. અહીં કાર્યકર અધિવેશનની શરૂઆત થઈ. ગુજરાતમાં મહિલા પ્રવૃત્તિનાં કાર્યકરો માટે સુવાસિની મુખપત્રની શરૂઆત થઈ. ઑસ્ટ્રેલિયા-ન્યૂઝીલેન્ડમાં બાળ અને કિશોર સત્સંગપ્રવૃત્તિની શરૂઆત થઈ.

## ૧૯૯૮-૯૯




નોર્થ અમેરિકામાં બાલ-બાલિકા અને કિશોર-કિશોરી સત્સંગપ્રવૃત્તિ અંતર્ગત નેશનલ સત્સંગ વિકાસ સમિતિની સ્થાપના કરાઈ. નોર્થ અમેરિકામાં બાળ-બાલિકા અને કિશોર-કિશોરી કાર્યકર સંમેલન યોજાયું. બાળપ્રવૃત્તિ અંતર્ગત બાળ-બાલિકા મંડળના સંચાલન માટે વિગતવાર સૂચિપત્રો બહાર પાડવાની શરૂઆત થઈ. આ સૂચિપત્રો દ્વારા સૌને વિશેષ માર્ગદર્શન પ્રાપ્ત થયું.

## ૨૦૦૦-૦૧



બાળપ્રવૃત્તિ દ્વારા ઠેર ઠેર ૪ થી ૭ વર્ષના બાળકો માટે અલગ શિશુ સભાની શરૂઆત થઈ. બાળપ્રવૃત્તિ દ્વારા યોજાયું વ્યસનમુક્તિ અભિયાન. પ્રમુખવરણી સુવર્ણજયંતી મહોત્સવની સેવામાં જોડાયા કાર્યકરો. ગુજરાતમાં ભીષણ દુષ્કાળમાં સ્વયંસેવકો-કાર્યકરો દ્વારા સેવાયજ્ઞ. કચ્છમાં આવેલા વિનાશક ભૂકંપ રાહતકાર્યમાં સ્વામીશ્રીની આજ્ઞાથી હજારો સ્વયંસેવકો અસરગ્રસ્તોની સેવામાં જોડાયા.



## ૨૦૦૨-૦૪

બાળપ્રવૃત્તિ મધ્યસ્થ કાર્યાલય દ્વારા ગુજરાતીમાં બાળપ્રકાશ સામયિક અને અંગ્રેજી દ્વિ-માસિક બાળપ્રકાશ સામયિકની શરૂઆત થઈ. ગાંધીનગરમાં યોજાયેલા 'બાળપ્રવૃત્તિ સુવર્ણ મહોત્સવ'માં રાષ્ટ્રપતિ ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામે કાર્યકરોને બિરદાવ્યા. ઇંગ્લેન્ડમાં 'બાળપ્રવૃત્તિ સુવર્ણ મહોત્સવ'ની ઉજવણીમાં ૩૦૦ કાર્યકરોની સેવા સરાહનીય રહી.



## ૨૦૦૫

પ્રમુખસ્વામી મહારાજના પુરુષાર્થ અને સંકલ્પે પાંચ વર્ષોની મહેનતના પરિણામ સ્વરૂપે દિલ્હી ખાતે ભવ્ય 'સ્વામિનારાયણ અક્ષરધામ' નિર્માણ પામ્યું. મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવમાં સ્વામીશ્રીએ કાર્યકર સભાને સંબોધીને સૌની સેવાને ખૂબ બિરદાવી. આ વર્ષે ૯,૬૦૦ કાર્યકરોનું અધિવેશન યોજાયું. ગઢડા અને વિદ્યાનગરમાં અગ્રેસર કાર્યકરોનાં દિવ્ય સંનિધિ પર્વો યોજાયાં.



## ૨૦૦૬

આફ્રિકામાં ગતિમાન સત્સંગ-મંડળોના કાર્યકરોની તાલીમ શિબિર નૈરોબીમાં યોજાઈ. દેશ-વિદેશમાં બી.એ.પી.એસ. શતાબ્દી મહોત્સવના ઉપક્રમે કાર્યકરોએ વિશેષ કાર્યક્રમો યોજ્યા. અમેરિકામાં રાષ્ટ્રીય સત્સંગ પ્રવૃત્તિ કાર્યકર સંમેલન યોજાયું. ત્યારપછી નિયમિત સમયાંતરે તે યોજાતું રહ્યું. આફ્રિકાના કાર્યકરોના ઉત્સાહથી રવાન્ડા અને બુરુન્ડીમાં સત્સંગસભાની શરૂઆત થઈ.



## ૨૦૦૭

ભારતમાં યુવા પ્રવૃત્તિના કાર્યકરો માટે 'નીલકંઠ' મુખપત્રની શરૂઆત થઈ. બાળકાર્યકરો દ્વારા ગુજરાતમાં વ્યસનમુક્તિ અભિયાન ચલાવાયું, જેમાં ૬,૩૦,૦૦૦થી વધુ લોકોને વ્યસનમુક્ત થવાની પ્રેરણા મળી. તત્કાલીન રાષ્ટ્રપતિ એ.પી.જે. અબ્દુલ કલામે રાષ્ટ્રપતિ ભવનમાં આ બાળકો-કાર્યકરોનું સન્માન કર્યું. પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી 'યુવા તાલીમ કેન્દ્ર'ની શરૂઆત થઈ.




## ૨૦૦૭

બાલિકા-કાર્યકરો દ્વારા પ્રાર્થનાયજ્ઞો યોજાયા. પ્રમુખસ્વામી મહારાજના સાંનિધ્યમાં આફ્રિકા, યુ.કે.-યુરોપ, નોર્થ અમેરિકા વગેરે દેશોમાં અને છેલ્લે ચરમસીમા રૂપે અમદાવાદમાં બી.એ.પી.એસ. સંસ્થાનો શતાબ્દી મહોત્સવ ભવ્યાતિભવ્ય રીતે ઊજવાયો. કાર્યકરોએ તન, મન અને ધન સમર્પિત કરીને મહોત્સવ દીપાવ્યો. કાર્યકરોની સેવાને સ્વામીશ્રીએ ખૂબ બિરદાવી.





## ૨૦૦૮-૦૯

બાળપ્રવૃત્તિ દ્વારા બાળ સેવક સભા(BSS)ની શરૂઆત થઈ. યુ.કે.માં બી.એ.પી.એસ. ચિલ્ડ્રન ફોરમને સ્વૈચ્છિક સેવા માટે પ્રતિષ્ઠિત 'ક્વીન્સ એવોર્ડ' એનાયત થયો. નોર્થ અમેરિકામાં દરેક પ્રદેશમાં પ્રાદેશિક નેતૃત્વ સેમિનારો યોજાયા. સાથે સાથે રાષ્ટ્રીય યુવા શિબિર યોજાઈ. મધ્ય આફ્રિકામાં યુવા કાર્યકરોનું સત્સંગ વિચરણ યોજાયું. દેશ-વિદેશમાં 'વાલી જાગૃતિ અભિયાન'ની શરૂઆત થઈ.




## ૨૦૦૯

આફ્રિકામાં ગતિમાન સત્સંગ પ્રવૃત્તિને વેગ આપવા માટે નૈરોબી બી.એ.પી.એસ. મંદિર ખાતે મહંત સ્વામીએ 'કેન્દ્રીય કાર્યાલય'નું ઉદ્‌ઘાટન કર્યું. યુરોપમાં પોર્ટુગલ ખાતે કાર્યકર શિબિર યોજાઈ. આણંદ અને રાજકોટ ખાતે બી.એ.પી.એસ.ના અગ્રેસર કાર્યકરોનું અધિવેશન યોજાયું. ઓસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેન્ડમાં એશિયા-પેસેફિકના બાળ-કિશોર પ્રવૃત્તિના કાર્યકરોનું સંમેલન યોજાયું.



## ૨૦૧૨

બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ દ્વારા સ્થાપિત યુવાપ્રવૃત્તિને ૬૦ વર્ષ પૂર્ણ થતાં, 'યુવાપ્રવૃત્તિ ષષ્ટિપૂર્તિ'ના વિવિધ કાર્યક્રમો વર્ષભર શાનદાર રીતે યોજાયા. વર્ષના અંતે અમદાવાદ ખાતે શાનદાર રીતે સરદાર સ્ટેડિયમમાં 'યુવાપ્રવૃત્તિ ષષ્ટિપૂર્તિ મહોત્સવ' ભવ્યતાથી ઊજવાયો. હજારો યુવાનોએ ષષ્ટિપૂર્તિ મહોત્સવ દ્વારા વિવિધ પ્રેરણાઓ પ્રાપ્ત કરી.




## ૨૦૧૩

અમેરિકામાં બી.એ.પી.એસ.ની નવી પેઢીનું 'નેશનલ કન્વેન્શન' યોજાયું, એકાંતિક વિષય સાથે યોજાયેલા આ કન્વેન્શનમાં હજારો બાળકો, યુવકો સંમિલિત થયા. મુંબઈ બાળમંડળ દ્વારા વ્યસનમુક્તિ અભિયાન. ઇંગ્લેન્ડ અને પૂર્વ આફ્રિકામાં યોજાઈ નેશનલ કાર્યકર શિબિર. ગુજરાતમાં સત્સંગ પ્રવૃત્તિના સંચાલનમાં પ્રવૃત્ત હજારો કાર્યકરોની સત્સંગજ્ઞાન સ્પર્ધા અને કાર્યકર અધિવેશન યોજાયાં.



## ૨૦૧૫-૧૬

આફ્રિકા, ઓસ્ટ્રેલિયા અને ઇંગ્લેન્ડનાં સત્સંગ કેન્દ્રોમાં સેવારત કાર્યકરો માટે યોજાઈ શિબિરો. ઓસ્ટ્રેલિયામાં બાળ-કિશોર કાર્યકર માળખું અમલમાં આવ્યું. આફ્રિકામાં પ્રાદેશિક અને રાષ્ટ્રીય કાર્યકર અધિવેશન યોજાયું. નોર્થ અમેરિકામાં બી.એ.પી.એસ. કાર્યકર અધિવેશન અને લીડરશિપ કૉન્ફરન્સ યોજાયાં, જેમાં હજારો કાર્યકરોએ જોડાઈને આધ્યાત્મિક સમજણ વધુ દૃઢ કરી.




## ૨૦૧૭-૧૮

બી.એ.પી.એસ. વિદ્યામંદિર રાંદેસણ ખાતે 'યુવતી તાલીમ કેન્દ્ર'નો આરંભ. બાળપ્રવૃત્તિમાં સેવારત કાર્યકરો માટે ઓનલાઈન રિપોર્ટિંગ પદ્ધતિની શરૂઆત. નોર્થ અમેરિકામાં સ્વામીશ્રીની ઉપસ્થિતિમાં હજારો કાર્યકરોનું યોજાયું સંમેલન. બાળપ્રવૃત્તિ દ્વારા ઠેર ઠેર યોજાઈ શિશુમંડળ કાર્યકર શિબિર. ઓસ્ટ્રેલિયા, રોબિન્સવિલ અને લંડનમાં પણ યોજાઈ કાર્યકર શિબિરો.



## ૨૦૧૯-૨૦

અખિલ ભારતીય બાળ અને યુવા અધિવેશન યોજાયાં, રાષ્ટ્રીય સ્તરે યોજાયેલાં આ અધિવેશનોમાં ભાગ લેનારા ૪૦,૦૦૦ બાળકો અને ૨૦,૦૦૦ યુવાનોને તાલીમ આપવા હજારો કાર્યકરોએ કમર કસી. આફ્રિકામાં મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં 'દિવ્યમ્' કાર્યકર શિબિર. સારંગપુરમાં બાળ-બાલિકાઓ માટે સંસ્કૃત ભાષા અધ્યયન અંતર્ગત 'સિદ્ધાંત સર્વસ્વ' અભ્યાસક્રમનો શુભારંભ.



## ૨૦૨૧-૨૨

કોરોના મહામારીની વૈશ્વિક વિપત્તિ વેળાએ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા હાથ ધરાયેલી રાહત-સેવાઓમાં કાર્યકરોનું વિશેષ સેવા-યોગદાન. કાર્યકરોએ બાળકોને સત્સંગદીક્ષા ગ્રંથના મુખપાઠ કરવાની પ્રેરણા-તાલીમ આપી. યુક્રેન-રશિયા યુદ્ધમાં ફસાયેલા ભારતીયો અને અન્ય લોકોની સેવામાં પોલેન્ડ-યુક્રેનની સરહદે મદદે દોડી આવ્યા બી.એ.પી.એસ.ના કાર્યકરો.



## ૨૦૨૩


અમદાવાદ ખાતે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજને ભક્તિ અંજલિ અર્પતો ભવ્ય શતાબ્દી મહોત્સવ ઊજવાયો. જેમાં ૮૦,૦૦૦ સ્વયંસેવકો-કાર્યકરોએ દિન-રાત અજોડ સેવાની ભાગીરથી વહાવી. રોબિન્સવિલમાં રચાયેલા ભવ્ય સ્વામિનારાયણ અક્ષરધામના નિર્માણકાર્યમાં મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી ૧૨,૫૦૦ સ્વયંસેવકોએ સેવામાં જોડાઈને અભૂતપૂર્વ ઇતિહાસ રચ્યો.



## ૨૦૨૪

સુરત ખાતે મહંત સ્વામી મહારાજ દ્વારા 'કાર્યકર સુવર્ણ મહોત્સવ' વર્ષનો પ્રારંભ. આ ઉપક્રમે વર્ષ દરમ્યાન સંતો અને સ્થાનિક મહાનુભાવોએ ઠેર ઠેર કાર્યકરોની સેવા-સમર્પણ-ભક્તિને બિરદાવી હતી. સારંગપુર ખાતે 'કાર્યકર તાલીમ કેન્દ્ર'નો પ્રારંભ થયો. અબુધાબીના બી.એ.પી.એસ. હિન્દુ મંદિરમાં કાર્યકરોએ સેવાની અનોખી ભાગીરથી વહાવી.

પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણની દિવ્ય નિશ્રામાં,
પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી
બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા અમદાવાદમાં ઊજવાયો
અભૂતપૂર્વ આંતરરાષ્ટ્રીય કાર્યકર સુવર્ણ મહોત્સવ.
વિશ્વના સૌથી મોટા સ્ટેડિયમ ‘નરેન્દ્ર મોદી સ્ટેડિયમ’ ખાતે
એક લાખથી વધુ બી.એ.પી.એસ. કાર્યકરોનું શાનદાર
અભિવાદન કરીને તેઓની વર્ષોની સેવાઓને બિરદાવાઈ...



# ભવ્ય,

# દિવ્ય,

# અભૂતપૂર્વ

# કાર્યકર સુવર્ણ મહોત્સવ





**મહોત્સવના સમય પૂર્વે નિર્ધારિત પરિવેશ સાથે એક લાખથી વધુ મહિલા અને પુરુષ કાર્યકર્તાઓ તેમજ મહાનુભાવો સ્ટેડિયમમાં ઉત્સાહથી આવી પહોંચ્યા. સ્વામીશ્રીની ઈચ્છા મુજબ દરેકને મુખમાં ચોકલેટ જમાડીને સ્વાગત કરાયું.**

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના પાયાની ઈંટ સમાન કાર્યકરોની સત્સંગ-સેવામય પ્રવૃત્તિનું વિધિવત્ માળખું અને મધ્યસ્થ કાર્યાલય સ્થપાયાને સન ૨૦૨૨માં ૫૦ વર્ષ પૂર્ણ થયાં, તેથી આ કાર્યકરોની આ સેવામય પ્રવૃત્તિને બિરદાવતો 'કાર્યકર સુવર્ણ જયંતી મહોત્સવ' ઊજવવાનો પ્રગટ ગુરુહરિ મહંત સ્વામી મહારાજે આદેશ આપ્યો હતો. સ્વામીશ્રીના આ આદેશથી, બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા, સન ૨૦૨૩માં અમદાવાદ ખાતે ઊજવાયેલા 'બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવ' બાદ ૨૦૨૪ના સમગ્ર વર્ષ દરમિયાન આ સુવર્ણ જયંતી પર્વ ઊજવવાનું નક્કી થયું હતું.

તા. ૨૮-૧-૨૦૨૪ના રોજ સુરત ખાતે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે દીપ પ્રાગટ્ય કરીને 'કાર્યકર સુવર્ણ વર્ષ'ની વિવિધ સ્તરીય ઉજવણીઓનો શુભારંભ કરાવ્યો હતો. આ શુભારંભની સાથે જ આ મહોત્સવનાં પડઘમ ગુંજવા લાગ્યાં. છેલ્લા એક વર્ષ દરમ્યાન દેશ-વિદેશનાં હજારો સત્સંગકેન્દ્રોમાં સંસ્થાની અનેકવિધ ગતિવિધિઓની સાથે કાર્યકરોનાં સેવા-સમર્પણ-ભક્તિને બિરદાવતા અદ્ભુત કાર્યક્રમો યોજાયા હતા. મે-૨૦૨૪માં સ્વામીશ્રીએ સારંગપુર ખાતે 'કાર્યકર તાલીમ કેન્દ્ર'નો શુભારંભ કરીને કાર્યકરો માટે સત્સંગ-જ્ઞાન-ભક્તિના અનોખા અધ્યાયનો આરંભ કર્યો હતો. સ્વામીશ્રીના હૃદયમાં કાર્યકરો માટે આગવું સ્થાન છે, તેથી જ તો કાર્યકરોને વધાવવાનો-સત્કારવાનો સ્વામીશ્રીનો ઉમંગ સાતમા આસમાને હતો. જ્યારે જ્યારે 'કાર્યકર સુવર્ણ મહોત્સવ'ની જય બોલાય ત્યારે ૯૨ વર્ષની ઉંમરે પણ ઉત્સાહથી સ્વામીશ્રી બે વાર હાથ ઊંચો કરીને 'જય...' ઝીલતા અને ઝિલાવતા હતા.

સમગ્ર વર્ષ દરમ્યાન ચાલેલા વિવિધ કાર્યક્રમોની

ચરમસીમા રૂપે, સેવા-સમર્પણ-નિષ્ઠા-ભક્તિથી મઘમઘતા કાર્યકરોની નિઃસ્વાર્થ સેવાભાવનાને બિરદાવતો ભવ્ય 'કાર્યકર સુવર્ણ મહોત્સવ' આવી પહોંચ્યો.


એ સૌભાગ્યવંતો દિન હતો — તા. ૭-૧૨-૨૦૨૪, શનિવાર. તા. ૭-૧૨-૨૦૨૪ એટલે તારીખ મુજબ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનો ૧૦૩મો પ્રાગટ્ય દિન. આજના શુભદિને અમદાવાદ ખાતે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ, વરિષ્ઠ સંતો તેમજ ભારતના ગૃહપ્રધાન શ્રી અમિતભાઈ શાહ, ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ વગેરે મહાનુભાવોની ઉપસ્થિતિમાં બી.એ.પી.એસ. સંસ્થાના પ્રાણવાન કાર્યકરોનો સુવર્ણ મહોત્સવ ભવ્યાતિભવ્ય રીતે ઊજવાયો હતો.

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી આયોજિત 'કાર્યકર સુવર્ણ મહોત્સવ'માં ભારતના વિવિધ પ્રાંત-પ્રદેશોની સાથે યુરોપ, અમેરિકા, આફ્રિકા, અરબસ્તાન વગેરે ખંડોમાંથી પધારેલા એક લાખ કરતાં વધુ કાર્યકરોથી વિશ્વનું સૌથી મોટું ક્રિકેટ સ્ટેડિયમ 'નરેન્દ્ર મોદી સ્ટેડિયમ' છલકાઈ ઊઠ્યું હતું.

સાયંકાળે બરાબર પાંચ વાગે સ્વામિનારાયણ મહામંત્રની ધૂન અને પ્રાર્થના સાથે 'કાર્યકર સુવર્ણ મહોત્સવ'નો પ્રારંભ થયો હતો. આ મહોત્સવને ઊજવવાનું સ્વામીશ્રીને કેવું તાન હતું, હૈયામાં કેવો ઉત્સાહ-ઉમંગ હતો તેની છણાવટ સાથે કાર્યકરોનું સ્વાગત-અભિવાદન કરતાં પૂજ્ય યજ્ઞપ્રિયદાસ સ્વામીએ કહ્યું, 'પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજને કાર્યકરોને વધાવવાનો અનેરો ઉમંગ છે. એક વખત સ્વામીશ્રીએ કહ્યું, 'મારે તો બધા જ કાર્યકરોને ભેટવું છે અને જો શરીર સાથ આપે તો દરેક કાર્યકરના ઘરે પધરામણી કરવી છે.' સ્વામીશ્રીએ કાર્યકરોને ઉદ્દેશીને એક પત્રમાં લખ્યું, 'હું આપને રોજ યાદ કરું છું.' આવા તો અનેક પ્રસંગો છે, જેના દ્વારા આપણને ખ્યાલ આવે છે કે સ્વામીશ્રીના હૃદયમાં એવી ભાવના છે કે કાર્યકરો માટે હું શું કરું! જ્યારે જ્યારે સ્વામીશ્રીને પૂછવામાં આવ્યું કે કાર્યકરોનું સન્માન કરવાનો આપને આટલો બધો ઉત્સાહ કેમ છે? ત્યારે સ્વામીશ્રીનો એક જ ઉત્તર હતો - 'કાર્યકરોનું સમર્પણ.' પ્રમુખસ્વામી મહારાજ કહેતા કે 'સમય પૂરો થવાથી જે રાજી થાય છે તે મજૂર છે અને કાર્ય પૂર્ણ થવાથી







ઉત્સાહથી છલકાતા સ્ટેડિયમમાં સ્વામીશ્રીનું આગમન થયું ત્યારે ગુલાબ પુષ્પોની સુંદર સજાવટ સાથેના રથમાં તેઓની શોભાયાત્રા યોજીને પોતાના પ્રાણપ્યારા ગુરુહરિને અને અક્ષરપુરુષોત્તમ મહારાજને સૌએ ઉત્સાહથી વધાવ્યા, તો સ્વામીશ્રીએ તમામ કાર્યકરોનાં ભાવથી દર્શન કર્યાં...

જે રાજી થાય છે તે માલિક છે.' બી.એ.પી.એસ.ના લાખો કાર્યકરો એક માલિકની જેમ, પરંતુ સેવક થઈને સેવા કરે છે. પૂજ્ય મહંત સ્વામી મહારાજ પણ કહે છે, 'કાર્ય આગળ રહે અને કર્તા પાછળ રહે એ જ સાચો કાર્યકર્તા છે.'

પ્રમુખસ્વામી મહારાજ કાર્યકરોને કહેતા: 'ચારિત્ર્યવાન બનો અને ચારિત્ર્યવાન સમાજ તૈયાર કરો.' આ આદેશ અનુસાર ચારિત્ર્યવાન સમાજનું નિર્માણ કરવા માટે આ કાર્યકરો ગામડે ગામડે ફરે છે અને વ્યસનમુક્ત, પ્રામાણિકતા, સદાચાર, સંયમ વગેરે મૂલ્યોનો સંદેશ આપીને ચારિત્ર્યવાન સમાજ નિર્માણ કરવા માટેના ભરપૂર પ્રયાસો કરે છે.

બી.એ.પી.એસ. સંસ્થાની બાલ-બાલિકા, યુવા-યુવતી જેવી અનેક પ્રવૃત્તિઓ સંસ્કારોનું પ્રદાન કરે છે, તેનું સંચાલન પણ એ જ કાર્યકર્તાઓ દ્વારા થાય છે. બી.એ.પી.એસ. સંસ્થાના નાના-મોટા ઉત્સવોમાં પણ આ કાર્યકરોનું ખૂબ જ મોટું યોગદાન રહેલું છે. ભૂકંપ, પૂર, વાવાઝોડા જેવી કુદરતી આપત્તિઓમાં આ કાર્યકર્તાઓ સંસ્થાના આદેશ અનુસાર સમાજસેવામાં જોડાઈ જાય છે અને સ્વયંસેવકોનું નેતૃત્વ પણ કરે છે. અસુવિધાઓ, સુખ-દુઃખ, માન-અપમાનને સહન કરીને પણ કાર્યકર્તાઓ પોતાનું ઉત્તરદાયિત્વ નિભાવે છે. પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજે તેમને સંતનો દરજ્જો આપ્યો છે અને હાલતાં-ચાલતાં મંદિરો કહ્યાં છે. આવા નિઃસ્વાર્થ અને સમર્પિત કાર્યકરોના સુવર્ણ મહોત્સવના અવસરે અહીં પધારેલા બધા જ કાર્યકરોનું હાર્દિક સ્વાગત છે.'

તેઓનું સ્વાગત પ્રવચન પૂર્ણ થતાં જ આજના મહોત્સવના પ્રાણસમાન અને લાખો કાર્યકરોના પ્રેરણામૂર્તિ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનું આગમન થયું. કલાત્મક વિશિષ્ટ રથમાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનું આગમન થયું ત્યારે અદ્‌ભુત માહોલ રચાયો હતો. સમગ્ર સ્ટેડિયમમાંથી પસાર થઈ રહેલા સ્વામીશ્રીના રથની સમાંતર ચાલી રહેલી પ્રસ્તુતિઓ રોમાંચક હતી. જેમ





સ્વામીશ્રીના ગમનપથમાં પથરાયેલી ગુલાબી પાંખડીઓ સ્વર્ણિમ થતી ગઈ, મણકાઓ એક સૂત્રમાં પરોવાયા. એકતા અને પરિવર્તનના આ સંદેશ સાથે ગૃહમંત્રીશ્રી, મુખ્યમંત્રીશ્રીએ સ્વામીશ્રી સાથે દીપ પ્રાગટ્ય કર્યું...

જેમ તેઓનો રથ સ્ટેડિયમની પરિધિમાં આગળ વધતો ગયો તેમ તેમ માર્ગમાં રહેલી વિશાળકાય ગુલાબની પાંખડીઓ જાણે સુવર્ણની પાંખડીઓ બની જવા લાગી. સત્પુરુષના સંગે પરિવર્તનનો સંદેશ આપતી આ પ્રસ્તુતિ અદ્‌ભુત હતી. વળી, સ્ટેડિયમના મેદાનમાં વીખરાયેલા માળાના વિશાળકાય મણકા સ્વામીશ્રીના રથની ગતિ સાથે ક્રમશઃ જોડાતા ગયા અને એક વિશાળ માળા બની ગયા. સત્પુરુષ સૌને એક માળામાં ગૂંથે છે એવો સંદેશ અહીં પડઘાતો હતો. અદ્‌ભુત સંગીત અને શબ્દોની જુગલબંધી સાથે ૯૫૫ બાળ-યુવા કાર્યકરો દ્વારા રજૂ કરાયેલી આ વિશિષ્ટ પ્રસ્તુતિ સૌને રોમાંચિત કરી ગઈ. ચાર મહિનાની મહેનતને અંતે તૈયાર થયેલાં વિશાળકાય ૫૫૦ પુષ્પ-પાંખડીઓ અને ૨૨૫ મણકા ખૂબ આકર્ષક લાગતાં હતાં. *'આનંદ છાયો રે, સુવર્ણ મહોત્સવ આંગણ આયો રે...'*ના શબ્દો સાથે નૃત્યાંજલિથી સમગ્ર સ્ટેડિયમ ઊર્જા-ઉલ્લાસ-ઉત્સાહથી આલોકિત થઈ ઊઠ્યું હતું.

સૌ પર આશીર્વાદ વરસાવતા સ્વામીશ્રી જાણે સૌનાં ભાવથી દર્શન કરતા હોય એ રીતે રથમાં સમગ્ર સ્ટેડિયમનું એક ચક્ર પૂર્ણ કરીને મંચ પર પધાર્યા.

આજના વિષય-વસ્તુને કેન્દ્રમાં રાખીને રચાયેલા વિશિષ્ટ મંચ પર સ્વામીશ્રી પધાર્યા એ દરમ્યાન પૂજ્ય આનંદસ્વરૂપદાસ સ્વામીએ સંબોધન કર્યું. છેલ્લા પાંચ-પાંચ દશકોથી સમાજ, સંસ્કૃતિ અને રાષ્ટ્રની સેવામાં કાર્યરત અને માનવતાની મશાલ લઈને જાગૃતિના જ્યોતિર્ધરની ભૂમિકા નિભાવી રહેલા બી.એ.પી.એસ.ના લાખો કાર્યકરોનો પરિચય આપતાં પૂજ્ય આનંદસ્વરૂપદાસ સ્વામીએ કહ્યું, 'આ બધા જ બી.એ.પી.એસ. સંસ્થાના સમર્પિત કાર્યકરો છે. આ કાર્યકરો માટે પ્રમુખસ્વામી મહારાજે કહ્યું હતું, 'આ કાર્યકરોને હું કરોડ દંડવત-પ્રણામ કરું તો પણ ઓછા છે.' બી.એ.પી.એસ.ના આ કાર્યકરોના તનમાં તમન્ના, મનમાં

માનવતા અને વાણીમાં વિનમ્રતા છે. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે પણ અનેકવાર કાર્યકરોની સમર્પણગાથાને બિરદાવી છે.'

કાર્યકરોના ઉત્સાહમાં વધારો કરતાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ મંચ પર પધાર્યા. ભગવાન સ્વામિનારાયણે વચનામૃતમાં ગુણાતીત સત્પુરુષને કલ્પવૃક્ષની ઉપમા આપી છે. આજે કાર્યકર સુવર્ણ મહોત્સવના મંચની પાર્શ્વભૂમાં કલ્પવૃક્ષના પ્રતીકસમું વૃક્ષ શોભી રહ્યું હતું. તેની નિશ્રામાં જંગમ કલ્પવૃક્ષ સમાન મહંત સ્વામી મહારાજ બિરાજ્યા. સાથે કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહ, ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, ગુજરાતના રાજકીય નેતાઓ, પૂર્વમંત્રીશ્રીઓ તથા વરિષ્ઠ સંતવર્યો પૂજ્ય ડૉક્ટર સ્વામી, પૂજ્ય કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામી, પૂજ્ય ત્યાગવલ્લભદાસ સ્વામી, પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી, પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામી, પૂજ્ય ઘનશ્યામચરણદાસ સ્વામી વગેરે આસનસ્થ થયા. કાર્યકરોએ બુલંદ જયનાદોથી સૌનું અભિવાદન કર્યું. પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ પુષ્પહાર પહેરાવી પ્રથમ સ્વામીશ્રીને વંદના કરી. ત્યારબાદ પુષ્પહાર અને સ્મૃતિભેટ અર્પીને સૌ મહાનુભાવોને સત્કાર્યા.


સત્કારવિધિ બાદ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ, અમિતભાઈ તથા ભૂપેન્દ્રભાઈએ દીપ પ્રાગટ્ય કરીને આજના સમારોહની ગરિમામાં અભિવૃદ્ધિ કરતાં તેનું ઉદ્‌ઘાટન કર્યું ત્યારે સૌએ બુલંદ જયનાદોથી આ ક્ષણને વધાવી હતી.

આજના આંતરરાષ્ટ્રીય મહોત્સવમાં ભારતના માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ચ્યુઅલ વીડિયોના માધ્યમથી સૌ કાર્યકરોને હૃદયથી બિરદાવતાં જણાવ્યું: 'જય સ્વામિનારાયણ! કાર્યકર સુવર્ણ મહોત્સવના આ અવસરે હું ભગવાન સ્વામિનારાયણનાં ચરણોમાં પ્રણામ કરું છું. આજે પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની ૧૦૩મી જન્મ જયંતીનો મહોત્સવ પણ છે. હું ગુરુહરિ પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજને પણ નમન કરું છું. ભગવાન સ્વામિનારાયણની શીખ અને પ્રમુખસ્વામી મહારાજના સંકલ્પ આજે પરમ પૂજ્ય ગુરુહરિ મહંત સ્વામી મહારાજનાં શ્રમ અને સમર્પણથી સફળ થઈ રહ્યા છે. હું આજે તમારી વચ્ચે પ્રત્યક્ષ હાજર રહી શક્યો નથી, પરંતુ આ

## હૃદય શુદ્ધ, તો બધું સિદ્ધ થશે...

**પૂજ્ય ડૉક્ટર સ્વામી**

(બી.એ.પી.એસ. સંસ્થા)



'મારા જીવનમાં આ પ્રકારના મહોત્સવનું દર્શન હું પહેલીવાર કરી રહ્યો છું. તેનું મૂળ કારણ છે, ભગવાન સ્વામિનારાયણ. ભગવાન સ્વામિનારાયણે ૧૧ વર્ષની ઉંમરે ગૃહત્યાગ કર્યો અને ૭ વર્ષ સુધી સમગ્ર ભારતમાં વિચરણ કર્યું. એ પરંપરામાં ગુણાતીતાનંદ સ્વામી, ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ, પ્રમુખસ્વામી મહારાજ અને આજે મહંત સ્વામી મહારાજ આ કાર્યને આગળ વધારી રહ્યા છે.

સૌ પ્રથમ વાત છે - આપણા જીવનને શુદ્ધ બનાવવું. આપણું હૃદય શુદ્ધ હશે તો તેમાં રહીને ભગવાન કાર્ય કરશે. ભગવાનને કોઈ વસ્તુની જરૂર નથી, પરંતુ એક વાતની જરૂરત છે, અને તે છે - આપણે આપણું હૃદય શુદ્ધ રાખીએ. હૃદય શુદ્ધ કરવા માટે આપને જે ભગવાનમાં શ્રદ્ધા હોય તેનું નિત્ય સ્મરણ કરો. સ્મરણ કરવું એટલે માત્ર ભગવાનનું નામ લેવું એટલો અર્થ મર્યાદિત નથી, પરંતુ સ્મરણ કરવું એટલે એવું સતત અનુસંધાન કે 'એ ભગવાન મારી સાથે છે, એ ભગવાન મને જુએ છે, મને જાણે છે અને મારા પ્રત્યેક કાર્યનું ફળ આપે છે.'

બીજી બાબત એ છે કે કોઈ નાનું, કોઈ મોટું, કોઈ ગરીબ, કોઈ તવંગર એવા ભેદભાવોને બદલે સૌમાં ભગવાન નિવાસ કરે છે - આમ સમજીને સૌનો આદર કરવો જોઈએ. આપણા ઋષિમુનિઓએ 'માતૃદેવો ભવ, પિતૃદેવો ભવ, આચાર્ય દેવો ભવ' આદેશ આપ્યો છે. રંગઅવધૂત મહારાજે 'પરસ્પર દેવો ભવ'ની પાંચમી વાત આપણને દર્શાવી. આવી ઘણી વાતો ભગવાન સ્વામિનારાયણ અને ગુરુપરંપરાએ આપણને સમજાવી છે.

આપ સૌમાં અનંત શક્તિ છે. તેને પ્રકટ કરવા માટે હૃદયનું શુદ્ધ હોવું આવશ્યક છે. જેનું હૃદય શુદ્ધ થયું છે તેની તાકાત આખી દુનિયામાં વધી છે. પ્રમુખસ્વામી મહારાજ માત્ર ૬ ધોરણ ગુજરાતી ભણ્યા હતા. પરંતુ તેમણે કેવાં મોટાં મોટાં કાર્યો કર્યાં! તેનું કારણ હતું - તેઓનું શુદ્ધ હૃદય. મગજમાં ગાંઠ હોય તો કેટલી તકલીફ થાય! એવી જ રીતે આજે જે સમસ્યા છે તે હૃદયની અશુદ્ધિને કારણે છે. આથી અંદરની શુદ્ધિ કરવી આવશ્યક છે. આ મહોત્સવનો સંદેશ છે કે આપણે આપણા જીવનને પવિત્ર બનાવીએ.' ◆



# ગાથા બીજની

મહોત્સવની ઊર્જા હું દિલથી અનુભવી રહ્યો છું.' એમ કહીને માનનીય વડાપ્રધાનશ્રીએ સતત ૨૦ મિનિટ સુધી કાર્યકરોને બિરદાવતાં ઉત્સાહ પ્રેરક સંબોધન કર્યું.

આજે ગૌરવની વાત એ હતી કે સરકાર દ્વારા પ્રસારિત નમો એપ પર સેવા, શ્રદ્ધા અને સમર્પણ નામે એક અનોખા મોડ્યુલને કાર્યકર સુવર્ણ મહોત્સવના ઉપક્રમે બી.એ.પી.એસ.ના કાર્યકરો માટે લોન્ચ કરવામાં આવ્યું હતું. બી.એ.પી.એસ.ના કાર્યકરો રાષ્ટ્રનિર્માણની દિશામાં જે સેવાકાર્ય કરશે તે સીધું જ પ્રધાનમંત્રીશ્રીને પહોંચશે. કાર્યકર્તાઓના આ પ્રયાસની સરાહના કરીને પ્રધાનમંત્રીશ્રી વિશેષ સ્મૃતિચિહ્નરૂપે સન્માનપત્ર પણ આપશે.

આજના ઐતિહાસિક અવસરે સ્વામીશ્રીનાં કરકમળો દ્વારા બ્રહ્મસ્વરૂપ શ્રી પ્રમુખસ્વામી મહારાજનું વિસ્તૃત જીવનચરિત્ર (ભાગ-૧૦), કાર્યકર સુવર્ણગાથા પુસ્તક, કાર્યકર સુવર્ણ મહોત્સવ ગીતમાલા (ઓડિયો) અને 'સ્વામિનારાયણ પ્રકાશ એપ'નું વિધિવત્ ઉદ્‌ઘાટન થયું હતું.

કાર્યકરોની અભિવાદન શૃંખલામાં વરિષ્ઠ સંતવર્ય પૂજ્ય ડૉક્ટર સ્વામીએ પ્રાસંગિક પ્રેરણાવચનો વહાવ્યા.

હવે, 'કાર્યકર સુવર્ણ મહોત્સવ'ના કેન્દ્રવર્તી વિચારને અનુરૂપ કાર્યક્રમ વહેવા લાગ્યો.

## પ્રથમ સોપાન હતું: કાર્યકર પ્રવૃત્તિનું બીજ

આજનો ભવ્ય કાર્યક્રમ મુખ્યત્વે ત્રણ સોપાનમાં વહેંચાયેલો હતો : બીજ, વટવૃક્ષ અને ફળશ્રુતિ.

છેલ્લાં ૧૦૦ કરતાં વધુ વર્ષોથી આરંભાયેલી આ સ્વયંસેવક પરંપરાનું બીજારોપણ અને તેના પોષણની પ્રથમ વિભાગમાં અદ્‌ભુત રજૂઆત થઈ. બી.એ.પી.એસ. સંસ્થાના સ્થાપક બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ અને ત્યારબાદ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજે આ કાર્યકર પ્રવૃત્તિનાં બીજ રોપ્યાં અને ક્રમશઃ આ સત્પુરુષોનાં પ્રેમ, હૂંફ અને પોષણ મળતાં આ બીજ અંકુરિત થતાં ગયાં.

જે રીતે ગંગા પ્રારંભિક સ્થિતિમાં ગંગોત્રીની પાતળી ધારાના રૂપમાં દૃષ્ટિગોચર થાય છે, એ રીતે આજે વિશ્વમાં ફેલાયેલી બી.એ.પી.એસ. કાર્યકર પ્રવૃત્તિ તેની પ્રારંભિક સ્થિતિમાં એક બીજ માત્ર હતી. એક-એક કાર્યકરની પસંદગી કરી ગુણાતીત સત્પુરુષોએ. પ્રત્યેક કાર્યકરરૂપી બીજને ગુરુઓએ પોષણ આપ્યું. આ ભાવને પ્રદર્શિત કરતો


રંગારંગ કાર્યક્રમ આરંભાયો. તેને પ્રસ્તુત કરતું ૧૬૦×૧૪૦ મીટરનું વિશાળ મેદાન રંગમંચ બની ગયું. ૭૦થી વધારે પ્રોજેક્ટરની પ્રોજેક્શન-રજૂઆતની સંગતે બાળ-યુવા કલાકારો બીજરૂપે આવ્યા. સત્પુરુષોની પ્રેમલધારાઓથી પોષાયેલા કાર્યકરોરૂપી બીજનાં મૂળિયાં ધીમે ધીમે વિસ્તરીને દેશની સીમાઓ પાર પહોંચ્યા અને વર્તમાન સમયે તે બીજ વિશાળ બી.એ.પી.એસ. પરિવારમાં નવપલ્લવિત થયું. આ રોમાંચકારી પ્રસ્તુતિ સાથે પંક્તિઓ પણ ગુંજતી રહી...

ગુરુદેવોનાં પ્રેમજલથી સંપોષિત બી.એ.પી.એસ. કાર્યકર પ્રવૃત્તિનો ઇતિહાસ પણ અદ્ભુત છે. તેના ભવ્ય ઇતિહાસના અતીતની ઝાંખી કરી વીડિયોના માધ્યમથી, જેમાં શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજ તથા તેમના સમયના જૂના સમર્પિત કાર્યકરોની સ્મૃતિ કરવામાં આવી. બી.એ.પી.એસ. સંસ્થાના આંતરરાષ્ટ્રીય સંયોજક અને કાર્યકરોના માળખાના પાયાના પથ્થર સમાન પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ ઇતિહાસને ઉજાગર કરતાં બધા કાર્યકરોને ખૂબ ખૂબ અભિનંદન આપીને આ વિશાળ વટવૃક્ષના બીજનું સુંદર સ્મરણ કર્યું.



## આ છે, સંસ્થાનું બીજારોપણ...

**પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી**
(સંયોજક, બી.એ.પી.એસ. સંસ્થા)



દૂર દૂરથી તમે કષ્ટ સહન કરીને કાર્યકર સુવર્ણ મહોત્સવમાં પધાર્યા છો. તેનું બીજારોપણ શાસ્ત્રીજી મહારાજના સમયથી થયું છે. શાસ્ત્રીજી મહારાજ અસાધારણ અને પવિત્ર સત્પુરુષ હતા. તેઓની કૃપા અને આશીર્વાદથી હજારો યુવકો અને હરિભક્તો સેવામાં જોડાઈ ગયા. સૌના સામૂહિક પ્રયાસથી અને શાસ્ત્રીજી મહારાજના આશીર્વાદથી ૧૦૦ વર્ષ પહેલાં બોચાસણ, સારંગપુર, ગોંડલ, અટલાદરામાં મંદિરોનું નિર્માણકાર્ય થયું. તેમાં ભક્તોએ તન, મન અને ધનથી સેવા કરી. તે બધાના હૃદયમાં ઉત્સાહ હતો કે ગુરુહરિની પ્રસન્નતા પ્રાપ્ત કરવી છે.

તેમના અનુગામી યોગીજી મહારાજ તો પ્રેમી અને દયાળુ સંત હતા. તેઓના વાત્સલ્યથી યુવાનો ખેંચાયા. યોગીજી મહારાજનો સંકલ્પ હતો કે બધાને ભગવદ્-ભક્તિ અને સત્સંગમાં જોડવા છે. કારણ કે જીવનની સાર્થકતા સત્સંગ અને ભક્તિ દ્વારા જ છે. યોગીજી મહારાજે યુવાવર્ગને ખૂબ પ્રેમ આપીને, હજારો પત્રો લખીને ખૂબ પ્રેરણા આપી હતી. તેઓએ સેંકડો બાળમંડળ, યુવામંડળ અને સત્સંગમંડળની સ્થાપના કરી. તેમાં અઠવાડિક સત્સંગસભાની શરૂઆત કરી. આજે લગભગ ૨૧,૦૦૦ કેન્દ્રોમાં આ સભા થાય છે. યોગીજી મહારાજે બધાને સેવા કરવાની પ્રેરણા આપી. તેઓએ એકદમ નાનામાં નાની સેવા કરવાની પ્રેરણા આપી. તેનું કારણ એ જ હતું કે આપણા હૃદયમાં જે અહંભાવ છે તે નીકળી જાય અને આપણે શુદ્ધ બનીને, આત્મારૂપ બનીને ભગવદ્-ભક્તિ અને સત્સંગ કરી શકીએ.

પ્રમુખસ્વામી મહારાજે ૫૦ વર્ષ સુધી સમગ્ર વિશ્વમાં વિચરણ કરીને, ઘરે ઘરે પધરામણીઓ કરીને લાખો યુવાનોને પ્રેરણા આપી છે. આજે આપણે તેમની દિવ્યતા, સાધુતા અને સહનશક્તિના ઉત્કૃષ્ટ ગુણોના લીધે સત્સંગમાં જોડાયેલા છીએ. ગુણાતીત ગુરુવર્યોએ યુવાનોને વાત્સલ્ય આપીને તેઓના હૃદયમાં ભક્તિ અને સત્સંગનું બીજારોપણ કર્યું છે. પ્રમુખસ્વામી મહારાજે ખૂબ પુરુષાર્થ કર્યો છે, પરિણામ સ્વરૂપે આજે આપણે સુવર્ણ મહોત્સવ ઊજવી રહ્યા છીએ. ગુણાતીત ગુરુવર્યોની આજ્ઞાનું પાલન કરીને આપણે સત્સંગ, ભક્તિ, સેવા કરતા રહીએ અને તે દ્વારા ગુરુની પ્રસન્નતા મેળવીએ, એ જ આપણું કર્તવ્ય છે.' ◆



# ગાથા વૃક્ષની

## દ્વિતીય સોપાન હતું: વૃક્ષ

બીજ તો વવાય, પરંતુ તે વૃક્ષમાં ત્યારે જ પરિણમે છે જ્યારે તેની માવજત કરવામાં આવે. માળીની જેમ આ માવજત કરી છે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે. પ્રેમ, પ્રેરણા, પરિશ્રમ અને પ્રોત્સાહનના પાણી દ્વારા કાર્યકર્તારૂપી બીજને અંકુરિત કરી આજે બી.એ.પી.એસ.ના એક લાખથી વધુ કાર્યકરોના કૌશલ્યને વિકસિત કરવામાં પ્રમુખસ્વામી મહારાજે જે પુરુષાર્થ કર્યો છે તેનો પણ એક બૃહદ્ અધ્યાય છે. આ કાર્યકરોના શિલ્પી સ્વામીશ્રીએ એક એક કાર્યકરના આર્થિક વ્યવહારથી લઈને મોક્ષ સુધીની ચિંતા કરી છે. અરે! ઝાડુ વાળવાનું માર્ગદર્શન, અન્ય લોકો સાથે કેવો વર્તાવ રાખવો? જેવી અનેકવિધ પ્રેરણાઓ આપીને કાર્યકરને અને તેના દ્વારા વિવિધ સેવાપ્રવૃત્તિને નવપલ્લવિત, સુવિકસિત કરી છે. તેની એક અનુપમ ગાથાની પ્રસ્તુતિ ચિત્રપટ દ્વારા થઈ. હજારો કાર્યકરો પૈકી કેટલાક કાર્યકરોએ સ્વામીશ્રીએ પોતાની કરેલી ખેવનાના સ્વાનુભવો વીડિયો-ઇન્ટરવ્યૂ દ્વારા વર્ણવ્યા.

પ્રમુખસ્વામી મહારાજના પરિશ્રમથી આજે બી.એ.પી.એસ. કાર્યકર પ્રવૃત્તિ વૃક્ષોના એક વિશાળ ઉપવન રૂપે લહેરાઈ રહી છે. ઉપવનમાં દરેક વૃક્ષ રૂપ-રંગ-ઢંગથી એકબીજાથી અલગ છે, તેમ બીજમાંથી વૃક્ષ બની વિકસેલ કાર્યકર અને તેમની પ્રવૃત્તિની પણ વિવિધતાઓ છે. દેશ-પરદેશ, ગામ-શહેર, ખેડૂત-વિજ્ઞાની કાર્યકરો પણ સ્વામીશ્રીનું સર્જન છે. વૃક્ષની જેમ અનેક વિપરીત પરિસ્થિતિઓમાં પણ અડીખમ ઊભા રહીને આ કાર્યકરો સમાજને છત્રછાયા આપી રહ્યા છે, કારણ કે તેના મૂળમાં સત્ય, સેવા, શ્રદ્ધા અને નમ્રતા આદિ અનેક ગુણોનું સિંચન સ્વામીશ્રીએ કર્યું છે. વિવિધ વૃક્ષોની પ્રતિકૃતિઓ સાથે ગ્રાઉન્ડ પર વૃક્ષ સમાન કાર્યકરોની જીવનશૈલીને નૃત્ય સ્વરૂપે અને અદ્‌ભુત એઆઈ લાઈટિંગના સુમેળથી એક પ્રભાવક અને દિલધડક પ્રસ્તુતિ થઈ. સાથે સાથે એક લાખ કંઠમાં સ્વરોની મધુર સુરાવલિઓ ગુંજવા લાગી...

हर श्वास में मानवता के मूल्य सनातन,
यही बीएपीएस के कार्यकरों का जीवन...
सुख दुःख की आंधी में निश्चल हो दृढ मन,
यही बीएपीएस के कार्यकरों का जीवन...

સૌને દંગ કરતું અદ્‌ભુત લાઈટિંગ, રિસ્ટ બેલ્ટના

તેજપુંજના થનગનાટમાં ઝૂમતું સ્ટેડિયમનું વિશાળ ગ્રાઉન્ડ, નૃત્યકર્તાની અદ્‌ભુત પ્રસ્તુતિઓ, મેદાનમાં પથરાયેલા વિશાળ સ્ક્રીન પરનાં ચિત્રપટો, આહ્‌લાદક બેકગ્રાઉન્ડ મ્યુઝિકની સાથે થતું સમૂહગાન, આ બધાનું અપૂર્વ અને અદ્‌ભુત સંયોજન ટેક્નોલોજીની ટોચ પર બેઠેલા માંધાતાને પણ દંગ કરી દેતું હતું.

પડકારોની સામે પહાડની જેમ અડગ ઊભા રહેતા બી.એ.પી.એસ.ના ધર્મવીર અને કર્મવીર કાર્યકરોની મહિમાગાથાનું વર્ણન વ્યક્તવ્યો દ્વારા કરાયું. આ શૃંખલામાં અનેક વિપદાઓ વચ્ચે સેવાની જ્યોત ઝળહળતી રાખનાર બી.એ.પી.એસ. મહિલાપાંખનાં હજારો કાર્યકરો પૈકીના કેટલાક જીવન-પ્રસંગોનું આચમન શ્રી જયેશભાઈ માંડણકાએ કરાવ્યું. આ શૃંખલામાં અક્ષરવત્સલદાસ સ્વામીએ અનેક કષ્ટો અને વિપરીત સંજોગોના વાવાઝોડા વચ્ચે પણ અડગ વૃક્ષની જેમ કર્તવ્યવાન અને સેવાનિષ્ઠ રહેનાર કાર્યકરોના પ્રસંગો વર્ણવ્યા. તે પ્રસંગોને આનુષંગિક એક સત્ય ઘટના આધારિત વીડિયો-ડોક્યુમેન્ટરી દ્વારા પ્રસ્તુતિ થઈ. લાઠીદડના બાળ નિર્દેશક શ્રી નીલેશભાઈ રાઠોડ અનેક વિપરીત પરિસ્થિતિમાં નિશ્ચલ, નિર્ભય અને અટલ રહીને બાળમંડળમાં સેવારત રહ્યા. આ હરિભક્તની સેવાગાથાને સન્મુખ બેઠેલા એક લાખ કાર્યકરોએ તન્મયતાથી માણી. સૌ કાર્યકરો પણ નીલેશભાઈના પ્રતીકરૂપ જ હતા ને!

બી.એ.પી.એસ.ના દરેક કર્તવ્યનિષ્ઠ કાર્યકરનું જીવન એક ચમત્કાર અને પ્રેરણારૂપ છે. આવી લાગણીઓને અભિવ્યક્ત કરતી સેવાગાથાની શાનદાર વીડિયો રજૂઆત થઈ.



# ભક્તિની શક્તિનું પરિણામ...

**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ** (મુખ્યમંત્રીશ્રી, ગુજરાત)

બોચાસણથી શરૂ કરી, દેશ-વિદેશનાં બેનમૂન બી.એ.પી.એસ. મંદિરોથી લઈને વર્તમાનમાં આરબ દેશમાં નવનિર્મિત નૂતન હિન્દુ મંદિર જોઈએ ત્યારે સનાતન ધર્મનો ખરા અર્થમાં જય જયકાર થયેલો જણાય છે.

સનાતન ધર્મ, સંસ્કૃતિ અને સમાજ ઉત્થાન માટે સતત પ્રવૃત્ત ગુરુજનોની આ વિરાસતને આપણે આગળ લઈ જવાની છે. આ કાર્યક્રમ સુવર્ણ મહોત્સવ નવા ભારતના નિર્માણનો પ્રેરક ઉત્સવ છે. નવા ભારતના નિર્માણની સાથે આપણી વિરાસત સમાં સાંસ્કૃતિક મૂલ્યોના જતન ઉપરાંત તેની સાથે જોડાયેલા રહેવું એ પણ એટલું જ આવશ્યક છે. આ સંપ્રદાયે ભારતીય ઋષિ સંસ્કૃતિને બચાવવાનું ભગીરથ કાર્ય કર્યું છે. આ સંપ્રદાય દ્વારા યુવા પેઢીને વ્યસનમુક્ત અને સુસંસ્કારી બનાવવાનું મહાઅભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. આવાં અભિયાનો, મહાન સામાજિક કાર્યો, સુસંસ્કારી કાર્યકરોના નિર્માણથી જ શક્ય બને છે.

બી.એ.પી.એસ.ના સંતો, હરિભક્તો, યુવાનો અને બાળકોની અમીટ છાપ જનમાનસ પર છે. શાસ્ત્રીજી મહારાજ, યોગીબાપા અને પ્રમુખસ્વામી મહારાજે આ સંસ્થાના મજબૂત પાયા નાખ્યા છે. આજથી પાંચ દાયકા પૂર્વે પ્રમુખસ્વામી મહારાજે સમાજ-નિર્માણ, રાષ્ટ્ર-નિર્માણ માટે કાર્યકરોના નિર્માણની અદ્‌ભુત અને સુવ્યવસ્થિત પરંપરાનો પ્રારંભ કર્યો હતો. માત્ર ૧૧ કાર્યકરોથી શરૂ થયેલી આ યાત્રામાં આજે પૂજ્ય મહંત સ્વામીની નિશ્રામાં એક લાખ કાર્યકરો નિઃસ્વાર્થપણે સમાજસેવામાં કાર્યરત છે. માત્ર ભારત જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વમાં ભગવાન સ્વામિનારાયણના સિદ્ધાંતો, હિન્દુ ધર્મનું ગૌરવ વધારવામાં બી.એ.પી.એસ. સંસ્થાનો અનન્ય ફાળો છે.

ગુજરાતના આદિવાસી ક્ષેત્રથી લઈને અમેરિકા સુધીની વિસ્તરેલી બી.એ.પી.એસ. સંસ્થાની અનેકવિધ સામાજિક, આધ્યાત્મિક સેવા પ્રવૃત્તિઓ સંપ્રદાયનું ગૌરવગાન કરે છે. અમેરિકાના શિકાગો, લોસ એન્જલસ અને રોબિન્સવિલમાં અક્ષરધામ અને યુ.એ.ઈ.માં સ્વામિનારાયણ હિન્દુ મંદિર એ બી.એ.પી.એસ.ની ભક્તિની શક્તિનું પરિણામ છે.' ◆



# ગાથા ફળની

**ત્રીજું સોપાન હતું: ફળ, શાંતિમય વિશ્વ**

બી.એ.પી.એસ. સંસ્થાના સેવાનિષ્ઠ કાર્યકરોની નિઃસ્વાર્થ સેવાઓનાં મીઠાં ફળ દેશ-વિદેશના સમાજના કરોડો લોકો માણી રહ્યા છે, તેની દિલધડક પ્રસ્તુતિ આ સોપાનમાં આરંભાઈ. જમીન પર તો ફળ થાય, પરંતુ આકાશમાં ફળ ઉગાડવા જેવી અશક્ય લાગતી બાબતોને પોતાના સમર્પણ અને નિષ્ઠાથી સાકાર કરનાર આ કાર્યકરો છે. આ ફળ કોઈ વ્યક્તિગત પુરસ્કાર નથી પણ અનેક પ્રકારના સામાજિક લાભ છે, જે સમગ્ર માનવજાતને આ કાર્યકરો દ્વારા પ્રાપ્ત થતા રહે છે. આ ફળમાં સ્વાર્થનો સ્વાદ નહીં, પરંતુ પરમાર્થનો આસ્વાદ છે.

મેદાન પર કલાકારોનાં કલાકૌવત દ્વારા પ્રતીકાત્મક રીતે પ્રસ્તુતિ આરંભાઈ. વિવિધ પ્રકારનાં વૃક્ષોને ધારણ કરીને થીરકતા યુવાનો, નૃત્ય-પ્રસ્તુતિ વચ્ચે સોળે કળાએ ખીલેલાં ભાતભાતનાં પુષ્પો અને રસદાર ફળોથી મેદાન ભરાઈ ગયું. અન્યને બધું આપીને પોતાનું ન્યોછાવર કરનારા આ પુણ્યાત્માઓએ તેમની પવિત્રતાથી સમગ્ર વિશ્વને પવિત્ર હૃદયથી ભરી દીધું છે. ગુલાબની બિડાયેલી પાંખડીઓમાંથી સફેદ અને લાલ રંગના હૃદયાકાર ફુગ્ગાઓ ગગનગામી થયા. ફુગ્ગા જેમ ગગનગામી થતા ગયા તેમ તેમ સૌના ઉત્સાહનાદ અને તાલીનાદ બેવડાતા ગયા. હૃદયંગમ અને વેધક પ્રસ્તુતિ બાદ મેદાન પર પથરાયેલા સ્ક્રીન પર સંસ્થા દ્વારા થયેલાં અનેકવિધ લોકસેવાનાં કાર્યોની છબિઓની દૃશ્યાવલિ પથરાવા લાગી. ફરીથી કીર્તનની કડીઓ ગુંજવા લાગી...


सेवा से स्वर्ग करें धरती का आंगन,
यही बीएपीएस के कार्यकरों का जीवन...
गुरु महंतजी से है पहचान सनातन,
यही बीएपीएस के कार्यकरों का जीवन...

આજે જાણે સમગ્ર વિશ્વ આ કાર્યકરોની સેવા, શ્રદ્ધા અને આધ્યાત્મિકતાનો ઉત્સવ મનાવી રહ્યું હોય તેમ મેદાન પર આ વિશ્વ સંદેશને સાંકળીને પ્રસ્તુતિકર્તાઓએ વિવિધ દેશના રાષ્ટ્રધ્વજ લહેરાવીને શાખ પુરાવી.

આ કાર્યકરોની મહત્તા તેમનાં કાર્યો અને ઉપલબ્ધિઓમાં નહીં પણ સાધનામંત્ર 'અક્ષરમ્ અહં પુરુષોત્તમદાસોસ્મિ'માં છે. ગ્રાઉન્ડમાં વિશિષ્ટ લાઈટિંગની કરામત દ્વારા મંત્ર અંકિત થયો ત્યારે તો સૌ મંત્રમુગ્ધ બની ગયા. બી.એ.પી.એસ.ના

એક એક કાર્યકરમાં છલકતા દૈવતની ઝલક સૌએ નિહાળી.

હવે, ફળ વિષયક વિશિષ્ટ પ્રસ્તુતિ બાદ પૂજ્ય બ્રહ્મવિહારીદાસ સ્વામીએ બી.એ.પી.એસ.ના કાર્યકરની વિશેષતાઓ વર્ણવીઃ એક કાર્યકર હોય તો આખું ગામ પરિવર્તિત કરી શકે, માત્ર દસ કાર્યકર હોય તો આખા સમુદાયને બદલી શકે, માત્ર ૬૫ કાર્યકર હોય તો યુક્રેનના યુદ્ધના માહોલમાં ભારતીયો તેમજ અન્ય લોકોની સેવા કરવા માટે પોલેન્ડની બોર્ડર પર પહોંચીને ચાર હજારથી વધુ લોકોની સહાય કરે છે અને ૮૦,૦૦૦ સ્વયંસેવકો હોય તો ૬૦૦ એકરમાં પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવનું અજોડ સ્વામિનારાયણ નગર રચી શકે છે, જેમાં લાખો લોકોને જીવન પરિવર્તનની પ્રેરણા મળી. આમ જણાવી તેમણે વડાપ્રધાનશ્રીના સૂચનથી યુક્રેનની બોર્ડર ઉપર સ્વયંસેવકોએ કરેલી સેવાનો વિશિષ્ટ અધ્યાય વર્ણવ્યો. બી.એ.પી.એસ.ના એક સ્વયંસેવક શશિકાંતભાઈ પટેલ હોય, યુક્રેનની બોર્ડર પર ૬૫ સ્વયંસેવકો હોય કે સ્વામિનારાયણ નગરની રચનામાં ૮૦,૦૦૦ સ્વયંસેવકો હોય, દરેક બાબત સૌને અચંબિત કરી દેનારી બની રહી



# અહીં સૌનો વિજય અને વિજય જ છે...

**શ્રી અમિતભાઈ શાહ** (ગૃહપ્રધાનશ્રી, ભારત)

આ નરેન્દ્ર મોદી સ્ટેડિયમ, વિશ્વનું સૌથી વિશાળ સ્ટેડિયમ છે. આનું નિર્માણ ચાલતું હતું ત્યારે પણ હું આવ્યો હતો, બન્યા પછી પણ આવ્યો છું અને અનેક મેચોમાં મેં અહીં જય-પરાજયના ખેલ જોયા છે, પરંતુ આજનો આ કાર્યક્રમ મણિકંચન યોગ છે. પ્રમુખસ્વામી મહારાજની ૧૦૩મી જયંતી છે અને બી.એ.પી.એસ. કાર્યકર્તાઓનો સુવર્ણ મહોત્સવ છે. અહીં ન જય છે, ન પરાજય છે. પ્રમુખસ્વામીના આશીર્વાદથી અહીં વિજય જ વિજય છે. અહીં સૌના વિજય માટે કામ થઈ રહ્યું છે.

આજે હું સૌ પહેલાં બી.એ.પી.એસ.ની સંપૂર્ણ ગુરુપરંપરાનાં શ્રીચરણોમાં પ્રણામ કરી મારી વાતની શરૂઆત કરું છું. ભગવાન સ્વામિનારાયણથી શરૂ થયેલો આ સંપ્રદાય મૂળ વૈદિક પરંપરા, વૈષ્ણવ સંપ્રદાયથી પ્રેરિત રહ્યો છે. આ સંપ્રદાયમાં બી.એ.પી.એસ. સંસ્થાએ સમાજમાં ભક્તિ-આધ્યાત્મિકતાની સાથે સાથે સમાજસેવાનો સંગમ કરવાનું કાર્ય કર્યું છે. જ્યારે હું બી.એ.પી.એસ.ના સંપર્કમાં આવ્યો ત્યારે પ્રમુખસ્વામી મહારાજના સંપર્કમાં પણ આવ્યો. હું આજે સ્વીકાર કરું છું કે મારા જીવનમાં જ્યારે પણ સંકટ આવ્યું ત્યારે સૌથી પહેલો ફોન જો કોઈનો આવ્યો હોય, તો તે પ્રમુખસ્વામી મહારાજનો હતો. તેઓ એક જ વાક્ય હંમેશાં કહેતા - ભગવાન બધું બરોબર કરશે, ચિંતા ન કરશો. આજે હું લાખો લોકો સમક્ષ આ વાત સ્વીકારું છું કે એ વાક્યે મને જીવનમાં દરેક સંકટ સામે દૃઢતાથી લડવાની પ્રેરણા આપી છે, આના કારણે દરેક સંકટને પાર કરવાની પ્રેરણા મળી છે. ૧૮ વર્ષની કુમળી વયે જીવન ત્યાગીને સ્વામીજીએ ફોર્મલ શિક્ષણ ખૂબ જ ઓછું લીધું હતું, પરંતુ ગુરુની સેવા, ગુરુની નિશ્રા, ગુરુની કૃપાથી એક વિશાળ વ્યક્તિત્વ આખા ભારતને મળ્યું, જેમણે આદિ શંકર બાદ સંન્યાસ સંસ્થામાં પહેલીવાર ડિસિપ્લિન લાવવાનું કાર્ય કર્યું અને સંન્યાસીઓને સેવા-અભિમુખ બનાવ્યા.

છે. તેનો અનુભવ સૌએ તેને અનુરૂપ વીડિયો શો દ્વારા કર્યો. 'પાવર ઓફ વન' વીડિયો પ્રસ્તુતિ દ્વારા કેટલાંક અદ્‌ભુત ઉદાહરણો પ્રસ્તુત થયાં, જેમ કે, કેલિફોર્નિયાની જેલના ૧૫૦૦ કેદીઓને કોવિડના સમયમાં સારવાર આપનાર ડૉ. દિલીપભાઈ પટેલ, આફ્રિકાની ગરીબ બાળાઓના શિક્ષણ માટે રેસિડેન્શિયલ શાળાઓ ખોલનાર શ્રી સુભાષભાઈ પટેલ, ૩૦૦થી વધુ ઘરોમાં સત્સંગનાં અજવાળાં પહોંચાડનાર ઓસ્ટ્રેલિયાના શ્રી નીલેશભાઈ, બે વર્ષમાં ૫૦૦થી વધુ લોકોને નશામુક્ત કરનાર યુ.કે.ના શ્રી કુલદીપસિંહ, સૌરાષ્ટ્રના બોટાદ જિલ્લાના લાખો દર્દીઓની નિઃશુલ્ક સેવા કરનાર ડૉ. વાઘાણી, ઉકાઈમાં રહીને આદિવાસી બાળકોના શિક્ષણ માટે ૩૦ વર્ષથી સેવા કરી રહેલા શ્રી કૈલાસભાઈ, રોજ ઓછામાં ઓછા એક વ્યક્તિને વ્યસનમુક્ત ન કરાવાય ત્યાં સુધી ભોજન ન લેનાર શ્રી ધનજીભાઈ ઘેલાણી વગેરે પ્રેરક ઉદાહરણોની સુંદર વીડિયો-પ્રસ્તુતિ થઈ.

સંસ્થાનાં સેવાકાર્યો એટલે કે ફળથી વિશેષતઃ ઉપકૃત ગુજરાત રાજ્ય થયું છે. તેથી જ આજે ગુજરાત રાજ્ય વતી

---

પ્રમુખસ્વામી મહારાજે લાખો લોકોના જીવનમાં પ્રેરણા ભરી, વિશ્વાસનો મંત્ર ફૂંક્યો, સંકટનો સામનો કરવાની હિંમત આપી અને પરિણામલક્ષી કાર્ય કર્યું, જેમાં લક્ષ્યમાં પોતે ન હતા, પરંતુ સમાજ હતો. આવા સેવા-કાર્યને આગળ વધારવા માટે સૌને પ્રેરણા આપી. એક જ જીવનમાં તેમણે રચેલાં દેશ-વિદેશનાં ૧૨૦૦થી વધુ મંદિર લોકોનાં જીવનમાં આત્માનો દીપ પ્રકાશિત કરવાનું કાર્ય કરી રહ્યાં છે. પ્રમુખસ્વામી મહારાજનું સૌથી મોટું યોગદાન એ છે કે તેમણે સંસ્કાર પર ભાર મૂક્યો. મેં મારા ક્ષેત્રમાં ઘણી જગ્યાએ જોયું છે કે જે ઘરમાં ઘરસભા થાય છે તે ઘરમાં ક્યારેય કલહ નથી થતો. હંમેશા સંપ રહે છે, એકબીજાને મદદ કરવાની વૃત્તિ જોવા મળે છે. સ્વામીજીએ ઘણા લોકોના જીવનમાં વ્યસનમુક્તિ કરીને એક નવું જીવન આપ્યું. જે વ્યસનમુક્ત થયો, તે માત્ર શરીરના રોગોથી મુક્ત થયો એટલું જ નહીં, પરંતુ તેનું આખું જીવન અને પરિવારનું જીવન પણ ચિંતાથી મુક્ત થયું છે.

સમાજના દુઃખને પોતાનું દુઃખ સમજનારા લાખો કાર્યકર્તાઓનું નિર્માણ કરવું અને સૌને એક લક્ષ્યના માર્ગ પર પ્રેરિત કરવા એ સહેલું કાર્ય નથી. પરંતુ તેમણે હસતાં હસતાં, પોતાનાં ભાષણોથી જ નહીં પોતાના જીવનથી, પોતાનાં વચનોથી જ નહીં પરંતુ પોતાનાં કર્મોથી લાખો કાર્યકર્તાઓને એક માર્ગ પર લઈ જવાનું કાર્ય કર્યું.

શિક્ષણ ક્ષેત્રમાં પણ સ્વામિનારાયણ સંપ્રદાયનું બહુ મોટું યોગદાન રહ્યું છે. આજે જે પ્રસંગ છે, આવો અદ્‌ભુત પ્રસંગ કદાચ વિશ્વમાં ભાગ્યે જ જોવા મળ્યો હશે. શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજે અનેક ચરિત્રો દ્વારા લોકોમાં સદવૃત્તિ પ્રેરિત કરી અને નિર્માણ કરવાનું કાર્ય કર્યું, પરંતુ આ સંગઠન વીખરાયેલું પડ્યું હતું. સન ૧૯૭૨માં પ્રમુખસ્વામી મહારાજે આને સંગઠિત કરવાનું કાર્ય કર્યું, તેને સંસ્થાકીય સ્વરૂપ આપવાનું કાર્ય કર્યું, ઇન્સ્ટિટ્યૂશનલાઇઝ કરવાનું કાર્ય કર્યું. માત્ર ૧૧ કાર્યકર્તાઓથી શરૂ થયેલા આ સંગઠનના લાખો કાર્યકરો આજે આ સ્ટેડિયમમાં ઉપસ્થિત છે, એ જ દર્શાવે છે કે એક સંત જીવનમાં આપણને કેટલું બધું આપી શકે છે.

હું પણ સંગઠનનો વ્યક્તિ રહ્યો છું. એક નાના બૂથના પ્રમુખથી લઈને મારા સંગઠનમાં રાષ્ટ્રીય પ્રમુખ સુધી મેં કાર્ય કર્યું છે. સંગઠન કરવું કેટલું કઠણ છે તે હું જાણું છું. અને અહીં આપણે જોયું છે કે બીજ, વૃક્ષ અને ફળના રૂપમાં આ સંગઠનના એક લાખથી વધુ કાર્યકર્તાઓએ કેવી રીતે આનાં સુફળ સમાજમાં પહોંચાડ્યાં છે! સંસ્કૃતિ, ધર્મ, સમાજ અને સેવા - આ તમામને ચેનલાઇઝ કરવાનું કાર્ય પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાએ કર્યું છે. આજે હું વિશ્વાસ સાથે કહી શકું છું કે સમગ્ર વિશ્વમાં સંસ્કૃતિ, ધર્મ, સમાજ અને સેવાના સંસ્કાર સાથે આ પ્રકારના એક લાખથી વધુ કાર્યકર્તાઓનું સંગઠન કોઈ પણ સ્થળે નહીં મળી શકે. આ અકલ્પનીય છે, અતુલનીય છે.

શાસ્ત્રીજી મહારાજથી શરૂ કરીને પૂજ્ય મહંત સ્વામી મહારાજ સુધી આ ગુરુપરંપરાએ જે અદ્‌ભુત કાર્ય કર્યું છે, તેને મનથી હું પ્રણામ કરીને મારા પ્રણામ પાઠવું છું, મારી શ્રદ્ધા વ્યક્ત કરું છું. જ્યારે સેવાના ક્ષેત્રમાં પ્રવૃત્તિ કરીએ છીએ ત્યારે સજ્જન શક્તિનું સંગઠન જ મોટાં મોટાં લક્ષ્યોને પાર કરી શકે છે, એ આપણે યાદ રાખવું જોઈએ. ભારતની આઝાદીની શતાબ્દી ઊજવાશે ત્યારે મહાન ભારતની રચનાનો સંકલ્પ ૧૪૦ કરોડ ભારતીયોએ નરેન્દ્ર મોદીજીની પ્રેરણાથી લીધો છે. આપણે સૌ સંસ્કૃતિ, ધર્મ, સમાજ અને સેવાના સંકલ્પ સાથે સાથે મહાન ભારતની રચના માટેનો સંકલ્પ પણ આજે લઈએ અને આ દિશામાં આપણા જીવનને પ્રેરિત કરીએ. ફરી એકવાર બી.એ.પી.એસ.ના તમામ કાર્યકર્તાઓને હૃદયથી પ્રણામ અને તમને સૌને અનંત અનંત શુભકામનાઓ. વંદે માતરમ્.'' ◆

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ઉપસ્થિત હતા. તેઓએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં કહ્યું, ‘પ્રમુખસ્વામી મહારાજની ૧૦૩મી જન્મજયંતીના આ દિવ્ય અવસરે ઉપસ્થિત રહેવાની તક મને મળી છે એ મારું સૌભાગ્ય છે. આ ક્ષણે સમગ્ર વિશ્વને શાંતિ, પ્રેમ, કરુણાના સદ્‌ગુણોનો સંદેશ આપનાર બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની સ્મરણવંદના કરું છું. પૂજ્ય શાસ્ત્રીજી મહારાજે સંસ્કારોનું વૃક્ષ વાવ્યું હતું, જેનું જતન-સંવર્ધન પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે કર્યું અને વર્તમાનમાં પૂજ્ય મહંત સ્વામી મહારાજ તે વટવૃક્ષનાં પ્રસાદીરૂપ ફળ માનવ-જગતને આપી રહ્યા છે. મને લાગે છે કે આ કાર્યક્રમ સુવર્ણ કાર્યકરોનો સુવર્ણ મહોત્સવ છે.’

મુખ્યમંત્રીશ્રીના વક્તવ્યની સમાપ્તિ બાદ ભારતના ગૌરવશાળી ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે આ કાર્યકરોને ખૂબ ખૂબ અભિનંદન પાઠવતાં જણાવ્યું હતું, ‘આજે વિશ્વના આ સૌથી વિશાળ સ્ટેડિયમમાં ઉપસ્થિત આપ સૌને મારા જય સ્વામિનારાયણ. આજે પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની ૧૦૩મી જયંતી અને બી.એ.પી.એસ. કાર્યકર્તાઓની ઇન્સ્ટિટ્યૂટશનલાઇઝ્ડ થવાની સુવર્ણ જયંતી પર, પરમ પૂજ્ય મહંત સ્વામીજી અને બી.એ.પી.એસ. સંસ્થાના દેવદુર્લભ એક લાખથી વધુ કાર્યકરોને આજે મારા જય શ્રીરામ.’

ગૃહમંત્રીશ્રીના ઉદ્‌બોધનને સૌએ તાલીનાદથી વધાવી લીધું.

ત્યારબાદ બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા સમગ્ર વર્ષ



## તમને જેટલા ધન્યવાદ આપીએ એટલા ઓછા છે...

**પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ**

‘તમે બધા કાર્યકરો તદ્દન નિષ્કામભાવે સેવા કરી રહ્યા છો. કોઈ વળતરની આશા વગર કાર્ય કરી રહ્યા છો. તમારો ભોગ અને સમર્પણ એટલો બધો છે કે તમને જેટલા ધન્યવાદ આપીએ એટલા ઓછા છે. ખરેખર! શબ્દો ટૂંકા પડે.

આપણું કાર્ય શ્રીજીમહારાજ અને સત્પુરુષને છતરાયા કરવાનું છે. કાર્યકર ન હોય તો આ કાર્ય થાય જ નહીં. આ સત્ય હકીકત છે. અત્યાર સુધી બેનમૂન કાર્ય થયું છે અને આગળ પણ થવાનું જ છે. આપણે જે જે સેવાકાર્ય કરીએ છીએ તેનો એક જ હેતુ છે – આપણામાં એકાંતિકપણું આવે. એકાંતિકપણું એટલે અત્યંત નિર્વાસનિક થઈને, અક્ષરરૂપ થઈને મહારાજ-સ્વામી સિવાય બીજું કાંઈ મનમાં ન રહે. આ ઉપાસના-શુદ્ધિ. આ બધા કાર્યકરો આવી રીતે જ વર્ત્યા છે. ગમે તેવા સંજોગોમાં આ કાર્ય કરી બતાવ્યું છે. આવું એકાંતિકપણું આવ્યું એ જ આપણી સાચી સેવાનું ફળ છે. દેખાય નહીં, પણ આપણી સેવાથી શું શું થાય એ આપણે જોયું. સેવાનું આવું પરિણામ ક્યારે આવે? જ્યારે આપણે દિવ્યભાવ, સુહૃદભાવ અને દાસભાવ રાખીને સેવા કરીએ. સ્વામિનારાયણ ભગવાને વાત કરી છે કે બધાને અહંભાવ હોય છે, એ કાંઈ ન જોઈએ, બીજાને આગળ રાખે અને પોતે ન્યૂન રહે. આમાં ઘણું બધું આવી જાય છે. ટૂંકમાં, હવે આપણે સત્સંગમાં ઊંડાણ પ્રાપ્ત કરવા તરફ નિશાન રાખવું. ઊંડાણમાં જઈને નીચેથી માલ કાઢી લેવાનો. આજે આપણા ઉત્સવમાં અમિતભાઈ, ભૂપેન્દ્રભાઈ વગેરે મહેમાનો પધાર્યા છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ, આ તમામ રાજકર્તાઓ દ્વારા દેશની સેવા સારી રીતે થાય એ પ્રાર્થના. સમગ્ર વિશ્વમાં શાંતિ થાય અને કાર્યકરો દરેક રીતે સુખી બને એ પ્રાર્થના.’






પૂજ્ય સદ્‌ગુરુ સંતો અને મુખ્યમંત્રીશ્રી તથા ગૃહમંત્રીશ્રી સહિત મહાનુભાવોએ ભારતના તિરંગાની રોશની વચ્ચે આરતી દ્વારા ભગવાનની સાથે એક લાખથી વધુ કાર્યકર્તાઓને વધાવ્યા. યુવાનોની નૃત્ય પ્રસ્તુતિએ સૌમાં રોમાંચ ખડો કરી દીધો.


દરમ્યાન કાર્યકર સુવર્ણ મહોત્સવના ઉપક્રમે યોજાયેલી વિવિધ કાર્યક્રમ-શૃંખલાની વીડિયો-શ્રેણીની રજૂઆત થઈ. સમગ્ર વર્ષ દરમ્યાન સ્વામીશ્રીનાં વાણી, વર્તન, વિચાર અને કલમ દ્વારા કાર્યકરો પ્રત્યે વહેલા મમતા અને મહિમાના પ્રવાહની પ્રસ્તુતિ માણીને સૌ પરિપ્લાન્વિત થઈ ઊઠ્યા.

વધુમાં આજે સ્વામીશ્રીએ સુવર્ણ મહોત્સવમાં પધારનાર કાર્યકરો માટે મોતીચૂરના લાડુ તેમજ સૌના મુખમાં મિષ્ટાન્ન જમાડવાની ઇચ્છા વ્યક્ત કરી હતી. મહંત સ્વામી મહારાજ અને સદ્‌ગુરુ સંતોએ સ્વહસ્તે લાડુ બનાવ્યા હતા. અને તે લાડુ આજનાં ફૂડપેકેટ્સમાં પ્રસાદરૂપે મુકાયા હતા. આ ફૂડ પેકેટ્સમાં કુલ ૧૩ વાનગીઓ હતી, જે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના ૧૩ સપ્ટેમ્બરના જન્મદિનની સ્મૃતિમાં મૂકવામાં આવી હતી. આ ઉપરાંત વધુ એક ઇચ્છા સ્વામીશ્રીએ વ્યક્ત કરી હતી કે મારે સૌનાં મોંમાં મિષ્ટાન્ન જમાડવું છે. તેમની એ ભાવના મુજબ તેમના વતી પુરુષ કાર્યકરોને સંતોએ અને મહિલા કાર્યકરોને અગ્રણી મહિલાઓએ મુખમાં ચોકલેટ ખવડાવીને સ્વાગત કર્યું હતું. આજે તો સ્વામીશ્રીએ સૌ કાર્યકરો પર મમતાના મેઘ વરસાવી દીધા હતા! એટલું જ નહીં આજે સવારે મધ્યસ્થ કાર્યાલયના વડીલ સંત પૂજ્ય યજ્ઞપ્રિયદાસ સ્વામીને સંબોધીને એક પત્ર પણ પાઠવ્યો હતો તેમાં લખ્યું કે -

*‘સ્વામીબાપાના લાડીલા પૂજ્ય યજ્ઞપ્રિય સ્વામી, આજે મારો હરખ માતો નથી. યોગીબાપા અને પ્રમુખસ્વામી બધા કાર્યકરોમાં દેખાય છે. હું આજે સવારથી બધા કાર્યકરોનો મહિમા સમજી મનોમન પૂજન કરું છું, ચાંદલા કરું છું, ચંદનની અર્ચા કરું છું, ચોખા ચોડું છું અને*



પૂજ્ય યજ્ઞપ્રિયદાસ સ્વામી



પૂજ્ય આનંદસ્વરૂપદાસ સ્વામી



પૂજ્ય અક્ષરવત્સલદાસ સ્વામી



પૂજ્ય બ્રહ્મવિહારીદાસ સ્વામી

મહોત્સવના મંચ પરથી સંસ્થાના વિદ્વાન અને અનુભવી સંતોએ વિવિધ કાર્યકરોનાં વિવિધ પાસાંઓ રજૂ કરીને બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાની કરોડરજ્જૂ સમાન એ લાખો કાર્યકરોને હૃદયથી બિરદાવ્યા...

*મોગરા-ગુલાબના હાર પહેરાવું છું. બધાને દંડવત કરું છું. આપ બધા મારા ઉપર રાજી રહેશો.*

*આપ સૌ સંતો અને કાર્યકરો મારા હાથ-પગ છો.*

*સાધુ કેશવજીવનદાસના ઘણા જ હેતપૂર્વક*

*જય શ્રી સ્વામિનારાયણ.'*

શબ્દે શબ્દ પર સ્નેહ વરસાવતા ગુરુહરિ મહંત સ્વામી મહારાજના પત્રનું શ્રવણ કરીને ઉપસ્થિત સૌ કોઈ ગદ્ગદિત થઈ ગયા. ત્યારબાદ પ્રવક્તા આદર્શજીવનદાસ સ્વામીએ મહંત સ્વામી મહારાજનાં ચરણોમાં પ્રાર્થના કરી કે હવે સ્વામીશ્રી આપણને સૌને આશીર્વાદ પાઠવીને કૃતાર્થ કરે. સ્વામીશ્રીએ આશીર્વર્ષા વહાવતાં કહ્યું, ''તમે બધા કાર્યકરો તદ્દન નિષ્કામભાવે સેવા કરી રહ્યા છો. કોઈ વળતરની આશા વગર કાર્ય કરી રહ્યા છો. તમારો ભોગ અને સમર્પણ એટલાં બધાં છે કે તમને જેટલા ધન્યવાદ આપીએ એટલા ઓછા છે. ખરેખર! શબ્દો ટૂંકા પડે.'

એમ કહીને તેઓએ આધ્યાત્મિક જીવનનું લક્ષ્ય અને ભાથું બાંધી આપ્યું. પિનડ્રોપ શાંતિ વચ્ચે વહેતી તેઓની પ્રેમસભર અને પ્રશાંત વાણીએ એક લાખથી વધુ કાર્યકરો અને અન્ય હજારો વિશેષ મહાનુભાવોને અંતરથી રોમાંચિત કરી દીધા.

ગુરુહરિ મહંત સ્વામી મહારાજે આજના સમારોહમાં આશીર્વાદનું અમીસિંચન કરીને કાર્યકર સુવર્ણ મહોત્સવને અમરત્વની દીક્ષા આપી દીધી.

આજનો ઉત્સવ મહંત સ્વામી મહારાજની ગુરુભક્તિનો પણ સાક્ષી બન્યો હતો. કારણ કે મહંત સ્વામી મહારાજે પ્રમુખસ્વામી મહારાજના પ્રાગટ્યદિને આ મહોત્સવનું આયોજન કરીને ગુરુહરિને ઉચિત અને શાશ્વત અંજલિ અર્પણ કરી હતી. એવા ગુરુભક્ત સ્વામીશ્રીને બાળ, યુવા અને સત્સંગ પ્રવૃત્તિના સંયોજક સંતો - યજ્ઞપ્રિયદાસ સ્વામી અને વિશ્વસ્વરૂપદાસ સ્વામીએ ઉપસ્થિત એક લાખ કાર્યકરો વતી પુષ્પહારથી વધાવ્યા.

ભાવોર્મિઓથી છલકતાં સૌનાં હૃદય હવે આતુર હતાં ગુરુ અને હરિને આરતી-અર્ઘ્ય અર્પણ કરવા માટે. સ્વામીશ્રી અને મંચસ્થ સંતો-મહેમાનોએ આરતી દ્વારા અને એક લાખ કાર્યકરોએ પ્રકાશથી દેદીપ્યમાન રિસ્ટ બેલ્ટ હથેળીમાં લઈને ગુરુહરિ સમક્ષ આરતી અર્ઘ્ય અર્પણ કર્યું. એક અદ્ભુત આધ્યાત્મિક માહોલ છવાઈ ગયો. આરતીની સાથે સાથે સૌએ વૈશ્વિક શાંતિ માટે પ્રાર્થના કરી હતી. તાજેતરમાં બાંગ્લાદેશમાં હિન્દુ સમાજ પર આવેલી આપત્તિ શીઘ્રતાથી ટળી જાય અને સંવાદિતા સ્થપાય તેમજ વિશ્વમાં સર્વત્ર શાંતિનું વાતાવરણ રચાય તે માટે પ્રાર્થના કરી હતી.

અંતે અભિવંદનમ્ ગીતની સુરાવલિઓના સંગે યુવકોએ ભક્તિનૃત્ય કરીને કાર્યકરોને વધાવ્યા. સુરાવલિઓની સાથે સાથે સ્ટેડિયમની ચારેકોર ભવ્ય આતશબાજી થઈ. ગગનચુંબી તેજ-લકીરો કંડારતા ફટાકડા અને તેના ધડાકાઓની જેમ કાર્યકરોનાં હૈયામાં વૈદિક અક્ષરપુરુષોત્તમ ઉપાસનાની ગર્જના કરવાના અનેરા આનંદ સાથે મહોત્સવની ભવ્ય સમાપ્તિ થઈ. સૌને ચાર કલાકથી વધુ સમયનો આ કાર્યક્રમ જાણે એક પળમાં વીત્યો હોય એવો અહેસાસ થયો. અંતે સેવાના અનેકગણા ઉત્સાહને હૈયે ભરીને, અજોડ જોમ ભરીને, સ્વાદિષ્ટ ફૂડ પેકેટ્સ આરોગીને કાર્યકરો ગંતવ્ય સ્થાને જવા માટે વિદાય થયા હતા. ◆



## ભવ્ય મહોત્સવની મંચ સજ્જાથી લઈને રંગારંગ કાર્યક્રમની પશ્ચાદ્ ભૂમિકા...

પૂર્વનિર્ધારિત વ્યવસ્થા અને નોંધણી અનુસાર દૂર સુદૂરથી પધારેલા કાર્યકરોને મધ્યાહ્નેથી જ સ્ટેડિયમમાં પ્રવેશ આપી દેવામાં આવ્યો હતો. સ્થાનિક મેટ્રો પ્રશાસન દ્વારા અમદાવાદ શહેરમાં દોડતી મેટ્રો ટ્રેનના રૂટ્સ પણ વધારી દેવામાં આવ્યા હતા. વિવિધ પ્રદેશોમાંથી પધારતા હરિભક્તોની લક્ઝરી, બસ અને અન્ય વાહનોનું પાર્કિંગ સાબરમતી રિવરફ્રન્ટના વિશાળ પટમાં આરક્ષિત હતું. સ્ટેડિયમમાં પણ એક અદ્‌ભુત માહોલ રચાયો હતો. સ્ટેડિયમમાં પ્રવેશતાં જ એન્ટ્રી ગેટ પર પાસ પરના બારકોડ સ્કેનિંગ પછી પ્રવેશ અપાયો. ત્યારબાદ અન્ય એક ગેટ પર સંતોએ દરેક કાર્યકરના મુખમાં સ્વામીશ્રી વતી ચોકલેટ જમાડીને સ્વાગત કર્યું હતું. મહિલા વિભાગમાં અગ્રણી મહિલાઓએ આ રીતે મહિલા કાર્યકરોને સત્કાર્યાં હતાં. આ સ્વાગતથી સ્નેહભીના થયેલા કાર્યકરોને સ્વયંસેવકો દ્વારા હળવો નાસ્તો, સ્વાદિષ્ટ ફૂડપેકેટ્સ, પાણીની બોટલ અર્પણ કરવામાં આવ્યાં હતાં.

### આવો હતો મુખ્યમંચ...

મહોત્સવનો સમગ્ર કાર્યક્રમ કાર્યકર પ્રવૃત્તિનાં બીજ, વૃક્ષ અને ફળના વિષય પર આધારિત હતો. આ વિષયને કેન્દ્રમાં રાખી રચાયેલા મંચની નીચેની પીઠિકા નાની નાની ટેકરીઓ, જળ, ફૂલો અને વૃક્ષોથી શોભી રહી હતી. જ્યારે મંચની ઉપરની પીઠિકામાં કલ્પવૃક્ષ રચવામાં આવ્યું હતું. પર્વતોની વિશાળ શિલાઓ વચ્ચેથી સૂર્યોદય થતો હોય એ રીતે આધુનિક ઓપ આપીને તૈયાર કરવામાં આવેલી આ પીઠિકા અદ્‌ભુત લાગતી હતી.

મહંત સ્વામી મહારાજના આગમન વખતે આખું મેદાન જાણે મંચ બની ગયું! મેદાન પર ૩૦ પ્રોજેક્ટર્સની મદદથી ૨૮૦ x ૧૬૦ ફૂટના સ્ક્રીન પર વિવિધ દૃશ્યાવલિઓ રજૂ થઈ. વીડિયો મેપિંગ, લાઇટિંગ, સંગીત, કાર્યકરોના કાંડા પર બાંધેલા ઇલેક્ટ્રોનિક પ્રોગ્રામ્ડ બેલ્ટ અને ૨૦૦૦થી વધુ સ્વયંસેવક કલાકારો દ્વારા થતા આ પ્રેઝન્ટેશન માટે છેલ્લા છ મહિનાથી મહેનત કરીને સંતો અને સમર્પિત સ્વયંસેવકોની ટીમે અદ્‌ભુત પરિણામ હાંસલ કર્યું હતું. કદાચ આધ્યાત્મિક વિશ્વમાં આવું સૌપ્રથમવાર બની રહ્યું હતું, જેમાં ટેક્નોલોજીના ઉપયોગ દ્વારા આધ્યાત્મિક અને નિઃસ્વાર્થ માહોલ ખડો થયો.

### કાર્યકરોની બેઠક વ્યવસ્થા આયોજન...

આ મહોત્સવમાં એક લાખ કાર્યકરો આવવાના હોઈ ઝોન મુજબ ત્રણ મહિના અગાઉથી તેમનું રજિસ્ટ્રેશન કરવામાં આવ્યું હતું. સ્ટેડિયમમાં **(અનુસંધાન પૃષ્ઠ ૬૪ ઉપર)**



# હું આ મહોત્સવની ઊર્જા અનુભવું છું...

**શ્રી નરેન્દ્રભાઈ મોદી**
(વડાપ્રધાનશ્રી, ભારત)

'જય સ્વામિનારાયણ! કાર્યકર સુવર્ણ મહોત્સવના આ અવસરે હું ભગવાન સ્વામિનારાયણનાં ચરણોમાં પ્રણામ કરું છું. આજે પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની ૧૦૩મી જન્મ જયંતીનો મહોત્સવ પણ છે. હું ગુરુહરિ પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજને પણ નમન કરું છું. ભગવાન સ્વામિનારાયણની શીખ અને પ્રમુખસ્વામી મહારાજના સંકલ્પ આજે પરમ પૂજ્ય ગુરુહરિ મહંત સ્વામી મહારાજનાં શ્રમ અને સમર્પણથી સફળ થઈ રહ્યા છે. હું આજે તમારી વચ્ચે પ્રત્યક્ષ હાજર રહી શક્યો નથી, પરંતુ આ મહોત્સવની ઊર્જા હું દિલથી અનુભવી રહ્યો છું. આ ભવ્ય અને દિવ્ય કાર્યક્રમ માટે હું પરમ પૂજ્ય ગુરુહરિ મહંત સ્વામી મહારાજ અને તમામ સંતજનોને અભિનંદન આપું છું અને નમન કરું છું.

કાર્યકર સુવર્ણ મહોત્સવ સેવાનાં ૫૦ વર્ષની યાત્રાનો એક મહત્ત્વપૂર્ણ પડાવ છે. ૫૦ વર્ષ પહેલાં, સેવામાં કાર્યકરોને જોડવા માટે તેમનું રજિસ્ટ્રેશન શરૂ કરવામાં આવ્યું, તે સમયે આ વિચાર સ્વયં નવો વિચાર હતો. આજે બી.એ.પી.એસ.ના લાખો કાર્યકરો શ્રદ્ધા અને સમર્પણથી સેવાઓમાં જોડાયેલા છે, તે ગર્વની વાત છે. આટલું મોટું તંત્ર કોઈ પણ સંસ્થા માટે મોટી સિદ્ધિ છે, અને હું આ માટે તમને અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવું છું.

કાર્યકર સુવર્ણ મહોત્સવ એ ભગવાન સ્વામિનારાયણની માનવીય શીખનો ઉત્સવ છે. આ સેવા વર્ષોથી ચાલી રહી છે, જે લાખો લોકોના જીવનમાં પરિવર્તન લાવી છે. આ બી.એ.પી.એસ.ના સેવાયજ્ઞનું સન્માન છે, જે મેં વ્યક્તિગત રીતે જોયું છે અને અનુભવ્યું છે. ભુજના ભૂકંપ બાદની પરિસ્થિતિઓ હોય, કેરળનું પૂર હોય, ઉત્તરાખંડના ભૂસ્ખલનની દુર્ઘટના હોય અથવા તાજેતરની કોવિડ મહામારી હોય - બી.એ.પી.એસ.ના કાર્યકરોએ બીજાની મદદ માટે હંમેશા આગળ રહી સેવાનાં ઉત્તમ ઉદાહરણ રજૂ કર્યાં છે. કોવિડ સમય દરમિયાન, બી.એ.પી.એસ.નાં મંદિરો સેવાકેન્દ્રો બની ગયાં હતાં, જે ખૂબ જ પ્રશંસનીય હતું.

મારે અહીં અન્ય એક પ્રસંગ યાદ કરવો છે, જે ઓછા લોકોએ જાણ્યો છે. યુક્રેનના યુદ્ધ સમયે ભારત સરકારે ફસાયેલા ભારતીયોને બચાવવાનું નક્કી કર્યું, અને મોટી સંખ્યામાં ભારતીયો પોલેન્ડ પહોંચ્યા હતા. તે વખતે મેં બી.એ.પી.એસ.ના એક સંત સાથે રાત્રે બાર-એક વાગે વાત કરી અને તેમની મદદ માટે વિનંતી કરી. તેમના પ્રયત્નો જોઈને મને ગર્વ થયો, કારણ કે તેઓએ તાત્કાલિક યુરોપમાંથી સેવાનિષ્ઠ કાર્યકરોને પોલેન્ડમાં એકત્ર કર્યા અને ખૂબ મદદ પૂરી પાડી. બી.એ.પી.એસ.ની આ માનવીય સેવા અને વૈશ્વિકસ્તરે તેનું યોગદાન ખૂબ પ્રશંસનીય છે. તેથી, આ પ્રસંગે હું તમારો આભાર વ્યક્ત કરું છું.

આજે બી.એ.પી.એસ.ના કાર્યકર દુનિયાભરમાં સેવાના માધ્યમથી લાખો લોકોનાં જીવનમાં પરિવર્તન લાવી રહ્યા છે, અને સમાજના અંતિમ સ્તરે પહોંચેલી વ્યક્તિને સશક્ત બનાવી રહ્યા છે. આથી તમે સર્વે પ્રેરણારૂપ છો, પૂજ્ય અને વંદનીય છો.

બી.એ.પી.એસ.નાં કાર્યો દુનિયાભરમાં ભારતની શક્તિ અને સન્માનને વધારવાનું કામ કરે છે. ભગવાન સ્વામિનારાયણનાં ૧૮૦૦થી વધુ મંદિરો, ૨૮ દેશોમાં ૨૧,૦૦૦થી વધુ આધ્યાત્મિક કેન્દ્રો એ ભારતની સંસ્કૃતિનાં પ્રતિબિંબ છે. આ મંદિર વિશ્વની પ્રાચીન સાંસ્કૃતિક પરંપરાનું પ્રતિનિધિત્વ કરે છે. થોડા મહિનાં પહેલાં જ અબુધાબીમાં ભગવાન સ્વામિનારાયણના મંદિરની સ્થાપના થઈ હતી. આ ઐતિહાસિક પ્રસંગે ભાગ લેવા માટે મને પણ તક મળી હતી. તે પ્રસંગે વિશ્વે ભારતની

આધ્યાત્મિક પરંપરા અને સાંસ્કૃતિક વૈવિધ્યનું ભવ્ય દર્શન કર્યું. આવા પ્રયાસોથી ભારતનાં સાંસ્કૃતિક ગૌરવ અને માનવીય મૂલ્યો વિશે વિશ્વમાં જાગૃતિ ફેલાય છે.

તમારા મોટા સંકલ્પો સરળતાથી પૂર્ણ થાય છે એ ભગવાન સ્વામિનારાયણની કૃપાનું જ પરિણામ છે. તેમના જીવનની દરેક ક્ષણ માનવ કલ્યાણ માટે સમર્પિત હતી. તેઓએ જે મૂલ્યો સ્થાપિત કર્યાં છે, તે પ્રકાશને આજે બી.એ.પી.એસ. વિશ્વમાં પ્રસરાવી રહ્યું છે. બી.એ.પી.એસ.નાં આ કાર્યોને આપણે એક પ્રેરણાદાયક ગીતની પંક્તિઓથી સમજવા પ્રયત્ન કરી શકીએઃ

'નદીઓ પોતાનાં જળ કદી પીવે નહીં,
વૃક્ષ પોતાનાં ફળ કદી ખાય નહીં,
તેમ જે પોતાનું તન, મન અને ધન બીજાને અર્પે,
તે જ સાચો માણસ છે, આ ધરતી પરનો ભગવાન છે.'

મારો પોતાનો અનુભવ છે કે બાળપણથી જ મને બી.એ.પી.એસ. અને ભગવાન સ્વામિનારાયણ સાથે જોડાવાનો લાભ મળ્યો છે. મને પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજનો જે પ્રેમ અને લાગણી મળ્યાં છે, તે મારા જીવનની મોટી મૂડી છે. તેમની સાથેના અનેક પ્રસંગો મારા જીવનનો ભાગ બન્યા છે.

જાહેર જીવનની શરૂઆતથી જ મારા પર તેમના આશીર્વાદ રહ્યા છે અને તેમના માર્ગદર્શનથી હું અનેક કાર્યોમાં સફળ થયો છું. નર્મદાનાં પાણી સાબરમતીમાં લાવવાનો ઐતિહાસિક પ્રસંગ હોય, કે તેમના માર્ગદર્શનમાં આયોજિત અન્ય કાર્યક્રમો, આ બધા મારા જીવનમાં યાદગાર બની રહ્યા છે. તેમના માર્ગદર્શનમાં આયોજિત સ્વામિનારાયણ મંત્રલેખન મહોત્સવ તો એક અનોખો પ્રસંગ હતો, જે આજે પણ મારા હૃદયમાં વસી ગયો છે. મંત્રલેખનનો આ વિશિષ્ટ વિચાર મારા માટે એક આધ્યાત્મિક ભેટ સમાન હતો. પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદે હું મારા જીવનની દરેક ક્ષણે પ્રેરિત થતો રહ્યો છું. આ ભવ્ય અને દિવ્ય સમારોહમાં તેમની ઉપસ્થિતિને અનુભવું છું.

આપણી સંસ્કૃતિમાં સેવા એ સર્વોચ્ચ ધર્મ છે. 'સેવા પરમો ધર્મઃ' આ માત્ર શબ્દ નથી, પરંતુ જીવનમૂલ્ય છે. સેવાને શ્રદ્ધા, આસ્થા અને ઉપાસનાથી પણ ઉપર સ્થાન આપવામાં આવ્યું છે. એવું પણ કહેવામાં આવ્યું છે કે જનસેવા એ જ જનાર્દનની સેવા છે. સેવા એ છે જ્યાં 'સ્વ'નો અભાવ રહે છે. જ્યારે તમે મૅડિકલ-કેમ્પમાં દર્દીઓની સેવા કરો છો, ભૂખ્યા લોકો માટે ભોજનની વ્યવસ્થા કરો છો, કે બાળકને શિક્ષણ આપો છો, ત્યારે આ કાર્યો માત્ર બીજા માટે નથી રહેતાં, પરંતુ તે તમારા અંતરમનમાં પણ પરિવર્તનની અનોખી પ્રક્રિયા શરૂ કરે છે. આથી તમારી આધ્યાત્મિક યાત્રા મજબૂત બને છે અને આ સેવા જ્યારે સંસ્થાકીય રૂપ ધારણ કરે છે ત્યારે એ અસાધારણ પરિણામો આપે છે. આ સંસ્થાકીય સેવામાં સમાજ અને દેશની મોટી સમસ્યાઓના ઉકેલનું સામર્થ્ય છે. આ સંસ્થાગત કાર્ય દ્વારા અનેક દૂષણો દૂર કરી શકાય છે. એક સામાન્ય હેતુ માટે જોડાયેલા લાખો કાર્યકર્તાઓ સમાજ અને દેશની એક વિશાળ શક્તિ બની શકે છે.

આજે જ્યારે ભારત વિકાસશીલ દેશમાંથી વિકસિત ભારત બનવાના લક્ષ્ય સાથે આગળ વધી રહ્યું છે ત્યારે જનજનનું એકતાથી જોડાવું અને વિશાળ સિદ્ધિઓ માટે કાર્ય કરવાનો આ ભાવ દરેક ક્ષેત્રમાં જોઈ શકાય છે. સ્વચ્છ ભારત મિશન, કુદરતી ખેતીને પ્રોત્સાહન, પર્યાવરણ સંરક્ષણ માટે જાગૃતિ, મહિલા-શિક્ષણ અથવા આદિવાસી કલ્યાણ જેવા પ્રયત્નો - આવા દરેક ક્ષેત્રમાં લોકો રાષ્ટ્ર નિર્માણ માટે આગળ આવી રહ્યા છે. તમારા જેવી સંસ્થાઓ આ પ્રયાસોમાં ઊંડો પ્રભાવ પાથરે છે અને લોકોને પ્રેરિત કરે છે.

આજે હું તમારી પાસે કેટલીક વિનંતિઓ પણ કરવા ઇચ્છું છું. મારી ઇચ્છા છે કે તમે દરેક વર્ષે નવી પ્રતિજ્ઞા લો અને તે વર્ષ તે પ્રતિજ્ઞાને સમર્પિત કરો. ઉદાહરણ તરીકે, એક વર્ષ રસાયણ વિહોણી ખેતીના પ્રોત્સાહન માટે હોય, તો બીજું વર્ષ દેશની વિવિધતામાં એકતા ઊજવતા તહેવારોને સમર્પિત હોય. ક્યારેક ધરતી બચાવવા માટે સસ્ટેનેબલ જીવનશૈલી અપનાવવી, કે યુવા પેઢીને વ્યસનોના વિકારથી બચાવવી - આ બધાં કાર્યો માટે તમારા પ્રયાસો અગત્યના છે. ભારતે આખી દુનિયાને 'મિશન લાઈફ'નો જે દૃષ્ટિકોણ આપ્યો છે, તેનાથી દુનિયાને પ્રભાવિત કરવા માટે તમારું કામ મહત્ત્વનું સાબિત થશે.

'એક વૃક્ષ માતાના નામે' જેવું અભિયાન આજે આખી દુનિયામાં ચર્ચાનો વિષય બન્યું છે અને આ દિશામાં તમારા પ્રયત્નો અનિવાર્ય છે. દેશના વિકાસ માટેનાં અભિયાન જેમ કે ફિટ ઇન્ડિયા, વોકલ ફોર લોકલ, કે મિલેટ્સને પ્રોત્સાહન આપવાનું કાર્ય - આ બધી પ્રવૃત્તિઓમાં તમારું યોગદાન ખૂબ મહત્ત્વનું બની રહેશે.

વિશ્વના યુવાનોને નવા વિચારો માટે પ્રેરણા આપવાના પ્રયાસરૂપે, આગામી જાન્યુઆરીમાં 'વિકસિત ભારત યુવા લીડર સંવાદ'નું આયોજન થવાનું છે, જેમાં યુવાનો વિકસિત ભારત માટેના વિચારો પ્રસ્તુત કરશે અને યોગદાન આપશે. હું આશા રાખું છું કે તમે આ કાર્યક્રમ સાથે જોડાઈને યુવાનોને પ્રેરિત કરશો.

શ્રદ્ધેય પ્રમુખસ્વામી મહારાજનું વિશેષ ધ્યાન ભારતીય કુટુંબ સંસ્કૃતિને મજબૂત બનાવવામાં હતું. ઘરસભા અભિયાન દ્વારા તેઓએ સંયુક્ત કુટુંબની સંકલ્પનાને ફરી પ્રબળ બનાવી હતી. આપણું ધ્યેય એ અભિયાનને આગળ વધારવાનું છે.

ભારત હવે ૨૦૪૭ સુધીમાં વિકસિત રાષ્ટ્ર બનવાના લક્ષ્યાંક પર કામ કરી રહ્યું છે. આ આગામી ૨૫ વર્ષની યાત્રા માત્ર ભારત માટે જ નહીં, પણ બી.એ.પી.એસ.ના દરેક કાર્યકર માટે પણ મહત્ત્વની છે. મને વિશ્વાસ છે કે ભગવાન સ્વામિનારાયણના આશીર્વાદથી બી.એ.પી.એસ.નાં સેવાકીય કાર્યો નિર્બાધ ગતિથી આગળ વધતાં રહેશે.

હું ફરીથી આપ સૌને કાર્યકર સુવર્ણ મહોત્સવે હાર્દિક અભિનંદન પાઠવું છું. જય સ્વામિનારાયણ.' ◆



# આ છે બી.એ.પી.એસ.ના કાર્યકરો-સ્વયંસેવકોની મઘમઘતી સુવાસ

**'આપે અદ્‌ભુત કાર્ય કર્યું છે એનું વર્ણન પણ થઈ શકે નહીં. ખૂબ ભીડો વેઠ્યો છે. એટલા માટે બધાને ખૂબ વંદન કરીએ છીએ. લાખો વંદન કરીએ તોય ઓછાં છે. લાખો દંડવત કરીએ તોય પણ ઓછા છે.'**

**- પ્રમુખસ્વામી મહારાજ (૩-૧૨-૧૯૮૫)**

**'તમે લોયાનું ત્રીજું વચનામૃત સિદ્ધ કર્યું છે! ધન-ધામ-કુટુંબ-પરિવાર બધું સ્વાહા કરીને સેવા કરી છે, એટલે શ્રીજીમહારાજ એટલા રાજી રાજી રાજી થયા છે કે શ્રીજીમહારાજ આશીર્વાદના ઢગલા કરી દે છે. આનંદ આનંદ, શાંતિ રહેશે. આ તમને ખબર નથી કે તમે શું કર્યું છે? તમે બધાએ કમાલ કરી છે.'**

**- મહંત સ્વામી મહારાજ (૧૧-૭-૨૦૨૩)**

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના કાર્યકરો અને સ્વયંસેવકોનું અભિવાદન કરતાં પોતાના બે હાથમાં પુષ્પમાળા ઊંચી કરીને પ્રમુખસ્વામી મહારાજ અને મહંતસ્વામી મહારાજે ઉચ્ચારેલાં આ ભાવ-વચનો છે. છેલ્લી એક શતાબ્દી કરતાં વધુ વર્ષોથી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના એ લાખો સ્વયંસેવક કાર્યકરોની અહીં સ્મૃતિ થાય છે. કેટલાય ચહેરાઓની આજે કોઈ છબિ કે ફિલ્મ કે સ્કેચ પણ



ઉપલબ્ધ નથી. માત્ર એમનું નામ અને એમનું થોડું ઘણું કાર્ય સાહિત્યમાં સચવાયેલું છે, પરંતુ કેટલાય કાર્યકરો એવા છે કે, જેમનું નામ પણ નોંધવાનું ચુકાઈ ગયું છે. બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાની છેલ્લાં સો વર્ષની યાત્રામાં એવાં લાખો પાત્રો કે ચરિત્રનાયકો ભલે સંપ્રદાયના ગ્રંથોમાં સંઘરાયાં હોય કે ન સંઘરાયાં હોય, પરંતુ એમના રચેલા પાયા પર ઊભેલી બી.એ.પી.એસ.ની ભવ્ય ઈમારત એમનું કાયમ સ્મરણ કરાવતી રહેશે.

બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજના સમયમાં એમના સમર્પિત સંતોની સાથે કોઠારી પ્રભુદાસ, હીરા મુખી, કોઠારી જીભાઈ, કોઠારી જેઠાભાઈ, મંછારામભાઈ, કુબેરભાઈ ડોસાભાઈ, પંડ્યા ઉલ્લાસરામ, આશાભાઈ, ઈશ્વરભાઈ, મોતીભાઈ, મણિભાઈ, દાજીબાપુ, હકાભાઈ, પ્રો. જેઠાલાલ, વિનાયકભાઈ ત્રિવેદી, હર્ષદરાય દવે, ચંપકલાલ, ખેંગારજીભાઈ ચૌહાણ, શંકરલાલ ત્રિવેદી, મગનભાઈ અને રસિકભાઈ સેક્રેટરી, બબુકાકા, પૂર્વ આફ્રિકાના હરિભક્તો - મગનભાઈ, હરમાનભાઈ, ત્રિભુવનદાસ, છોટાભાઈ, અંબાલાલભાઈ તેમજ ખાનદેશના ભક્તોની એક લાંબી યાદી અહીં મૂકી શકાય તેમ છે. એ જ રીતે બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજના સમયમાં સેવા કરનારા ગામોગામના હરિભક્તોની યાદી ઘણી લાંબી થઈ શકે તેમ છે.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે ૧૯૭૧માં સંસ્થાના ગુરુપદે બિરાજીને શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજના કાર્યને આગળ ધપાવ્યું અને નવો વેગ આપ્યો. તે સમયે તેમણે ૧૭,૫૦૦ કરતાં વધારે ગામોમાં વિચરણ કરીને ઠેર ઠેર એવા સમર્પિત હરિભક્ત કાર્યકરો-સ્વયંસેવકોની એક મોટી ફોજ ઊભી કરી. શાસ્ત્રીજી મહારાજના આશીર્વાદથી આફ્રિકામાં સ્થપાયેલાં બી.એ.પી.એસ. સત્સંગનાં બીજને યોગીજી મહારાજે ઠેર ઠેર ઉછેર્યાં અને લંડન સુધી વિસ્તાર્યાં. એ બીજમાંથી વટવૃક્ષ બનાવીને પ્રચંડ પુરુષાર્થ દ્વારા પ્રમુખસ્વામી મહારાજે વિદેશની ભૂમિ પર બી.એ.પી.એસ. સંસ્થા અને ભારતીય સંસ્કૃતિ તથા સનાતન ધર્મનો ડંકો માર્યો. એ બધાં કાર્યોમાં તેમણે એક એક વ્યક્તિના પાલક -પરિપોષક બનીને આત્મીયતાનો માહોલ રચ્યો અને એવા નિષ્ઠાવાન કાર્યકરોની એક હારમાળા ખડી કરી દીધી.

પરમ પૂજ્ય સ્વામીશ્રીએ મુંબઈમાં સન ૧૯૭૨માં સંસ્થાની સત્સંગ પ્રવૃત્તિઓ અને અન્ય આનુષંગિક સેવાઓ માટે મધ્યસ્થ કાર્યાલયની સ્થાપના કરી ત્યારે કોઈને કલ્પના નહોતી કે આ નાની એવી શરૂઆત આગળ જતાં વિરાટ છત્ર બનીને અનેકને એકસૂત્રતાથી જોડશે. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના નેતૃત્વમાં પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીને તેનું સુકાન સોંપ્યું અને સન ૧૯૭૫માં વિવિધ કારણોસર પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી શરૂઆતમાં અટલાદરા અને ત્યારબાદ અમદાવાદમાં શાહીબાગ ખાતે મધ્યસ્થ કાર્યાલય લઈને સ્થળાંતરિત થયા, ત્યારથી પૂજ્ય ડૉક્ટર સ્વામીના મહંત પદે અમદાવાદમાં પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીના નેતૃત્વમાં વિવિધ પ્રવૃત્તિઓમાં નવા નવા કાર્યકરો સમર્પિત થતા રહ્યા અને હજારો કાર્યકરો એક સૂત્રે બંધાયા. શરૂઆતના દિવસોમાં શ્રી રાવજીભાઈ પટેલ, શ્રી નિર્મળસિંહ રાણા, શ્રી ધીરેન્દ્રભાઈ વીંછી વગેરેથી લઈને અનેક સમર્પિત કાર્યકરોએ ખૂબ મોટું યોગદાન આપ્યું. એ શૃંખલામાં શ્રી કિશોરભાઈ દવે, શ્રી રમેશભાઈ દવે, શ્રી કિરણભાઈ

પીઠવા, શ્રી નીલકંઠભાઈ મહેતા, શ્રી ડુંગરભાઈ પટેલ, શ્રી જસવંતભાઈ જાજલ, શ્રીકૃષ્ણભાઈ પંડ્યા (ગોંડલ), શ્રી રાજેશભાઈ ગાંધી (અમરેલી), શ્રી હરિકૃષ્ણભાઈ જાદવ (જૂનાગઢ), શ્રી નારાયણભાઈ ફળદુ (જામનગર), શ્રી જયેશભાઈ શાહ (મુંબઈ), શ્રી કાશીભાઈ પટેલ (સીમલિયા), શ્રી હિંમતભાઈ પટેલ (દોણજા), શ્રી જેઠાભાઈ ગોધાણી (ગઢડા), શ્રી કિરણભાઈ મહેતા (તીથલ), શ્રી રીલેશભાઈ બારોટ (અમદાવાદ), શ્રી પિનાકીનભાઈ શાહ (આણંદ), શ્રી પ્રભાતસિંહ ઠાકોર (સુરત ગ્રામ્ય), શ્રી હિતેશભાઈ બુસા (ભુજ), શ્રી અલ્કેશભાઈ પરીખ (રાજકોટ), શ્રી અશ્વિનભાઈ ઠક્કર (ગાંધીનગર), શ્રી શંકરભાઈ પટેલ (તીથલ) અને આવા કેટલાય ભક્તોનાં નામ અહીં લંબાવી શકાય તેમ છે. એક નહીં, સેંકડો માળાઓના લાખો મણકાઓ સમાન આ પ્રત્યેકની આગવી ગાથા છે. નાનાં નાનાં ગામડાંઓથી લઈને ભારતના મુંબઈ, દિલ્હી, જયપુર, જોધપુર, નાગપુર, ઈન્દોર, કોલકાતા, સિકંદરાબાદ, ચેન્નાઈ, કોઈમ્બતુર, બેંગલોર જેવાં મહાનગરો અને વિદેશમાં આફ્રિકા ખંડ, યુ.કે. અને યુરોપ ખંડ, કેનેડા અને સમગ્ર નોર્થ અમેરિકા ખંડ, એશિયા-પેસેફિક દેશોનાં અનેક મહાનગરોમાં ફેલાયેલાં આ સમર્પિત પુરુષ-મહિલા કાર્યકરોના સમર્પણ અને કાર્યનિષ્ઠાના પ્રસંગો હૃદયને ગદ્ગદિત કરી મૂકે તેવા ભાવસભર છે. શારીરિક, પારિવારિક, સામાજિક, આર્થિક તથા અન્ય અનેક સ્તરીય ઉપાધિઓ અને માન-અપમાનની ઝડીઓ વચ્ચે વચ્ચે ઊંહકારો કર્યા સિવાય આ કાર્યકરોએ જે પુરુષાર્થ કર્યો છે તેની ગાથા શબ્દોમાં વર્ણવી શકાશે નહીં.

અનેક સદ્ગુણોથી શોભતા શ્વેતાંબરી સાધુ સમાન ગુણાતીતના આ માનસપુત્રો જીવન-ઘડતરની આહલેક લગાવતા ગામડે ગામડે ઘૂમી વળ્યા હતા અને આજે પણ ઘૂમી રહ્યા છે! દેશ-વિદેશમાં ઘૂમતા એ દરેક મહિલા-પુરુષ કાર્યકરની રોમાંચક અને પ્રેરણાસભર ગાથા છે. દરેક પાસે અનુભવોનો ભંડાર છે. જુઓ, તેમાંથી થોડાક પ્રસંગો અને અનુભવોની એક સ્મરણયાત્રા.

સંસ્થાની સેવા માટે સમર્પિત થઈને મધ્યસ્થ કાર્યાલયના એક દૂત તરીકે હોમાઈ જનાર શ્રી ધીરેન્દ્રભાઈ વીંછી, એ દિવસોમાં સેવામાં જોડાયા હતા કે જ્યારે પ્રાથમિક સુવિધાઓ પણ ઉપલબ્ધ નહોતી. કષ્ટો વેઠીને તેઓ ભરૂચ, સુરત, વલસાડ અને દાદરા નગર હવેલીમાં અને સમગ્ર ગુજરાતમાં સત્સંગ-પ્રસારનું કાર્ય કરવામાં દિવસ-રાત દોડ-દોડી કરતા. એક તરફ તેઓ સેવામાં કષ્ટો વેઠી રહ્યા હતા, તો બીજી તરફ તેમના પરિવારને પણ કેટલાંય કષ્ટોમાંથી પસાર થવું પડ્યું. આમ છતાં તેઓ હાથ-પગ અને શરીર ચાલતું રહ્યું ત્યાં સુધી સેવામાં દોડતા રહ્યા.

કોચીન અને કોલકાતાથી એરોનોટિકલ એન્જિનિયરિંગનો અભ્યાસ પૂર્ણ કરીને અમેરિકામાં સ્થાયી થવાની અને ઉચ્ચ કારકિર્દી બનાવવાની તક છોડીને શ્રી નિર્મળસિંહ રાણાએ સંસ્થામાં ૧૯૭૨થી વર્ષો સુધી ખૂબ સેવાઓ કરી. શરૂઆતમાં તેઓ અને ધીરેન્દ્રભાઈ વીંછી મોટર સાઈકલ પર દિવસના ત્રણ-ત્રણ સત્સંગ મંડળની મુલાકાત લેતા. ૧૯૮૦ પૂર્વેના એ સમયને યાદ કરતાં તેઓ કહે છે કે, 'એ સમયે અમે ત્રણેક કાર્યકરો મોટરસાઈકલ પર બેસી અમદાવાદથી સેલવાસ સુધી જતા. ૭-૮ કલાકમાં ત્યાં પહોંચી સાંજે સ્થાનિક કાર્યકરો સાથે મીટિંગ કરતા. પછી બીજી મીટિંગ બે કલાક બાદ વલસાડ થાય. ત્યાં મીટિંગ પૂર્ણ કરી રાતે ૧૨-૧ વાગ્યે અમે સુરત જતા. ત્યાં રાત્રિરોકાણ હરિભક્તના ઘરે કરતા. તે વર્ષોમાં ફોનની વ્યવસ્થા હાલ જેવી સુલભ નહોતી. કદાચ મંદિરમાં ફોન હોય તો સામેવાળા કાર્યકર કે હરિભક્ત પાસે ફોન ન હોય. મંદિરથી અમે આ તારીખે આ સમયે ત્યાં આવીશું અને મીટિંગ કરીશું એવું ટપાલમાં લખીને જણાવ્યું હોય પણ ઘણીવાર ટપાલ ત્યાં પહોંચી જ ન હોય એવું બનતું. એટલે અમારે જેતે સ્થળે જઈ કાર્યકરો-હરિભક્તોને એકત્રિત કરવાના થતા અને તે પછી મીટિંગ કરવાની થતી.' આવા સંજોગોમાં તેમણે વર્ષો સુધી સેવાઓનું સુકાન સંભાળ્યું.

૧૯૬૪થી યોગીજી મહારાજની આજ્ઞાથી વિદ્યાનગરમાં સત્સંગ પ્રવૃત્તિની સેવામાં જોડાયેલા શ્રીકૃષ્ણ પંડ્યા, સૌ પ્રથમ સંસ્થામાં જે ૧૨ નિરીક્ષકો બનાવેલા તેમાંના એક. બસ, ટેમ્પો, ટ્રક વગેરેમાંથી જે વાહન મળે તેમાં તેઓ દૂરદૂરનાં ગામોમાં સત્સંગ પ્રચાર કરવા જતા. શ્રીકૃષ્ણભાઈ પંડ્યાને ક્યારેક માર પણ પડ્યો છે, પરંતુ તેઓ સેવામાંથી પાછા હટ્યા નહીં.

૧૯૭૨થી બદલપુર અને બામણગામ વિસ્તારમાં અત્યંત કષ્ટદાયક સંજોગોમાં સત્સંગ પ્રવૃત્તિ કરનારા શ્રી છત્રસિંહ રાઠોડ અને તેમના સાથી કાર્યકરો વીસ વીસ કિલોમીટર સુધી ચાલતાં જતા અને સત્સંગ કરાવતા. મોડી રાત્રે પાછા આવતા ત્યારે ઘણીવાર હિંસક પશુઓનો ત્રાસ પણ રહેતો. સન ૧૯૭૨માં તેઓ બે કાર્યકરો સાથે સભા કરવા ઉમલાવ ગયેલા. ત્યાંથી પરત ૧૫ કિ.મી. ચાલીને બદલપુર આવી રહ્યા હતા. તે સમયે કોઈ રસ્તા નહીં. રાતે ૧૨ વાગ્યે પગદંડી પરથી તેઓ પસાર થઈ રહ્યા હતા ત્યાં અચાનક વાઘની ત્રાડ સંભળાઈ. ત્રણેય સ્તબ્ધ થઈ ગયા.

હોશકોશ ઊડી ગયા. તેમાં એક કાર્યકર કહે, 'આપણે કોની આજ્ઞાથી નીકળ્યા છીએ? પ્રમુખસ્વામી મહારાજની! માટે ચિંતા કર્યા વિના આગળ ચાલો!' અને તેમનો વિશ્વાસ સાચો ઠર્યો. સ્વામીબાપાએ સૌની રક્ષા કરી અને હેમખેમ ઘરે પહોંચ્યા. એકવાર વરસતા વરસાદ વચ્ચે બામણગામમાં પારાયણ કરી રાત્રે ૧૨ વાગ્યે તેઓ ટેમ્પામાં પાછા ફરી રહ્યા હતા ત્યારે ટેમ્પાનું વ્હીલ નીકળી ગયું એટલે ઢીંચણ સુધી પાણી અને કાદવ ખૂંદતાં ખૂંદતાં ઘરે પહોંચ્યા હતા!

અમરેલીના કાર્યકર શ્રી રાજેશભાઈ ગાંધીને તો ગુજરાત એસ.ટી.માં બે વખત પ્રમોશનની તક આવી, પરંતુ સેવા માટે સ્વામીશ્રીની આજ્ઞાથી તેમણે એ તક ઠુકરાવી દીધી. વર્ષો સુધી અમરેલી જિલ્લાનાં દૂરનાં ગામોમાં સત્સંગ કરાવવા જતા ત્યારે વળતાં રાત્રે ગામડાંમાંથી અમરેલી પરત જવા રાત્રે તેમને કોઈ એસ.ટી. બસ મળતી નહોતી. તેમને સ્થાનિક કાર્યકરો સાઇકલ પર નજીકના એસ.ટી. સ્ટેન્ડે મૂકી જતા. રાત્રે અઢી કે સાડા ત્રણ વાગ્યે ઘરે પહોંચે. ચોમાસાનો વરસાદ કે શિયાળાની ઠંડી તેમના સેવા કરવાના ઉત્સાહને કદી મંદ પાડી નહોતાં શક્યાં. છેલ્લાં કેટલાંક વર્ષોથી આંખોની નસ સુકાઈ જવાથી તેમને દૃષ્ટિ ગુમાવવાનો વખત આવ્યો તેમ છતાં તેઓ અઠવાડિયામાં ચાર દિવસ સભા કરાવવા જાય છે.

રાજુલાના શ્રી હરિકૃષ્ણભાઈએ ૨૦ વર્ષ સુધી સેવા માટે મુસાફરીનો ભીડો સહન કરેલો. એકવાર તેઓ અન્ય કાર્યકર સાથે ખાંભામાં સભા કરવા માટે નીકળ્યા. રસ્તામાં મોટરસાઇકલ બગડી. રસ્તો સૂમસામ હતો. ભૂખ્યા, થાક્યા, વરસતા વરસાદમાં ભીંજાતાં અને રાની પશુઓના ભય વચ્ચે ભજન કરતાં-કરતાં તેમણે આખી રાત વિતાવી. સવારે આઠ વાગ્યે ચાર કાર્યકરો બાઇક લઈને શોધવા નીકળ્યા. રસ્તામાં આ બંને કાર્યકરો મળી ગયા. પછી મોટરસાઇકલ રિપેર કરાવી ઘરે સવારે ૯ વાગ્યે પહોંચ્યા ત્યારે સૌને હાશ થઈ. આવા સત્સંગકાર્યમાં મુસાફરી દરમ્યાન તેમને કેટલાક અકસ્માતોનો પણ સામનો કરવો પડ્યો. કેટલીક શારીરિક ખામીઓ કાયમ માટે આવી ગઈ. આવા ગંભીર અકસ્માતો વચ્ચે તેમણે સેવામાં ઓટ આવવા દીધી નથી.

જામનગરના શ્રી નારાયણભાઈ ફળદુ ૩૫૦ કિ.મી. દૂર ભુજ અને અન્ય દૂર દૂરનાં ગામો સુધી કષ્ટો વેઠીને વિચરણ કરતા. સ્નાનાદિક ક્રિયા ગામના તળાવ કે નદી કાંઠે, ડંકીએ પણ કરવી પડે. ક્યારેક રિક્ષાવાળા ૨૦-૩૦ રૂપિયા માંગે એટલે રૂપિયા બચાવવા તેઓ ૫-૭ કિ.મી. ચાલતા. ક્યારેક ૧૦ કિ.મી. પણ ચાલીને પહોંચતા. સત્સંગ કાર્ય માટે બી.એ.પી.એસ.ના કાર્યકરો આટલો ભીડો વેઠતા હશે તે દુનિયાના લોકો માટે એક કલ્પના જ બની રહેશે.

સન ૧૯૭૨થી મુંબઈમાં સેવા કરતા શ્રી જયેશભાઈ શાહ સેવાકાર્ય અર્થે દર અઠવાડિયે બે વાર મુંબઈથી છેક વલસાડ અને દાદરા નગર હવેલી જાય. વાહનની ખૂબ અગવડ. ભોજનની પણ મુશ્કેલી સર્જાતી. ભગવાન સ્વામિનારાયણ દ્વિશતાબ્દી મહોત્સવ પર્વે તો તેમણે નોકરીમાંથી રાજીનામું આપી દીધું. તેમની એવી સેવાઓથી પ્રસન્ન થઈ પ્રમુખસ્વામી મહારાજ મુંબઈની એક રવિ સભામાં બોલેલા, 'જયેશે સાધુ જેવી સેવા કરી છે.'

ભરૂચ જિલ્લાના સીમલિયા ગામના શ્રી કાશીભાઈ પટેલ એક વખત દહેજ ગામમાં સેવા માટે મોટરસાઇકલ દ્વારા ગયેલા અને રસ્તામાં અટાલી પાસે તેમનો અકસ્માત થયો. તેમને મોઢા અને હાથ પર સારું એવું વાગ્યું હતું. અકસ્માત બાદ અર્ધજાગ્રત અવસ્થામાં તેઓ ફરી મોટરસાઇકલ પર ભરૂચ જવા નીકળ્યા, પરંતુ ભરૂચથી વિરુદ્ધ દિશામાં જઈ રહેલા તેનો તેમને ખ્યાલ જ નહોતો. રસ્તામાં એક સજ્જન તેમના મોઢા પર લોહી જોઈ તેમને નજીકની હૉસ્પિટલમાં પ્રાથમિક સારવાર કરાવવા લઈ ગયા. સારવાર બાદ પણ કાશીભાઈની ઇચ્છા સેવાકાર્યમાં પહોંચવાની હતી. તેમની કાર્યનિષ્ઠા અને સેવાભાવના જોઈ પેલા સજ્જન તો દંગ રહી ગયા. તે સજ્જને કાશીભાઈને સમજાવ્યા અને તેમના ઘરે મૂકી ગયા.

પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજનું કાનમ પ્રદેશનું વિચરણ હોય ત્યારે સાથે વિચરણમાં જોડાવા માટે તેમણે ઘણીવાર નોકરીમાંથી ત્રણથી છ મહિનાની રજા પણ લીધી હતી. કાશીભાઈના ધામગમન પૂર્વે છેલ્લીવાર તેઓ મહંત સ્વામી મહારાજના દર્શનાર્થે અમદાવાદ પધારેલા ત્યારે સ્વામીશ્રીએ તેમની સેવા સંભારતાં કહેલું, 'તેઓ મારા જૂના મિત્ર છે. ખૂબ સેવા કરી છે. એમની સેવામાં કોઈ દંભ નહોતો, સીધી લીટીની સેવા.'

૧૯૭૭થી દક્ષિણ ગુજરાતમાં દોણજામાં કાર્યકર તરીકે સેવા કરતા હિંમતભાઈ પટેલ એકવાર વરસતા વરસાદમાં મોટરસાઇકલ પર કરચેલિયા જઈ રહ્યા હતા. રસ્તામાં નાળું આવ્યું. પાણી પૂરવેગમાં વહેતું હતું. આમ છતાં તેમની સેવા કરવાની લગની જોઈને સ્થાનિક લોકોએ મદદ કરી અને હિંમતભાઈ અને મોટરસાઇકલ બંનેને સામે છેડે પહોંચાડી દીધા. ગામડે આવતાં-જતાં તેમને ચિત્તા જેવા હિંસક પશુઓનો ઘણીવાર ભેટો થયો છે. એકવાર હિંમતભાઈ સભા બાદ ચીખલીથી ઘરે મોટરસાઇકલ પર મોડી રાત્રે

જઈ રહેલા. એક ચિત્તો ક્યાંકથી આવી તેમની હારોહાર દોડવા લાગ્યો. હિંમતભાઈ મનોમન પ્રાર્થના કરવા લાગ્યા. થોડીવારમાં ચિત્તો ઝાડીમાં જતો રહ્યો. આવા પ્રસંગો બનતા રહ્યા, છતાં તેમણે ક્યારેય સેવાકાર્ય છોડ્યું નહીં.

ધારીના દિનેશભાઈ વાઘેલા પોતાના ક્ષેત્રમાં સત્સંગ માટે દર મહિને પાંચ-છ વાર વિચરણ કરવા નીકળે ત્યારે બે-ચાર વાહનો કે બસ બદલીને હંમેશાં મોડી રાત્રે ત્રણ વાગે કે ચાર વાગે ઘરે પહોંચે. ઘણીવાર ટ્રક, છકડો વગેરે વાહનમાં મુસાફરી કરવાની થતી. ૧૯૯૨માં શ્રાવણ માસમાં દિનેશભાઈ એક કાર્યકર સાથે ટૂ-વ્હીલર લઈને સભા કરવા ચલાલા ગયેલા. વરસાદ ચાલુ હતો. રસ્તામાં એક લૂંટારુ મોટી ડાંગ લઈ ઊભો હતો. તેણે લાકડી મારવા હાથ ઉગામ્યો પણ ટૂ-વ્હીલર પર બેઠેલા બંને કાર્યકરો નીચા નમી ગયા. બંને બચી ગયા. પછી ઝાડ પાસેથી અન્ય લૂંટારાએ પથ્થર મારવા શરૂ કર્યા પણ એકેય પથ્થર આ કાર્યકરોને ન વાગ્યો. ઘણીવાર લૂંટારુઓ લૂંટ ચલાવવા રસ્તા પર ડાબેથી જમણી બાજુએ ઝાડ પર તાર બાંધે. ટૂ-વ્હીલર હાંકનારને દેખાય નહીં અને રસ્તા પર પડે. પછી પૈસા, દાગીના વગેરે લૂંટે. લૂંટારુઓનો આવો ભય હોવા છતાં તેમણે ક્યારેય પોતાની સેવા અટકાવી નથી.

વલસાડ-તીથલ-ડાંગ વગેરે વિસ્તારોમાં વર્ષો સુધી કાર્યકર તરીકે સેવા બજાવતા કિરણભાઈ મહેતા વ્યવસ્થા-શૂન્ય આદિવાસી ગામો સુધી કષ્ટો વેઠીને જાતે ગયા છે અને સંતોને પણ લઈ ગયા છે. મોટે ભાગે તો ગામમાં રાતે ફળિયા બહાર રેતી પર સૂઈ રહેવાનું થયેલું. ઘણીવાર ઓટલા પર પણ રાતે સૂવાનું થતું. ચાંચડ, માંકડ, મચ્છર જેવા જીવજંતુ કરડે. આખી રાત તેના લીધે ઊંઘ જ ન આવે. લગભગ દર વર્ષે ચોમાસામાં તેમને મેલેરિયા થયો જ હોય. તેના લીધે હૉસ્પિટલમાં પણ દાખલ થવું પડતું. છતાં ક્યારેય સેવામાંથી પાછા નથી પડ્યા.

૧૯૭૭થી ભરૂચ અને આસપાસનાં ક્ષેત્રોના કાર્યકર તરીકે સેવા બજાવતા દિલીપભાઈ પટેલને રાજપીપળા ક્ષેત્રનાં ગામોમાં જવું હોય તો ચારથી પાંચ વાહન બદલવાં પડે અને ઘરેથી સાડા ત્રણ કલાક વહેલા નીકળવું પડે. આજે ૭૪ વર્ષની ઉંમરે પણ તેઓ સેવા માટે કેટલો ભીડો વેઠે છે! દિલીપભાઈને ૨૦૦૪ની સાલમાં જમણી આંખમાં ફંગસને કારણે આંખ કાઢી નાંખવી પડે તેવી પરિસ્થિતિ સર્જાયેલી. દોઢ વર્ષ સુધી જમણી આંખે બિલકુલ દેખાતું નહોતું. તેના લીધે ડાબી આંખ પર વિશેષ શ્રમ પડે. આમ છતાં દિલીપભાઈનો ઉત્સાહ ક્યારેય મંદ પડ્યો નથી. મહારાજ-સ્વામીની કૃપાથી જમણી આંખે દોઢ વર્ષની સારવાર પછી ફરીવાર દેખાવાનું શરૂ થયું.

અમદાવાદ ગ્રામ્યમાં સન ૧૯૭૬થી કાર્યકર તરીકે સેવા આપતા રીલેશભાઈ બારોટે સેવા અને નોકરી બંનેનું સંતુલન જાળવવા સતત દસ વર્ષ સુધી પાંચ કલાકથી વધુ આરામ નહોતો કર્યો! સેવા માટે જરૂરી ખર્ચને પહોંચી વળવા માટે તેમણે જીવનને એકદમ સાદું બનાવી દીધું. ઘરખર્ચ પર કાપ મૂક્યો. પંચમહાલનાં ૧૪ ક્ષેત્રો અને પાવી જેતપુર પાસેનાં ૪ ક્ષેત્રોમાં ઘૂમીને તેમણે પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવમાં ૭૦૦ સત્સંગી-બિનસત્સંગી કડિયાઓને સેવામાં જોડ્યા હતા. ડુંગરા ખૂંદીને તેઓ લોકો સુધી પહોંચતા અને લોકોને પ્રેરણા આપતા. એકવાર દેવગઢ બારિયામાં વિચરણ દરમ્યાન તેમના બંને પગમાં દુખાવો શરૂ થયો. થોડા દિવસોમાં અસહ્ય પીડા થવા લાગી. ડૉક્ટરને બતાવ્યું તો તેમણે ઓપરેશન અને ત્યારબાદ આઠ-નવ મહિના સંપૂર્ણ આરામની સંભાવના બતાવી. રીલેશભાઈને પગ કરતાં વધુ શતાબ્દી મહોત્સવની ચિંતા હતી. તેમણે પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજને ખૂબ હૃદયથી પ્રાર્થના કરી. પ્રાર્થના કરીને તેઓ સૂતા અને બીજે દિવસે સવારે તો પગમાં સોજો કે દુખાવો બિલકુલ નહીં! તેઓ સંપૂર્ણ સ્વસ્થ હતા! તેમણે ફરીવાર દેહની પરવા કર્યા સિવાય ફરી પંચમહાલમાં એ જ ઉત્સાહ સાથે સેવા શરૂ કરી દીધી!

આણંદના પિનાકીનભાઈ શાહને સેવા માટે અનેક પારિવારિક સમસ્યાઓ અને વિરોધનો સામનો કરવો પડ્યો, પરંતુ તેમનો ઉત્સાહ મોળો ન પડ્યો. એકવાર પિનાકીનભાઈ અન્ય કાર્યકર સાથે ટૂ-વ્હીલર પર ધુવારણ જઈ રહ્યા હતા. રસ્તામાં ભુવેલ પાસે તેમનાથી ફક્ત ચાર ફૂટ દૂર રીંછ આવી ગયું. પણ ભગવાને રક્ષા કરી અને તેઓ સુરક્ષિત નીકળી ગયા. ઉકાઈનાં આદિવાસી ગામોમાં ૨૫૦-૩૦૦ કિ.મી.નું અંતર કાપીને આજે પણ તેઓ દર મહિને સેવા માટે જાય છે.

સુરતના ગ્રામ્ય વિસ્તારોમાં કાર્યકર તરીકે સેવા આપતા પ્રભાતસિંહ ઠાકોરે કેટલાંય ગામોને સત્સંગનો રંગ લગાડ્યો છે. વધુ સંપર્ક થઈ શકે તે માટે તેઓ રાત્રિભોજનનો ત્યાગ કરતા. તેમને સોંપાયેલાં ક્ષેત્રોમાં ભાગ્યે જ એવું કોઈ હરિભક્તનું ઘર હશે જ્યાં તેઓ સંપર્ક માટે ન ગયા હોય. એકવાર તો સતત ૪૪ દિવસ સુધી તેમને રોજ સાંજે વિચરણ કરવાનું થયેલું. સેવા અંગેની મુસાફરીઓ દરમ્યાન તેઓ ક્યારેક જીવલેણ અકસ્માતમાંથી ઊગરી ગયા છે.

આમ છતાં તેઓ સતત વિચરણ કરતા રહ્યા. આજ સુધીમાં પ્રભાતસિંહે ૭૦૦ વ્યક્તિઓને વ્યસનમુક્ત કર્યા છે. તેમના દ્વારા વ્યસનમુક્ત થયેલા અનેક ભાઈઓ આજે સત્સંગ સાથે પણ જોડાઈ ગયાં છે. એક સવારે તેઓ એક સેવાકાર્યમાં હતા. ત્યાં તેમને સમાચાર મળ્યા કે તેમનાં સાસુમા ધામમાં ગયાં છે. પ્રભાતસિંહે સમાચાર જાણ્યા પણ સેવાની કાર્યવાહી ચાલુ રાખી. તે પૂર્ણ થયા બાદ ઘરે ધર્મપત્નીને ફોન પર જાણ કરી. પછી ઘરથી ધર્મપત્નીને લઈ સાસરે અંતિમવિધિ માટે ગયા. આવી તેમની વિરલ સેવાનિષ્ઠા સૌને પ્રેરણા આપે છે.

ભુજના હિતેશભાઈ બુસાને બેકરી - ફરસાણનો ધંધો ખૂબ સારો ચાલતો હતો. ૩૫ જણનો સ્ટાફ હતો. પણ સેવા માટે વધુ સમય આપી શકાય તે માટે ત્રણ યુનિટમાંથી બેકરી - ફરસાણનો ધંધો બંધ કરી દીધો અને ફક્ત એક યુનિટ સિંગ-ચણાનું ચાલુ રાખ્યું. તેઓ દૈહિક સેવા તો ગજા બહારની કરે જ છે, પણ આર્થિક રીતે પણ ખૂબ સેવા કરે છે.

ઓરીએન્ટલ ઇન્સ્યોરન્સ કંપનીમાં ડિવિઝનલ મૅનેજર તરીકે ફરજ બજાવતા શ્રી અશ્વિનભાઈ ઠક્કરે સેવા માટે પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞા લઈને નોકરીમાંથી રાજીનામું આપ્યું. અશ્વિનભાઈની કામગીરી એટલી પ્રશસ્ય હતી કે દિલ્હી ખાતેની હેડ ઓફિસથી કંપનીના ડાયરેક્ટર ખાસ ગાંધીનગર પૂજ્ય આનંદસ્વરૂપદાસ સ્વામીને મળ્યા. એક કલાક તેમણે સ્વામીને આગ્રહ કર્યો કે તેઓ અશ્વિનભાઈને સમજાવે, પણ અશ્વિનભાઈની જ ઇચ્છા નોકરી છોડી સેવા કરવાની હતી. એટલે વાત સમાપ્ત થઈ અને તેમનું રાજીનામું મંજૂર થઈ ગયું. સેવા માટે નોકરીને ઠોકર મારનાર આવા કાર્યકર ખરેખર અભિનંદનને પાત્ર છે.

રાજકોટના અક્ષરનિવાસી કાર્યકર શ્રી અલ્કેશભાઈ પરીખે પોતે વિવિધ સેવાકાર્યોમાં તો દિવસ-રાત પુરુષાર્થ કર્યો, પરંતુ સહકાર્યકરો કે હરિભક્તોના પારિવારિક પ્રસંગોમાં પણ ખૂબ આત્મીયતાપૂર્વક સેવા કરી. કોઈકના લગ્ન-પ્રસંગ સાચવ્યા, તો કોઈકના આર્થિક પ્રશ્નોમાં ખભો આપ્યો. કોઈકના આરોગ્યના કે પરિવારના વિકટ સંજોગોમાં સાથ આપ્યો, અને અનેકના અંતિમ સમયે સેવામાં પહોંચી ગયા. હરિભક્તોની અંતિમ સંસ્કાર વિધિમાં તેઓ અચૂક જોડાય અને સ્મશાનગૃહમાં જઈ પાર્થિવ દેહ સમક્ષ એક નાની પુસ્તિકામાંથી પ્રાર્થના વાંચે. સ્મશાનગૃહમાં કામ કરનાર માણસોને પણ ખબર હતી કે સ્વામિનારાયણના સત્સંગીનું ધામગમન થયું હોય તો અલ્કેશભાઈ અચૂક હાજર હોય અને પ્રાર્થના પણ અવશ્ય વાંચે. સન ૨૦૧૮માં અલ્કેશભાઈનું ધામગમન થયું ત્યારે મોટી સંખ્યામાં હરિભક્તો તેમની અંતિમવિધિમાં જોડાયેલા. આ સમયે સ્મશાનમાં કામ કરનાર માણસે એક કાર્યકરને પૂછ્યું કે, 'આજે પેલા સત્સંગી ભાઈ કેમ નથી આવ્યા જે દર વખતે આવે છે અને પ્રાર્થના વાંચે છે?' કાર્યકરની આંખો ભીની થઈ ગઈ. તેમણે ભારે હૈયે કહ્યું કે, 'તમે જેમની વાત કરો છો તે જ ભાઈની આજે આ અંતિમવિધિ ચાલી રહી છે.' સ્મશાનગૃહમાં અલ્કેશભાઈની વિધિમાં જોડાનાર હરિભક્તોની સંખ્યા જોઈને પણ તેને થયું કે નક્કી, આ ભાઈએ અનેક લોકોનો પ્રેમ સંપાદિત કર્યો છે.

દક્ષિણ ગુજરાતમાં ધરમપુર અને ડુંગરી ક્ષેત્રોનાં ગામડાંઓમાં ઘૂમીને સત્સંગ કરાવનાર શ્રી શંકરભાઈ પટેલે નાની વહિયાળ ગામે પ્રત્યેક ઘરે સંપર્ક શરૂ કર્યો ત્યારે ઘણાને તેમની મહેનત વાહિયાત લાગતી. કારણ કે, અહીં ઘરોઘર દારૂ બને. દરેક ઘરે મરઘાં કે બકરાનું માંસ ખવાય. ઘરની જમીન વેચીને પણ લોકો દારૂ-માંસ ખાય. રોજ રાત્રે ઝઘડા થાય. અહીં લોકોને સત્સંગમાં જોડવા તે રણમાં ગુલાબ ખીલવવા જેવું કઠિન કામ હતું. જે લોકો આ ગામવાસીઓને સુધારવા આવેલા તે બધાને કેટલાક લોકોએ મારી મારીને તગેડી મૂકેલા. પણ પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદ લઈને ગયેલા શંકરભાઈને મારવા તૈયાર થયેલા લોકોએ અઠવાડિયા પછી પોતાના ઘરે શંકરભાઈને બોલાવ્યા. બધા સત્સંગ સભામાં બેસવા લાગ્યા. વ્યસન-દૂષણ ત્યજી સૌ સત્સંગી બન્યા!! એટલું જ નહીં, આ ગામનું પરિવર્તન જોઈ આસપાસનાં ગામોમાં પણ સત્સંગ થયો. જંગલ વિસ્તારમાં રાની પશુઓના ભયની વચ્ચે, દારૂડિયા તથા લૂંટારુઓનો ભય હોવા છતાં નિર્ભીકપણે વિચરતા આવા કાર્યકરોમાં સૌને અનન્ય નિષ્ઠાનાં દર્શન થાય છે.

દેશ-વિદેશનાં લાખો સ્ત્રી-પુરુષ કાર્યકરોના આવા સમર્પણથી સૌ કોઈ પ્રભાવિત થાય છે. અનેક પ્રસંગોએ તેમની સેવાઓનાં ઝળહળતાં ઉદાહરણોથી દેશ-વિદેશના ધુરંધરો પ્રભાવિત થયા છે. તેમાં ૮૦,૦૦૦ સ્વયંસેવકોની સેવાથી મઘમઘતો પ્રમુખસ્વામી મહારાજનો શતાબ્દી મહોત્સવ અને ૧૨,૫૦૦ સ્વયંસેવકોની સેવાથી અમેરિકામાં રોબિન્સવિલ ખાતેના અક્ષરધામનો વૈભવ અસાધારણ ઉદાહરણો છે. આ બે વિરલ અવસરોએ પધારેલા દેશ-વિદેશના મહાનુભાવોએ ઉચ્ચારેલા પ્રતિભાવોમાં આ સ્વયંસેવકોના સમર્પણની અનોખી સુવાસ અનુભવાય છે.

આવો, સ્મરણ કરીએ, એ સેંકડો પ્રતિભાવો પૈકી કેટલાક પ્રતિભાવોનું...

## પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ અને રોબિન્સવિલ ખાતે અક્ષરધામ મહોત્સવમાં પધારેલા મહાનુભાવોએ ઉચ્ચારેલા સ્વયંસેવકો-કાર્યકરો વિષયક ઉદ્‌ગારો

जीवंत चमत्कार क्या होता है उसका दर्शन यदि किसी को करना है तो वह यहां पर आकर के देखें। कैसे सेवा पर, कार्यकर्ताओं की कार्यशक्ति पर, अनेक भक्तों की अंत:करण की भक्ति पर, और हमारे प्रात:स्मरणीय प्रमुखस्वामीजी महाराज जैसे अत्यंत श्रेष्ठ महात्मा की कृपा दृष्टि पर कैसे-कैसे काम खड़े हो सकते हैं इसका यह दिव्य दर्शन है।

भारत का अध्ययन करना हो, भारतीय संस्कृति का अध्ययन करना हो तो मेरा तो पक्का मत है कि यहाँ पर आइये।

**– પૂજ્ય સ્વામી ગોવિંદદેવગિરિજી**

મહામંત્રી, રામજન્મભૂમિ મંદિર ન્યાસ

•

स्वयंसेवकों का इतना समर्पण हमने कहीं नहीं देखा! पैसे देना सरल बात है, लेकिन यह परिवर्तन परम पूज्य प्रमुखस्वामीजी ला पाए, इसलिए उनको संवादिता के, solidarity के मूर्त स्वरूप हम कह सकते हैं।

**– પૂજ્ય સ્વામી પરમાત્માનંદ સરસ્વતીજી**

મહામંત્રી, હિન્દુ ધર્મ આચાર્યસભા

•

કોઈપણ અપેક્ષા વગર, કેવળ નિ:સ્વાર્થ ભાવથી. કોઈપણ પદવી કે માન-મોટપ વગર અહીં સ્વયંસેવકો રાત-દિવસ સેવા કરે છે. આમ તો આ અશક્ય જ છે, પણ અહીં શક્ય થયું છે. કારણ કે અહીં ભક્તિભાવ ભળ્યો છે, નેતૃત્વની પવિત્રતા છે, ગુરુની પવિત્રતા છે. ગુરુજીમાંથી પ્રકાશ મળે છે, તેજ મળે છે, તેનાથી હજારો લોકો અહીં નિ:સ્વાર્થભાવથી કામ કરે છે. વિશ્વમાં સર્વત્ર નોંધ લેવા જેવી આ વાત છે!

**– શ્રી અશોકજી સિંઘલ**

કેન્દ્રીય રાજ્ય મંત્રી, આસામ

•

૮૦,૦૦૦થી વધુ સ્વયંસેવકોએ દેશ-વિદેશથી નિષ્ઠાપૂર્વક સેવા કરી છે. કલ્પનામાં ન આવે એવી આ વાત છે. મૅનેજમેન્ટના વિદ્યાર્થીઓએ સંચાલન કેવી રીતે કરવું? તેનો અહીંથી અભ્યાસ કરવો જોઈએ.

**– શ્રી ડૉ. આલોક કુમાર ચક્રવાલ**

કુલપતિશ્રી, ગુરુ ઘાસીદાસ યુનિ., છત્તીસગઢ

•

સ્વામિનારાયણ અક્ષરધામ, મંદિરો, વિવિધ કેન્દ્રો અને હજારો નિ:સ્વાર્થ સ્વયંસેવકોની સાર્વત્રિક અને માનવતાવાદી પ્રવૃત્તિ ખૂબ જ પ્રશંસનીય છે. આ પાયાની માનવસેવા સમાજના ઉત્થાનમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

**– શ્રી સુધીરભાઈ મહેતા**

ચેરમેન, ટોરેન્ટ ગ્રૂપ, અમદાવાદ

•

આ બધા સ્વયંસેવકો ચોવીસ કલાક કામ કરી રહ્યા છે. એવા સ્થાન પર (નગર) જે મારી આખી જિંદગીમાં પૃથ્વી પર ક્યારેય જોયું નથી! પ્રમુખ સ્વામીજી મહારાજના આશીર્વાદથી આ પવિત્રતા અને દિવ્યતાથી શક્ય છે.

**– શ્રી રમાકાંત પાંડાજી**

મેનેજિંગ ડિરેક્ટર, એશિયન હાર્ટ ઇન્સ્ટિટ્યૂટ, દિલ્હી

•

આ સ્વયંસેવકોમાં વિદ્યાર્થીઓ છે, કોઈ ગામડાના નાના શોપકીપર છે કે પછી કોઈ બિઝનેસમેન છે કે કોઈ ઈન્ડસ્ટ્રિયાલિસ્ટ પણ છે. અમેરિકાના ડૉક્ટર-એન્જિનિયર્સ સેવામાં છે, તો અહીં ભારતના પણ ડૉક્ટર-એન્જિનિયર્સ સેવામાં છે. આ તમામ એક જ પ્લેટફોર્મ પર એક લેવલ પર કામ કરી રહ્યા છે. એ કામનું સંકલન એટલું બધું જબરદસ્ત છે કે કોઈપણ બહારની વ્યક્તિ જે આ સંસ્થાને ઓછું જાણતી હોય કે ન જાણતી હોય ને એક વખત એ આ નગરની અંદર પ્રવેશે તો કોઈને એક ટકાની ક્યાંય હીંચ ન આવે. આ બી.એ.પી.એસ. સંસ્થાને એક Global Phenomenonમાં કન્વર્ટ કરવાનું કામ સ્વામીજીએ કર્યું છે.

**– પદ્મશ્રી ડૉ. તેજસભાઈ પટેલ**

ચેરમેન, એપેક્ષ હાર્ટ ઇન્સ્ટિટ્યૂટ

•

બી.એ.પી.એસ.ની સેવા, વિકાસ અને વિસ્તાર અકલ્પનીય છે. યુ.કે.માં પણ બી.એ.પી.એસ.ની સેવા અદ્‌ભુત છે. આ વિરાટ ઉત્સવની વિશાળતા અને ૮૦,૦૦૦ સ્વયંસેવકોની સેવા ખરેખર અદ્‌ભુત છે. સ્વયંસેવકોનો અથાગ પ્રયત્ન અને સંસ્થા દ્વારા થતાં સામાજિક કાર્યો, હૉસ્પિટલો અને શાળાઓ પ્રમુખસ્વામી મહારાજને શ્રદ્ધાંજલિ રૂપ છે.

**– શ્રી રિચાર્ડ હોક્સ**

ચીફ એક્ઝિક્યુટિવ, ધ બ્રિટિશ-એશિયન ટ્રસ્ટ, યુ.કે.

•

केवल धर्म के प्रति जागरूक करने का कार्य ही नहीं, बल्कि भूकंप, अकाल, सुनामी, आदि आपदाओं में प्रमुखस्वामीजी की प्रेरणा से बी.ए.पी.एस. संस्था की समाज सेवा

लगातार चलती रही है। बड़ी-बड़ी सरकारें भी जो नहीं कर पाईं, वह प्रमुखस्वामी महाराज ने किया है। इस देश के निर्माण के लिए बी.ए.पी.एस. के स्वयंसेवकों की बडी भूमिका होगी। यह संस्था देश और दुनिया के लोगों को भारत के गौरवशाली इतिहास से जोड़ने का कार्य कर रही है। यह महोत्सव ही devotion और dedication पर निर्भर है।

**– શ્રી અનુરાગ ઠાકુર**

સાંસદશ્રી, ભારત

●

જ્યારે વિશ્વમાં પ્રવાસ કરું છું અને સ્વામિનારાયણ મંદિરોમાં જાઉં છું ત્યારે સ્વામિનારાયણના ભક્તોના આતિથ્યથી હું મારી જાતને ધન્ય માનું છું. જ્યારે મેં જોયું કે યુક્રેનની સીમા પર જ્યારે ૨૨,૦૦૦ વિદ્યાર્થીઓ ફસાયેલા હતા તેઓને સીમા પાર કરવાની હતી ત્યારે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના સ્વયંસેવકોએ તેમને આશરો આપ્યો, જમાડ્યા અને પોલેન્ડની સીમા પર, હંગેરીની સીમા પર, રોમાનિયાની સીમા પર કાંઈ પણ મેળવવાની આશા વગર સહાય કરી. તેઓ પ્રમુખસ્વામી પાસેથી શીખ્યા હતા. માનવતા માટે પ્રેમ, કરુણા અને દયા. આ સંસ્થા અને પ્રમુખસ્વામીના ઉપદેશો સમગ્ર માનવજાત માટે માર્ગદર્શક છે.

**– શ્રી વી. મુરલીધરન્**

કેન્દ્રીય અને રાજ્ય કક્ષાના મંત્રી, વિદેશ અને સંસદીય બાબતો, નવી દિલ્હી

●

मैं कई वर्षों से देख रहा हूँ कि बी.ए.पी.एस. संस्था के स्वयंसेवक जिस प्रकार से हर त्रासदी, हर कठिनाई के अंदर, किसी भी प्रलोभन के बिना सेवा दे रहे हैं, जिस प्रकार से अपने देश के लिए और मानवता के लिए कार्य किया है, उससे बड़ा कोई कार्य नहीं हो सकता।

इसीलिए मैं शीश झुकाकर आप सब स्वयंसेवकों को और संस्था को प्रणाम करता हूँ। स्वामीजी ने जिस तरीके से लोगों को छुआ है, उनके दिलों तक पहुँचे हैं, उनकी व्यक्तिगत और सामूहिक समस्याओं को जिस प्रकार से उन्होंने ठीक किया है, ऐसी बहुत कम संस्थाएँ मिलती हैं, जो इस तरीके से लोगों के दिल को छू जाएँ।

**– જનરલ શ્રી ડૉ. વી. કે. સિંહ**

મંત્રીશ્રી, માર્ગપરિવહન અને નાગરિક ઉડ્ડયન, ભારત

●

દુબઈના ઓપેરા હાઉસમાં જ્યાં પ્રધાનમંત્રીએ મંદિરની ઘોષણા કરી હતી, મેં એ પણ જોયું કે એક પછી એક અવરોધો કેવી રીતે પાર પડી ગયા! સ્વયંસેવકો ખૂબ પ્રયત્ન કરે છે. આપ સર્વેમાં ભક્તિ છે. મેં જીવનમાં આવી ભક્તિ ક્યારેય જોઈ નથી. એવી ભક્તિ કે જે ધ્યેયને હાંસિલ કરવા પર્વતો ઓળંગી જાય. મને વિશ્વના ઘણા અગ્રણીઓને મળવાનો અવસર મળ્યો હતો. પણ આ સ્વામિનારાયણ સંસ્થા જેવા સ્વયંસેવકોનો પુરુષાર્થ ક્યાંય નથી જોયો.

**– શ્રી નઝીમ અલ કુદસી**

પૂર્વ સી.ઈ.ઓ., અબુધાબી ઈન્વેસ્ટમેન્ટ કાઉન્સિલ

●

હું આશ્ચર્યમાં મુકાઈ ગયો છું. ખાસ કરીને સ્વયંસેવકોનાં પ્રેમ અને શ્રદ્ધાની ભાવનાથી આયોજન થયેલું છે. આ ખાલી એક મહિનો કે એક કે બે દિવસનો ઉત્સવ નથી, પણ જીવનભરનો ઉત્સવ જે પરમ પૂજ્ય પ્રમુખસ્વામી માટે યોગ્ય જ છે. કારણ કે તેઓ પ્રેમ, કરુણા અને પવિત્રતાના સ્વરૂપ હતા. આ ખાલી કરવા પૂરતો જ ઉત્સવ નથી, પણ આ તો જીવન મૂલ્યો જેવાં કે પ્રેમ, કરુણા અને પવિત્રતા જે એમના જીવનમાં પ્રગટ હતાં, તેનો ઉત્સવ છે.

**– પૂજ્ય શ્રી મધુપંડિતદાસજી**

પ્રમુખ, ઇસ્કોન, બેંગલોર

●

બી.એ.પી.એસ. સ્વયંસેવકની સારામાં સારી વાત એ છે કે બધા સમાન છે અને બધા જ જ્યાં જરૂર હોય ત્યાં કાર્ય કરે. ૮૦,૦૦૦ સ્વયંસેવકોએ અદ્‌ભુત કાર્ય કર્યું છે. સ્વયંસેવકો ક્યારેય આ ઉત્સવ ભૂલશે નહીં.

**– પદ્મશ્રી બોબ બ્લેકમેન**

પ્રસિદ્ધ લોકનેતા અને એમ.પી., યુ.કે.

●

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી ઉત્સવમાં મેં રક્તનદાન કેમ્પ જોયો, તબીબી ટેન્ટ જોયો, રસોડા વિભાગ જોયો, સ્વચ્છતાનો સ્ટાફ જોયો, સહયોગી સ્ટાફ જોયો. આપે અદ્‌ભુત કાર્ય કર્યું છે, અમને તમારે માટે ગૌરવ છે. બી.એ.પી.એસ.ની કરુણા ભાવના, સમાજ પ્રત્યેની સેવા, પ્રેમ અને ભાઈચારા માટે ખૂબ ખૂબ આભાર.

**– શ્રી ક્રેગ ઓન્ડાર્ચી**

પૂર્વ મિનિસ્ટર, ઑસ્ટ્રેલિયા

●

દાન આપવું કદાચ હજુ સહેલું છે, પરંતુ પ્રતિબદ્ધતા સાથે સમય, સમર્પણ, બલિદાન આપવાં તે ઘણું અઘરું છે, જે અહીં સેવા આપતા ઘણા સ્વયંસેવકોમાં નીરખવા મળે છે. એમાંના કેટલાક એન્જિનિયરો, નોકરી-ધંધો કરનાર, ડૉક્ટરો છે. પોતાના જીવનને સ્થગિત કરી દીધું છે, પોતાના પરિવારને હોલ્ડ પર મૂકી દીધો છે! અમેરિકા અને

ખાસ કરીને ન્યૂજર્સીમાં આવું ભવ્ય અક્ષરધામ બનાવવાની પ્રમુખસ્વામી મહારાજની આર્ષદૃષ્ટિ હતી. આવી અતુલ્ય આર્ષદૃષ્ટિ અને સ્વયંસેવકોના જબરજસ્ત સમર્પણથી જ આવું અક્ષરધામ સાકાર થયું છે.

**– શ્રી મિતુલભાઈ પટેલ**

વિઝન હોસ્પિટાલિટી ગ્રૂપ, ટેનેસી

●

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાએ આપણને અને આપણી નવી પેઢીને શીખવ્યું છે કે માનવજાતની સેવા કરતાં વધુ મહત્ત્વનું બીજું કંઈ નથી. બી.એ.પી.એસ. સંસ્થાના સ્વયંસેવકો તેમના જીવના જોખમે અને ગમે તેવા સંજોગોમાં પણ માનવજાતને ઉત્કૃષ્ટ સેવા પૂરી પાડે છે.

**– શ્રી ડૉ. વિનોદભાઈ શાહ**

અમેરિકન એસો. ઓફ ફિઝિશિયન્સ ઓફ ઇન્ડિયન ઓરિજિન (AAPI)

●

૧૦ વર્ષ પૂર્વે આ અક્ષરધામ મંદિર માત્ર એક સંકલ્પ જ હતો, પરંતુ સૌની સેવા અને ભક્તિભાવથી તે સંકલ્પ આજે આપણી નજર સમક્ષ જ અક્ષરધામમાં પરિવર્તિત થયો છે. ભવિષ્યમાં તેનો આધ્યાત્મિક પ્રભાવ પણ આવનારાં હજારો વર્ષો સુધી રહેશે.

**– શ્રી ડેનિયલ આર. બેન્સન**

જનરલ એસેમ્બલી, ન્યૂજર્સી

●

હું છેલ્લાં ૩૪ વર્ષથી આ દેશમાં છું અને ઘણા કાર્યક્રમો અને પ્રોજેક્ટ્સ જોઈ શક્યો છું, પરંતુ આજે મેં જે આ સ્વામિનારાયણ અક્ષરધામ જોયું છે અને અહીં સ્વયંસેવકોએ સમર્પણભાવથી તેને જે રીતે શક્ય બનાવ્યું છે, તેવું મારા જીવનકાળમાં મેં ક્યારેય જોયું નથી. આ એક મહાન ઉદાહરણ છે.

**– શ્રી સ્વામી કોચરલાકોટા**

વાઈસ પ્રેસિડન્ટ, S&P ગ્લોબલ, ન્યૂયોર્ક

●

અક્ષરધામ મહામંદિર પોતે જ મારા મતે એક મહાન સિદ્ધિ છે. અને સૌથી પ્રભાવશાળી વસ્તુઓમાંની એક છે - સ્વયંસેવકો. દરેક સ્વયંસેવકે આ નિર્માણાધીન મહાન મહામંદિરનો હિસ્સો બનવા પોતાના સમયનો ભોગ આપ્યો છે તે વંદનીય છે.

**– શ્રી જોશ કાર્નેલી**

સ્ટેટ સેનેટર, અલાબામા

●

આ અક્ષરધામ મંદિર વિષે સૌથી મહત્ત્વની બાબત મને એ લાગે છે કે તમે ક્યાંથી આવ્યા છો, તમારો ઉછેર કેવી રીતે થયો છે અને તમે સમાજના કયા વર્ગમાંથી આવો છો તે ધ્યાનમાં લીધા સિવાય અહીં દરેક સ્વયંસેવક સાથે મળીને અહીં સેવા કરે છે. આ બાબત અદ્‌ભુત છે!

**– શ્રી એરોન ગોર્ડન**

બાસ્કેટ બૉલ પ્લેયર, અમેરિકા

●

કોવિડના સમયમાં અને આ મંદિરના નિર્માણમાં સ્વયંસેવકોએ જે રીતે યોગદાન આપ્યું છે તે માત્ર તમારા માટે જ નહીં, પરંતુ આવનારી અનેક પેઢીઓ માટે ગૌરવ જગાવતું રહેશે. આપે ભારત બહાર સૌથી મોટામાં મોટું હિન્દુ મંદિર ન્યૂજર્સીને આપ્યું છે તેનું અમને અપાર ગૌરવ છે.

**– શ્રી બ્રાયન વેલર**

મેયર, પિસ્કાટ્વે, ન્યૂજર્સી

●

આજે મેં અહીં જે નિહાળ્યું છે તે કલ્પનાતીત છે. મહંત સ્વામી મહારાજની મહાનતાની હાજરી તમને અક્ષરધામમાં અનુભવાશે. મારા દાદા નેલ્સન મંડેલાએ ગાંધીજીના અહિંસાના સિદ્ધાંતોમાંથી પ્રેરણા મેળવી હતી. આજે આ અક્ષરધામ તેને વધુ પ્રસ્થાપિત કરી આપે છે. તમારી સેવા બદલ ખૂબ ખૂબ અભિનંદન.

**– શ્રીમતી ડીલેકા મંડેલા**

હેડ, મંડેલા ફાઉન્ડેશન, નેલ્સન મંડેલાનાં પૌત્રી, સામાજિક કાર્યકર

●

અક્ષરધામ યાત્રામાં સ્વયંસેવકોની નિઃસ્વાર્થ સેવાએ મને આશ્ચર્યચકિત કર્યો છે. આ સ્વયંસેવકો પોતાના વ્યક્તિગત જીવનમાં ઘણી સિદ્ધિઓ મેળવીને મહત્ત્વનું વ્યાવસાયિક કાર્ય કરી રહ્યા છે, પરંતુ તેમ છતાં શ્રદ્ધાપૂર્વક ઉત્તમ હેતુ માટે નિઃસ્વાર્થભાવે અહીં નોંધપાત્ર સેવા કરી રહ્યા છે.

**– શ્રી દિલીપ સંઘવી**

સન ફાર્માસ્યુટિકલ્સ

●

स्वामिनारायण संस्था आज दुनिया की सबसे बडे सामाजिक संस्था में से एक है। जिसके स्वयंसेवक देश-विदेश में, जब भी कोई आपदा आई तो सर्विस एक्टिविटी में, सेवा कार्यक्रम में, बढ़-चढ़कर हिस्सा लेते हैं। चाहे वह कच्छ का भूकंप हो, असम में फ्लड्स हो, उडीसा में वेस्ट बंगाल में तूफान हो, युक्रेन का युद्ध हो, कोरोना महामारी का समय हो, या फिर मोरबी बाढ घटना के दौरान सेवा कार्यक्रम हो। हर जगह कभी कभी, देश में जो भी आपदा आती है, दुनिया में जो भी आपदा होती है, तब पहले दिखते हैं स्वामिनारायण संस्था के स्वयंसेवक। जो सेवा कार्यक्रम में आगे रहते हैं।

**– શ્રી જી. કિશન રેડ્ડી**

પૂર્વોત્તર ક્ષેત્રના પ્રવાસન, સંસ્કૃતિ, વિકાસ મંત્રીશ્રી, ભારત ◆




## લોકપ્રિય અને સમૃદ્ધ સામયિક

## 'સ્વામિનારાયણ પ્રકાશ' પ્રિન્ટ આવૃત્તિ ઉપરાંત હવે ડિજિટલ સ્વરૂપે...

**મોબાઈલ ફોનમાં 'પ્રકાશ'ની એપ્લિકેશન દ્વારા રોજ સંસ્થાના તાજા સમાચારો સાથે માણો, અવનવી પ્રેરક અને રસપ્રદ સામગ્રીઓ...**

બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે સન ૧૯૩૮માં સ્થાપેલા સ્વામિનારાયણ પ્રકાશ સામયિકની હવે ડિજિટલ આવૃત્તિ મોબાઈલ ફોનમાં 'બી.એ.પી.એસ. સ્વામિનારાયણ પ્રકાશ એપ' તરીકે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે કાર્યકર સુવર્ણ મહોત્સવમાં ઉદ્‌ઘાટિત કરી દીધી છે. આપને જણાવતાં આનંદ થાય છે કે આ મોબાઈલ એપ્લિકેશનની નવી અપડેટ એટલે કે નવી આવૃત્તિ પણ આવી ગઈ છે. અહીં આપેલ QR કોડને મોબાઈલ ફોન દ્વારા સ્કેન કરીને તેનો એક પરિચયાત્મક વીડિયો માણીએ અને તે મુજબ નવી નવી માહિતી માણવાનો આનંદ લઈએ. અન્ય સ્નેહી પરિચિતોને પણ આ એપ વાપરવા પ્રેરણા આપીએ...


**એન્ડ્રોઇડ ફોનમાં પ્લે સ્ટોર કે આઈફોનમાં એપ સ્ટોર પર જઈને BAPS Prakash ટાઈપ કરો અને આ અદ્‌ભુત એપ્લિકેશન ડાઉનલોડ કરો અથવા અપડેટ કરો.**

## નૂતન પ્રકાશન


**સ્વામિનારાયણ અક્ષરપીઠ દ્વારા પ્રકાશિત વિસ્તૃત જીવન ચરિત્ર**

## બ્રહ્મસ્વરૂપ શ્રી પ્રમુખસ્વામી મહારાજ

### ભાગ-૧૦





બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની દિવ્ય જીવન-ગાથાનું આચમન કરાવતી ગ્રંથશ્રેણીનો દસમો ભાગ પ્રકાશિત થઈ ચૂક્યો છે. આ ગ્રંથમાં સ્વામીશ્રીની કલ્યાણ-યાત્રાનાં સન ૨૦૦૩ થી ૨૦૦૬ સુધીનાં વર્ષોનું ચરિત્રલેખન આવરી લેવામાં આવ્યું છે. સ્વામીશ્રીએ આ અરસામાં કરેલાં ભવ્ય કલાત્મક મંદિરોનાં નિર્માણો ભારતની આધ્યાત્મિક અને સાંસ્કૃતિક વિરાસતનાં અનુપમ સીમાચિહ્‌નો સમાં બની રહ્યાં છે. સ્વામીશ્રીએ જ્યારે નવી દિલ્હી ખાતે માત્ર પાંચ જ વર્ષમાં ભવ્ય અક્ષરધામનું નિર્માણ કર્યું ત્યારે સૌ કોઈ ભારતીય અસ્મિતાથી છલકાઈ ઊઠ્યા હતા. સ્વામીશ્રીના જીવન પર પ્રકાશ પાથરતી આ ગ્રંથ શ્રેણીનું વાંચન તેમજ અક્ષર અમૃતમ્ એપ દ્વારા શ્રવણ અને મનન કરીને જીવનને ધન્ય બનાવીએ...



**'અક્ષર અમૃતમ્'**
**એપ પર આ એકથી દસ ભાગની ઓડિયો બુકનું શ્રવણ કરવાનો આનંદ પણ નિઃશુલ્ક માણો...**

# સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા

પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના સત્સંગ સમાચાર



## ગાંધીનગરમાં સ્વામીશ્રીનો અદ્ભુત સત્સંગલાભ

તા. ૪-૧૧-૨૦૨૪ થી તા. ૧૧-૧૧-૨૦૨૪ સુધી સ્વામીશ્રીએ ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં બિરાજીને સંતો-હરિભક્તોને સત્સંગનું દિવ્ય સુખ આપ્યું હતું. એક સપ્તાહના રોકાણ દરમ્યાન સ્વામીશ્રીએ સૌનાં હૈયે અદ્ભુત સ્મૃતિઓ અંકિત કરી દીધી હતી. નિત્યકર્મથી પરવારીને સ્વામીશ્રી મંદિરમાં ઠાકોરજીનાં દર્શને પધારતા હતા ત્યારે માર્ગમાં હજારો હરિભક્તો-ભાવિકોએ તેઓના સમીપદર્શનનો લાભ પ્રાપ્ત કરીને તૃપ્તિ અનુભવી હતી. મંદિરના હોલમાં પણ દરરોજ અલગ અલગ વિસ્તારોના કાર્યકરોએ સ્વામીશ્રીનાં સમીપદર્શન કરીને તેઓની આશીર્દૃષ્ટિ ઝીલી હતી. વર્ષોથી અહીં સેવામાં જોડાયેલા સેવકો-કાર્યકરો પણ ગુરુહરિનાં દૃષ્ટિ-આશિષથી લાભાન્વિત થયા હતા. મંદિરની સમીપે રચવામાં આવેલી સભામાર્કીમાંથી સ્વામીશ્રીએ સૌને પૂજાદર્શન આપ્યાં હતાં. અહીં સાયંકાળે યોજાયેલી સત્સંગ સભાઓમાં પધારીને સ્વામીશ્રીએ સભાજનોને દર્શન-આશિષથી લાભાન્વિત કર્યા હતા. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ વગેરે લોકનેતાઓ પણ સ્વામીશ્રીનાં દર્શન-આશિષ પામીને અહોભાગી બન્યા હતા. સ્વામીશ્રીના નિવાસ દરમ્યાન કેટલીક ચિરંતન સ્મૃતિઓ ગાંધીનગરના સંતો-હરિભક્તોને પ્રાપ્ત થઈ હતી. અહીં તેની એક ઝલક પ્રસ્તુત છે...

■ **આગમન**

તા. ૪-૧૧-૨૦૨૪ના રોજ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ ગોંડલથી સંતો-ભક્તોની વિદાય લઈને હવાઈ માર્ગે ગાંધીનગર પધાર્યા. વિશ્વવિહારીદાસ સ્વામી અને ધર્મવત્સલદાસ સ્વામીએ ગુરુદેવને આવકાર્યા. સવા પાંચ વર્ષના અંતરાલ બાદ ગાંધીનગર પધારેલા સ્વામીશ્રીના સ્વાગતમાં પ્રવેશદ્વારથી છેક મંદિર સુધી પુષ્પપાંદડીઓનો ગાલીચો બિછાવી દેવામાં આવ્યો હતો! સાથે વિવિધ વેશભૂષામાં સજ્જ બાળકોએ પુષ્પપાંદડીઓ વરસાવી અને બુલંદ શંખનાદ કર્યા હતા. સૌનો ભક્તિભાવ સ્વીકારતાં સ્વામીશ્રી મંદિરમાં પધાર્યા. ઠાકોરજીનાં દર્શન બાદ આનંદસ્વરૂપદાસ સ્વામીએ સમગ્ર ગાંધીનગર સત્સંગ વતી સુંદર પુષ્પહાર પહેરાવી સ્વાગત કર્યું. ત્યારબાદ ‘સર્વને જય શ્રી સ્વામિનારાયણ!’ કહીને સ્વામીશ્રી નિજનિવાસે પધાર્યા.

■ **અક્ષરધામ દિન**

તા. ૬-૧૧-૨૦૨૪ના રોજ સ્વામીશ્રીને ગાંધીનગરના આંગણે સત્કારતો ‘સ્વાગત દિન’ તથા ‘અક્ષરધામ દિન’ ઊજવાયો, જેમાં અક્ષરપુરુષોત્તમ મહારાજ સહિત સ્વામીશ્રીને માણસાના યુવાવૃંદે કીર્તનના તાલે નૃત્ય કરી વધાવ્યા હતા.

આજે લાભપંચમીનો પવિત્ર દિન એટલે આ અક્ષરધામની પ્રતિષ્ઠાતિથિ. અહીં અક્ષરધામનું નિર્માણ થતાં તેનાથી અનેકગણા લાભ સૌને પ્રાપ્ત થયા છે. તે પૈકી આજની વિશિષ્ટ સભામાં ‘પાંચ લાભનું પંચામૃત’ મધ્યવર્તી વિચાર સાથે સુંદર કાર્યક્રમ પ્રસ્તુત થયો હતો.

પંચામૃત અંતર્ગત પ્રાસંગિક પ્રવચન, વિવિધ ઉપચારોથી ઈષ્ટદેવ-ગુરુદેવનું સ્વાગત, પંચવર્તમાન ધારી સંતોનો લાભ તેમજ દિવ્ય ગુણોવાળા અને તપ-વ્રતધારી હરિભક્તોથી સત્સંગની અભિવૃદ્ધિ થઈ રહી છે... અને અંતમાં પ્રગટ ગુરુહરિનો લાભ અને પંચમ અમૃત તરીકે અહીં નીલકંઠવર્ણીની તપોમૂર્તિનો લાભ! વગેરે અદ્ભુત કાર્યક્રમો દૃશ્ય-શ્રાવ્યના માધ્યમથી પ્રસ્તુત થયા હતા. ઈશ્વરચરણદાસ સ્વામીએ અક્ષરધામના સંકલ્પથી માંડીને તે સાકાર થયું ત્યાં સુધીનો ઈતિહાસ સરસ રીતે વર્ણવ્યો હતો.

અંતે સ્વામીશ્રીએ શુભાશિષ અર્પતાં કહ્યું: ‘‘મહારાજ-સ્વામીની દયાથી આપણી સંસ્થાનાં નાનાં-મોટાં કાર્ય ચાલી રહ્યાં છે. એ બધું ભગવાન કરે છે. એને લીધે આપણે સુખિયા છીએ. આવી ભવ્ય સમજણ હોય કે ‘શ્રીજીમહારાજ કર્તાહર્તા છે’ તો કોઈ વાતની ખામી રહે નહીં.

પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી, વિશ્વવિહારીદાસ સ્વામી, આનંદસ્વરૂપદાસ સ્વામી બધા અક્ષરધામનું સુંદર સંચાલન કરી રહ્યા છે. હરિભક્તોને ખૂબ લાભ આપી રહ્યા છે, એને લીધે સંતો-કાર્યકરો-હરિભક્તો બધાને બળ ને હિંમત ખૂબ રહે છે. બધા આવી રીતે આગળ ને આગળ વધતા રહીએ... અને આગળ હજુ બધું નવું નવું જોવા મળશે - આ જ પરિસરમાં - અહીંયાં જ! તો ખૂબ બળ ને હિંમત રાખી, શ્રદ્ધા ને વિશ્વાસ રાખી આપણું કાર્ય આગળ ને આગળ વધારજો. જય સ્વામિનારાયણ!’’

સ્વામીશ્રીએ અદ્ભુત પ્રેરણાઓ આપી અને ભવિષ્યવાણી પણ કરી. સૌ ખૂબ આનંદિત થયા.

■ **કાર્યકર દિન**

તા. ૭-૧૧-૨૦૨૪ના રોજ સ્વામીશ્રીની ઉપસ્થિતિમાં ‘કાર્યકર દિન’ નિમિત્તે યોજાયેલી સભામાં આદર્શજીવનદાસ સ્વામીએ ‘આદર્શ કાર્યકર મહંત સ્વામી મહારાજ’ વિષયક પ્રવચનનો લાભ આપ્યો હતો. ત્યારબાદ વર્ષોથી સત્સંગની સેવામાં રત ગાંધીનગરના કાર્યકરોના પ્રેરક પ્રસંગો રજૂ થયા હતા. પ્રસંગકથન દરમ્યાન સભામાં હાજર કાર્યકરે સ્વામીશ્રીની કૃપાદૃષ્ટિ ઝીલી હતી.

આજની સભામાં ઉપસ્થિત મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પોતાની હૃદયાનુભૂતિ વ્યક્ત કરતાં કહ્યું: ‘‘આ અક્ષરધામ સંકુલ તો દિવ્ય શ્રદ્ધા, ભવ્ય સંકલ્પ અને સામૂહિક દૃઢતાનું ઝગમગતું દૃષ્ટાંત છે. આ સંકુલમાં આવીને જે પવિત્રતાની અનુભૂતિ થાય છે, તે અહીં આવનાર દરેક વ્યક્તિને વધુ ધર્મપરાયણ બનાવી તેના મનમાં જનસેવાની ભાવના પ્રબળ બનાવે છે.’’ ત્યારબાદ તેઓ સ્વામીશ્રીના આશીર્વાદ અને સ્મૃતિભેટ સ્વીકારી વિદાય થયા.

હરિતિલકદાસ સ્વામીએ ગાંધીનગર સત્સંગપ્રવૃત્તિનો અહેવાલ આપ્યો. અંતે સૌના સંકલ્પ મુજબ ગાંધીનગર જિલ્લો સત્સંગના રંગે રંગાઈ જાય તે માટે સ્વામીશ્રીએ ગાંધીનગરના નકશા પર બે હાથ પસારી શુભાશિષ અર્પ્યા.

હવે સ્વામીશ્રીએ પ્રશ્નોત્તરી માધ્યમથી શુભાશિષ અર્પતાં કહ્યું: ‘‘આપણે ભગવાનને રાજી કરવા આવ્યા છીએ, બીજો કોઈ મતલબ નથી. તમને માન મળે-ન મળે, અપમાન થાય એ બધું બાયપાસ

કરી દેવું ને ભગવાનને રાજી કરવા. અને ભગવાન તો તમે નિષ્ફળ જાઓ તોય રાજી. કેમ કે ભગવાન તમારો ‘અંતરનો ભાવ કેવો છે’ એના ઉપર માર્ક્સ મૂકે છે. અને એવું ના હોય તો ગડબડ-સડબડ થઈ જાય, પણ ભગવાન બધું માપમાં - જેને જેવું ઘટે એ પ્રમાણે આપે છે. એટલે આપણે ભગવાનને કર્તાહર્તા માનીને સત્સંગ-ભક્તિ-સેવા કરવી.’’

સત્સંગ શિક્ષણ પરીક્ષામાં શ્રેષ્ઠ પરિણામ પ્રાપ્ત કરનાર ગાંધીનગરના હરિભક્તોને/મહિલા ભક્તોના પુરુષ પ્રતિનિધિઓને સ્વામીશ્રીએ દૃષ્ટિ-આશિષ આપ્યા અને આનંદસ્વરૂપદાસ સ્વામીએ તે પ્રત્યેકને મેડલ અર્પણ કર્યા હતા.

● તા. ૮-૧૧-૨૦૨૪ના રોજ ગાંધીનગરના ભક્તોએ અક્ષર-પુરુષોત્તમ મહારાજનો તુલાવિધિ કરીને અનેરો ભક્તિભાવ અર્પ્યો હતો.

## ■ યુવા દિન

તા. ૯-૧૧-૨૦૨૪ના રોજ ‘અંદર અક્ષરધામ’ મધ્યવર્તી વિચાર સાથે યોજાયેલી યુવા દિનની સભામાં યુવાવૃંદે *‘કરીએ સ્વાગતમ્...’* કીર્તન પર નૃત્યવંદના કરી હતી.

સભાના મુખ્ય કાર્યક્રમરૂપે યુવકોએ ‘અંદર અક્ષરધામ’ સંવાદ રજૂ કર્યો હતો. સંવાદ બાદ સ્વામીશ્રીએ સૌ યુવાઓના નિષ્કપટપત્રો પર પુષ્પ પધરાવી સૌને ઉદારદિલે ક્ષમા આપી. યોગીબાપાએ ૨૯મી મે, ૧૯૭૦ના રોજ કહ્યું હતું : ‘મહંત સ્વામી મહારાજ છાપ મારી આપે તો અક્ષરધામ સુધી કોઈ આડું ન આવે.’ તેની સ્મૃતિ કરતાં સ્વામીશ્રીએ યુવાનોના પાસપોર્ટ પર ‘અક્ષરધામ પાકું’ એવો સિક્કો માર્યો હતો તે વીડિયો દર્શાવવામાં આવ્યો.

અંતે એક પ્રતિનિધિ યુવકે કરેલી પ્રાર્થનાના સંદર્ભમાં પ્રૉમિસ આપતાં સ્વામીશ્રીએ કહ્યું, ‘‘અમે વચન આપીએ છીએ કે, અમે તમારો હાથ ક્યારેય છોડીશું નહીં. તમે છોડવા જશો તો પણ અમે નહીં છોડીએ!’’ (સૌએ આ વચનોને બુલંદ તાળીનાદથી વધાવ્યાં)

‘‘પ્રમુખસ્વામી મહારાજે અહીં અક્ષરધામની ભેટ આપી છે. હવે આપણે અંદર અક્ષરધામ બનાવવાનું છે. અંદર અક્ષરધામ બને તો જ ધ્યેય સિદ્ધ થયું કહેવાય. તેના માટે આજ્ઞા અને ઉપાસના બે પાંખો મજબૂત હશે તો અંદર અક્ષરધામ બની જશે.

આજ્ઞામાં સ્ત્રી-પુરુષ મર્યાદા અને મોબાઈલનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવો. સાથે પૂજા-આરતી-ચેષ્ટા વગેરે આહ્નિક વગેરેમાં દૃઢ રહેવું...

ઉપાસનામાં સત્પુરુષમાં દૃઢ વિશ્વાસ રાખવો. એમનામાં દૃઢ વિશ્વાસ રાખીએ તો આપણને શ્રીજીમહારાજનાં ચરણમાં બેસાડી દે. તેઓ વિશ્વાસ રાખવા જેવા પુરુષ છે. લાખો હરિભક્તો એમના વિશ્વાસે બેઠા છે. શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ, પ્રમુખસ્વામી મહારાજમાં ક્યાં ખામી છે? માટે ઝંપલાવી દેવું. એવી દૃઢતા કરવી કે हमारे तो एक सहजानंद सहजानंद!’’

આજરોજ સ્વામીશ્રીએ યુ.એસ.એ. ખાતેના સાન ડિઆગો (San Diego)માં નિર્માણ પામનાર બી.એ.પી.એસ. મંદિર માટે જમીનના નકશા પર દૃષ્ટિ કરી અને ‘સંપ રાખીને સેવા કરવી..’ સંદેશ લખી આપ્યો હતો.

## ■ બાળ દિન

તા. ૧૦-૧૧-૨૦૨૪ના રોજ સ્વામીશ્રીની નિશ્રામાં ઊજવાયેલી ‘બાળ દિન’ની સભામાં બાળકોએ ‘નીલકંઠ ચરિત્ર’ પ્રસ્તુત કર્યું હતું. જે અંતર્ગત બાળકોએ પ્રવચન-પારાયણ-નૃત્ય જેવાં વિવિધ માધ્યમોથી શ્રી નીલકંઠવર્ણીના પ્રસંગો રજૂ કર્યા હતા. વચ્ચે વીડિયો અને ‘પિબૈકનો પરાજય’ નૃત્યનાટિકા અને ‘સેવકરામ’ સંવાદ રજૂ થયા હતા. લોજમાં પધારેલા નીલકંઠવર્ણીના સ્વાગતમાં નૃત્ય પ્રસ્તુતિ થઈ હતી. અંતે સારરૂપે કહેવાયું, ‘નીલકંઠવર્ણીની એ કલ્યાણયાત્રા આજે મહંત સ્વામી મહારાજ દ્વારા ચાલુ જ છે.’

તપોમૂર્તિ નીલકંઠવર્ણીની અહીં પ્રતિષ્ઠા થવાની હતી, તેના આનંદમાં બાળ-યુવાવૃંદે *‘નીલકંઠવર્ણી પધારો, પધારો ભુવનમાં...’* કીર્તન પર ખૂબ સરસ નૃત્ય કર્યું. નૃત્યાંજલિ બાદ સત્સંગ વિહાર પરીક્ષામાં ખૂબ સારું પરિણામ હાંસલ કરનાર બાળકો અને બાલિકાઓ વતી તેમના પ્રતિનિધિઓ પર સ્વામીશ્રીએ આશીર્દૃષ્ટિ કરી અને આનંદસ્વરૂપદાસ સ્વામીએ મેડલ અર્પ્યા હતા. સ્વામીશ્રીની પ્રસન્નતા માટે બાળ-બાલિકાઓ અને બાળ-બાલિકા કાર્યકરોએ આજીવન લીધેલા ‘નિયમપત્રો’નો કુંભ સ્વામીશ્રીએ પ્રસાદીભૂત કરીને આશિષ અર્પ્યા.

બાળ-બાલિકાઓએ સ્વ-ખર્ચમાંથી બચત કરેલી રકમનો બચતકુંભ તપોમૂર્તિ શ્રી નીલકંઠવર્ણીનાં શ્રીચરણોમાં સમર્પિત કરીને અનન્ય સમર્પણ-ભક્તિ અદા કરી હતી.

ગાંધીનગરમાં એક સપ્તાહના રોકાણ દરમ્યાન સંતો-હરિભક્તોને સત્સંગ-દર્શનનો અદ્ભુત લાભ આપીને સ્વામીશ્રી અમદાવાદ પધાર્યા હતા.



## પેરિસ ખાતે નિર્માણાધીન બી.એ.પી.એસ. મંદિરની પ્રથમ શિલાનું પૂજન કરતા સ્વામીશ્રી...

તા. ૯-૧૧-૨૦૨૪ના રોજ, પેરિસ ખાતે નિર્માણાધીન બી.એ.પી.એસ. મંદિરની પ્રથમ શિલાનો પૂર્વ પૂજનવિધિ પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી, પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામી અને પૂજ્ય આનંદસ્વરૂપદાસ સ્વામીએ કર્યો હતો.

સ્વામીશ્રીએ આશીર્વચનમાં કહ્યું, ''આજે પેરિસ મંદિરના પ્રથમ પથ્થરનું પૂજન કર્યું. યોગીબાપાના સંકલ્પથી આ બધું કાર્ય થવાનું છે. મહારાજ અને સ્વામી આ મંદિરમાં વિરાજમાન થવાના છે! એટલે આ મંદિરની સેવા કરીએ ત્યારે પણ પોતાનાં ભાગ્ય માનીને કરવી, તો અંતરે ખૂબ બળ રહેશે.

આ પેરિસ મંદિર એક યુનિક (અદ્વિતીય) મંદિર બનશે. યોગીબાપાનો સંકલ્પ એટલે ખરેખર બેનમૂન મંદિર બનશે. શાંતિનું ધામ બનશે અને ઘણા બધાને આ મંદિરથી લાભ થશે. અને આ લાભ આપણે લેવાનો છે... આ મંદિરની સેવા માટે બધા થનગની રહ્યા છે. એટલે બધાએ તન-મન-ધનથી સેવા કરવી.''

આશીર્વચન બાદ સ્વામીશ્રીએ ઉપમંચ પર ગોઠવેલી બે શિલાઓના પૂજનવિધિ અંતર્ગત જલપ્રોક્ષણ કરીને પંચામૃત પધરાવ્યું. ચંદન, અક્ષત અને પુષ્પ વડે પૂજન કર્યું હતું. પૂજનવિધિ બાદ સેંકડો મંદિરોના વિશ્વકર્મા સ્વામીશ્રીએ કરમાં છીણી અને હથોડી લઈને બંને શિલાઓના અંદરના ભાગે વારાફરતી હળવા ટચકા મારી તેના ઘડતરની શુભ શરૂઆત કરી હતી. ત્યારપછી સ્વામીશ્રી અને સદ્‌ગુરુ સંતોએ આરતી ઉતારી. અંતમાં સૌએ અર્પેલી મંત્રપુષ્પાંજલિ બાદ પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ ઉમળકાથી ઉદ્‌બોધન કરતાં જણાવ્યું કે 'પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજને યોગીબાપાએ પેરિસની ધરતી પર ઠાકોરજી લઈને પદાર્પણ કરાવ્યું ત્યારથી આ ભૂમિ રાહ જોઈ રહી હતી. યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજનો સંકલ્પ આજે મહંત સ્વામી મહારાજ પૂર્ણ કરી રહ્યા છે. યુરોપના દેશોમાં આ મંદિર બેનમૂન તૈયાર થશે. પેરીસ અને લંડનના હરિભક્તોનો આ મંદિરના નિર્માણમાં ખૂબ ભોગ છે.'

પેરિસના સૌ હરિભક્તો વતી મંદિરકાર્યમાં સેવા આપી રહેલા સંજયભાઈ કારાને સ્વામીશ્રીએ આશીર્વાદ અર્પ્યા હતા. સાથે યુ.કે., યુરોપના હરિભક્તો પર દૃષ્ટિ-આશિષ વરસાવ્યા હતા.




**અમદાવાદમાં સ્વામીશ્રીના આધ્યાત્મિક લાભથી કૃતાર્થતા અનુભવતા હરિભક્તો**

*તા. ૧૧-૧૧-૨૦૨૪ થી તા. ૧૩-૧૨-૨૦૨૪ સુધી પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે ગુજરાતના મહાનગર અમદાવાદ ખાતે બિરાજીને સંતો તેમજ હજારો હરિભક્તોને દિવ્ય આધ્યાત્મિક લાભ આપ્યો હતો. સ્વામીશ્રીની દિવ્ય ઉપસ્થિતિમાં અહીં સત્સંગની વસંત મહોરી ઊઠી હતી. વહેલી સવારના પાંચ વાગ્યાથી શિયાળાની ગુલાબી ઠંડીમાં ઊમટતા માનવ-મહેરામણથી મંદિરનું વિશાળ પરિસર નાનું લાગતું હતું. આબાલ-વૃદ્ધ સૌ કોઈનાં હૈયે ભગવાન અને તેઓના અખંડ ધારક સંતનાં દર્શનનો અનેરો તરવરાટ અનુભવાયો હતો. મંદિરમાં નિત્ય સુંદર વસ્ત્રાલંકાર ધારીને કરીને દર્શનદાન આપતાં ઠાકોરજીનાં દર્શન કરીને સૌ ધન્યતા અનુભવતા હતા.*

*નિત્યકર્મથી પરવારીને સ્વામીશ્રી ઠાકોરજીનાં દર્શને પધારતા હતા ત્યારે પરિસરમાં તેમજ મુખ્ય માર્ગ પર ઊભેલા હજારો હરિભક્તો-ભાવિકો ગુરુદેવનાં દર્શનની એક ઝલક પ્રાપ્ત કરીને કૃતાર્થતા અનુભવતા હતા. મંદિરની પાર્શ્વભૂમાં આબાલ-વૃદ્ધ હરિભક્તોને સમીપદર્શન આપીને સ્વામીશ્રી પ્રાતઃપૂજા માટે 'યજ્ઞપુરુષ સભાગૃહ'માં પધારતા ત્યારે આ સભાગૃહ હરિભક્તો-ભાવિકોથી ખીચોખીચ ભરાઈ જતો. રવિવાર અને જાહેર રજાના દિવસોએ તો બંને સભાગૃહ હરિભક્તો-ભાવિકોથી ઊભરાતાં હતાં. પ્રાતઃપૂજા પૂર્વે પૂજ્ય આદર્શજીવનદાસ સ્વામીએ કથાવાર્તાનો લાભ આપ્યો હતો. વિવિધ ઉત્સવ-પ્રસંગોને અનુરૂપ સજાવાતાં મંચ પરથી સ્વામીશ્રીએ સૌને પૂજાદર્શન આપ્યાં હતાં. પૂજામાં સંગીતજ્ઞ સંતો-યુવકોના સુમધુર કંઠેથી ગવાતાં ભક્તિપદોથી વાતાવરણ વધુ ભક્તિસભર બની જતું. ભક્તિપદોની વચ્ચે બાળકો કાલીઘેલી ભાષામાં મુખપાઠ, સાધનામંત્ર અને પ્રાર્થનાઓ રજૂ કરતા ત્યારે સ્વામીશ્રીની પ્રસન્નતા તેઓ પર વરસી જતી. પૂજાંતે સ્વામીશ્રી 'યોગીગીતા'માં આલેખાયેલી બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજની સત્ય, પ્રિય અને હિતકર વાણી પર કથાવાર્તા કરીને સૌને બ્રહ્માનંદ કરાવતા હતા.*

*નિયત દિવસોએ અમદાવાદ ઉપરાંત ગુજરાતનાં વિભિન્ન સત્સંગ-કેન્દ્રોમાંથી ઊમટેલા હજારો હરિભક્તો-ભાવિકોના હૈયે પ્રાતઃપૂજા અને સાયંસભાઓમાં સ્વામીશ્રીનાં દર્શનની વિરલ સ્મૃતિઓ અંકિત થઈ જતી. સાયંસભામાં પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામીએ પોતાની રસાળ શૈલીમાં કથામૃતનું પાન કરાવીને સત્સંગનો મહિમા દૃઢાવ્યો હતો. સભામાં*

*સ્વામીશ્રીના આગમન બાદ બાળકો-કિશોરો-યુવકો-કાર્યકરોએ પ્રાસંગિક સભાને અનુરૂપ પ્રેરણાદાયક સાંસ્કૃતિક-કાર્યક્રમો રજૂ કર્યા હતા. જેનો હજારો હરિભક્તોએ લાભ પ્રાપ્ત કર્યો હતો. સ્વામીશ્રીની દિવ્ય ઉપસ્થિતિમાં બ્રહ્માનંદની સાથે સાથે સૌએ વિશિષ્ટ ભોજન-પ્રસાદની ચટાકેદાર લિજ્જત માણી હતી.*

*બી.એ.પી.એસ. સંસ્થાની જુદી જુદી સેવા-પ્રવૃત્તિમાં સંકળાયેલા કાર્યકરો સફેદ લેંઘો-ઝભ્ભો અને ખભા પર 'કાર્યકર સુવર્ણ મહોત્સવ'નો પટ્ટો ધારણ કરીને શિસ્તબદ્ધ રીતે મંદિરની પાર્શ્વભૂમાં રોજ સ્વામીશ્રીનાં દર્શનાર્થે બેસતા હતા. સંસ્થાના પ્રાણવાન આ કાર્યકરોને સ્વામીશ્રીએ સાયંસભામાં જતા પહેલાં સમીપદર્શન આપીને તેઓ પર પ્રસન્નતા વરસાવતા. સ્વામીશ્રીના અહીંના રોકાણ દરમ્યાન નિત્ય અમદાવાદનાં વિવિધ સત્સંગકેન્દ્રોમાંથી મોટી સંખ્યામાં પદયાત્રીઓ દર્શનાર્થે આવ્યા હતા. આ પદયાત્રીઓ પૈકી સેંકડો હરિભક્તોએ 'મહંતજી વ્રત' તથા અન્ય વ્રત-તપ-ઉપવાસની ભાગીરથી વહાવી ગુરુહરિનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો.*

*સ્વામીશ્રીના સાંનિધ્યમાં અમદાવાદના આંગણે વહેલી સવારથી લઈને મોડી રાત સુધી સત્સંગ-ભક્તિનો એક અનોખો જુવાળ પ્રગટ્યો હતો. સૌને સત્સંગ-દર્શનનું વિશેષ સુખ આવે તે માટે સંતો-સ્વયંસેવકો ખડે પગે સેવામાં રત રહ્યા હતા. સભાગૃહમાં દૂર દૂર બેઠેલા હરિભક્તોના હૈયે વિશાળ એલ.ઈ.ડી. સ્ક્રીન પર દર્શાવાતાં સ્વામીશ્રીનાં દર્શન-આશિષની સ્મૃતિઓ સદાયને માટે કંડારાઈ ગઈ હતી. વળી, સંસ્થાની વેબસાઈટ પરથી સમયાંતરે રજૂ થતી સ્વામીશ્રીની પ્રાતઃપૂજાનો વીડિયો તથા વિવિધ ફોટોગ્રાફ્સ નિહાળી દેશ-વિદેશના લાખો હરિભક્તોને સ્વામીશ્રીનાં પ્રત્યક્ષ દર્શનનું સુખ પ્રાપ્ત થયું હતું. અમદાવાદ ખાતે સ્વામીશ્રીના સાંનિધ્યમાં સતત એક મહિના કરતાં વધુ સમય સુધી આધ્યાત્મિક કાર્યક્રમોની ભરમાર વહી હતી, તેનું અહીં સંક્ષિપ્તમાં આચમન કરીએ...*

### ■ આગમન

તા. ૧૧-૧૧-૨૦૨૪ના રોજ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ ગાંધીનગરથી સંતો-હરિભક્તોની વિદાય લઈને અમદાવાદ પધાર્યા હતા. સ્વામીશ્રીના આગમન નિમિત્તે મંદિરમાં સુંદર સુશોભન કરવામાં આવ્યું હતું. ઝળહળી રહેલા દીવાઓથી મંદિરનો નજારો વિશેષ સોહી રહ્યો હતો. સ્વામીશ્રીના આગમન-માર્ગને પુષ્પોથી મઢવામાં આવ્યો હતો. મોડી સાંજે શાહીબાગ સ્થિત બી.એ.પી.એસ. મંદિરે પધારેલા ગુરુદેવનું સંતો તેમજ હજારો હરિભક્તોએ ઉમળકાભેર સ્વાગત કર્યું હતું.

### ■ દેવપ્રબોધિની એકાદશી

તા. ૧૨-૧૧-૨૦૨૪ના રોજ સ્વામીશ્રીના સાંનિધ્યમાં કાર્તિક સુદ એકાદશી એટલે કે દેવપ્રબોધિની એકાદશીનો ઉત્સવ ઊજવાયો હતો.

સ્વામીશ્રીની પ્રાતઃપૂજાથી જ આજના ઉત્સવનો આરંભ થયો. 'યજ્ઞપુરુષ સભાગૃહ'નો મંચ ઉત્સવને અનુરૂપ વિવિધ શાકભાજીની હાટડીથી શોભી રહ્યો હતો. પૂજા દરમ્યાન સંતો-ભક્તોએ ઉત્સવને અનુરૂપ કીર્તનો ગાયાં. પૂજા બાદ સ્વામીશ્રી વિવિધ શાક કરમાં ગ્રહીને સૌને દર્શાવતા હતા ત્યારે આદર્શજીવનદાસ સ્વામીએ તે શાકભાજીના વિવિધ ગુણધર્મો જણાવ્યા હતા. સ્વામીશ્રીએ તેમાં સહર્ષ સંમતિ પુરાવી હતી.

મંદિરમાં ઠાકોરજીનાં પ્રત્યેક ખંડમાં પણ વિવિધ ફળોની અને લીલા તાજાં શાકભાજીની કલાત્મક હાટડી ભરવામાં આવી હતી. સાથે શાકભાજીને અનુરૂપ વાક્યો પણ લખેલાં હતાં. સ્વામીશ્રીએ દર્શન કરીને પ્રસન્નતા વ્યક્ત કરી.

પરંપરા મુજબ શેરડીના સાંઠા પર જડેલી શ્રીફળની કાચલીમાં પ્રગટાવેલા દીવા વડે સ્વામીશ્રીએ મધ્યખંડમાં આરતી ઉતારી. ઘનશ્યામ મહારાજ અને હરિકૃષ્ણ મહારાજના ખંડમાં વરિષ્ઠ સંતોએ આરતી ઉતારી હતી.

આજે સવારથી પ્રબોધિનીનું અનહદ દર્શન-સ્મૃતિસુખ આપીને સ્વામીશ્રી નિજનિવાસે પધાર્યા.

### ■ દેવદિવાળી-સ્વાગત દિન

તા. ૧૫-૧૧-૨૦૨૪ ને કાર્તિકી પૂર્ણિમાના પવિત્ર પર્વે મંદિરમાં ઠાકોરજી સમક્ષ ભવ્ય અન્નકૂટ રચવામાં આવ્યો હતો. સ્વામીશ્રીએ અન્નકૂટ સાથે ઠાકોરજીની આરતી ઉતારી વિશિષ્ટ સ્મૃતિ આપી હતી.

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજને અમદાવાદના આંગણે સત્કારતો 'સ્વાગત દિન' સાયંકાળે યોજાયો હતો. આ સ્વાગત કાર્યક્રમ નવીનતાની સાથે વિશેષતાઓથી ભરપૂર હતો. પરબ્રહ્મ સ્વામિનારાયણ ભગવાનથી લઈને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજને વધાવતો સુંદર સ્વાગત-કાર્યક્રમ રજૂ થયો હતો. જેમાં, સ્વામિનારાયણ ભગવાનથી લઈને તમામ ગુણાતીત ગુરુવર્યોએ ઊજવેલા ઉત્સવો અને તેઓના સમયના

સ્મરણીય પ્રસંગોની સ્મૃતિ કરાવતા બાળકો-કિશોરો-યુવકો-હરિભક્તો-વરિષ્ઠ હરિભક્તો વારાફરતી ખાદ્યવાનગીઓ લઈને સ્વામીશ્રીને જમાડવાના ભાવથી મંચ પરથી પસાર થયા. આ દરમ્યાન પ્રસંગને અનુરૂપ વાગી રહેલા કીર્તનના તાલે બાળકો-યુવકોએ ઉપમંચ પર નૃત્યવંદના કરી હતી. સાથે પ્રસંગને અનુરૂપ વાક્યો લઈને હરિભક્તો પસાર થયા હતા. સ્વામીશ્રીએ સૌ પર પ્રસન્નતાપૂર્વક કૃપાદૃષ્ટિ કરી હતી.

અંતમાં, સ્વામીશ્રીએ પોતાના પ્રિય પાત્ર એવા બાળકોને ખૂબ જ ચૉકલેટો જમાડી છે, તેથી બાળકો વિવિધ ચૉકલેટો લઈને પસાર થયા. સાથે સ્વામીશ્રીએ વર્તમાન સમયે સૌને વ્રત-તપની વિશેષ પ્રેરણા આપી છે, તેથી સમગ્ર વિશ્વના સત્સંગી પરિવારોમાં આબાલ-વૃદ્ધ હરિભક્તો 'મહંતજી વ્રત' કરી રહ્યા છે. આ સૌ હરિભક્તોનાં પારણાં માટે આદું-લીંબુના થાળ લઈને ભક્તો પસાર થયા તે વખતે *'સ્વાગત કરીએ રે, ગુરુચરણે નમીએ રે...'* કીર્તન પર નૃત્ય પ્રસ્તુતિ થઈ હતી.

માત્ર વીસ જ મિનિટની આ રંગારંગ પ્રસ્તુતિમાં સૌને બસ્સો વર્ષની ઝાંખી પ્રાપ્ત થઈ હતી. સાત વિભાગોમાં પ્રસ્તુત થયેલા કાર્યક્રમમાં ૧૧૫૦થી વધુ કાર્યકરો જોડાયા હતા. 'કાર્યકર સુવર્ણ મહોત્સવ'ના ઉપક્રમે કાર્યકરોએ ગુરુહરિને વધાવવાની સાથે સમીપદર્શન અને તેઓની આશીર્દૃષ્ટિનો લાભ પ્રાપ્ત કર્યો હતો.

### ■ સ્વરૂપનિષ્ઠા દિન

તા. ૧૬-૧૧-૨૦૨૪ના રોજ સ્વામીશ્રીની ઉપસ્થિતિમાં સ્વરૂપ-નિષ્ઠાની દૃઢતા કરાવતો 'સ્વરૂપનિષ્ઠા દિન' ઊજવાયો હતો. આજના દિનને અનુરૂપ પ્રથમ સંવાદરૂપે 'એની રીતે રીત' પ્રસ્તુત થયો હતો. ત્યારપછી બીજો સંવાદ 'આ જુદા છે' રજૂ થયો હતો. તેમાં શ્રીજીમહારાજના વખતના એક દૃશ્યને રજૂ કરીને અંતે સંદેશ અપાયો કે ભગવાન અને સંતની ભેગા રહેનાર તેઓને ઓળખી જાય કે આ દેખાય છે મનુષ્ય જેવા પણ 'જુદા છે!'

અંતે સ્વામીશ્રીએ સ્વરૂપનિષ્ઠાનો મહિમા સમજાવતાં કહ્યું: ''આ પ્રગટની વાત ચાલે છે. જો પ્રગટ ના હોય તો મીંડું. કોને પૂજવા? કોને ભજવા? કોની આજ્ઞા પાળવી?! એટલે પ્રગટ તો જોઈએ.

શાસ્ત્રીજી મહારાજે કહ્યું : 'સત્પુરુષ પૃથ્વી પરથી કદી જતા જ નથી.' આપણો સંપ્રદાય પ્રગટનો જ છે. પ્રગટ ના હોય તો કાંઈ પ્રાપ્તિ નહીં - બધું મીંડું મીંડું! વારાફરતી જે સત્પુરુષ આવે તે પ્રગટ...''

પ્રગટ ગુરુહરિએ પ્રગટનો સિદ્ધાંત સુંદર રીતે સમજાવ્યો. સૌએ તાળીનાદથી આ વાતને વધાવી હતી.

### ■ કાર્યકર દિન

તા. ૧૭-૧૧-૨૦૨૪ના રોજ રવિસભા 'કાર્યકર દિન' નિમિત્તેની વિશિષ્ટ સભા બની રહી હતી. સભામાં મુખ્ય કાર્યક્રમરૂપે 'સોનાનાં હૈયાં' સંવાદ રજૂ થયો હતો. સંવાદમાં સમર્પિત, સેવાભાવી અને અલૌકિક ગુણોયુક્ત કાર્યકરોના પ્રસંગો રજૂ થયા હતા. જે કાર્યકરનો પ્રસંગ રજૂ થતો હતો તેમના પર સ્વામીશ્રીએ આશીર્દૃષ્ટિ કરી હતી.

અંતે સ્વામીશ્રીએ સૌ કાર્યકરોની સેવા-સમર્પણભક્તિને બિરદાવતાં જણાવ્યું: ''ખરેખર! સોનાનું મૂલ્ય પણ ફિક્કું પડી જાય એવું તમારું વર્તન છે. વર્તનથી આપણે એવા શુદ્ધ થવું, એવા પવિત્ર થવું કે કોઈ રીતે ખામી રહે નહીં ને સોનાનાં હૈયાં ખરેખર તમે બની જાઓ. ટૂંકમાં - બ્રહ્મરૂપ થવું, એકાંતિક થવું એ પૂર્ણાહુતિ છે.''

સ્વામીશ્રીએ આપેલા સુંદર પ્રેરણાશિષ બાદ અમદાવાદમાં છેલ્લાં પિસ્તાળીસ કે તેથી વધુ વર્ષોથી સત્સંગની સેવા કરી રહેલા વરિષ્ઠ કાર્યકરોને સન્માનવામાં આવ્યા હતા. સંસ્થાના તમામ કાર્યકરોને ઘડનાર, તેમનાં હૈયાં સોનાના કરનાર પૂજ્ય મહંત સ્વામી મહારાજને યુવાવૃંદે 'हम बी.ए.पी.एस. के कार्यकर, हम महंत स्वामी के कार्यकर...' કીર્તન પર જોશભર્યું નૃત્ય કરીને વધાવ્યા હતા.

નૃત્યાંજલિ બાદ સ્વામીશ્રી સંગે સૌ આરતીનો લાભ લઈને વિદાય થયા.

### ■ યુવા દિન

તા. ૧૯-૧૧-૨૦૨૪ના રોજ અમદાવાદ યુવકમંડળના યુવકોએ 'યુવા દિન'ની ઉજવણી દ્વારા વિશિષ્ટ રીતે ભક્તિ અદા કરી હતી. આ યુવા દિનનો મધ્યવર્તી વિચાર હતો 'મન જીત્યું તેણે જગત જીત્યું.' સભામાં સ્વામીશ્રીના આગમન બાદ આ જ વિચારને કેન્દ્રમાં રાખીને ક્રિકેટની રમતના માધ્યમથી એક વિશિષ્ટ પ્રસ્તુતિ દ્વારા જીવનની પરિસ્થિતિમાં યુવા કાર્યકરો કેવી રીતે વર્તીને ગુરુહરિને રાજી કરે છે, તે દર્શાવાયું હતું. સાથે સાથે આજ્ઞાપાલન, સમજણ, પ્રામાણિકતા, કઠિન પરિસ્થિતિઓમાં સત્સંગ સેવાને પ્રધાનતા આપી રહેલા સમર્પિત કાર્યકરોના પ્રેરક પ્રસંગો રજૂ થયા હતા.

અંતમાં, સ્વામીશ્રીએ સૌ યુવાઓને પ્રેરણાબોધ આપતાં કહ્યું: ''આદર્શ કાર્યકર કોને કહેવાય? એક તો -

આજ્ઞા અને ઉપાસના તેના જીવનમાં દૃઢ હોય. આજ્ઞામાંઃ શ્રીજીમહારાજે જે નિયમ આપેલા છે એનું પાલન. આજ્ઞામાં સમજણ પણ ઘણી બધી આવી જાય. ભગવાનને કર્તાહર્તા સંપૂર્ણ જાણીએ એમાંથી ઘણું બધું બળ પણ મળશે. અને નિયમ-ધર્મ સહેજે જ આવે. પછી આપણા આહ્નિક-સેવા-ભક્તિ આ બધું લક્ષ્ય રાખીને કર્યા કરીએ તો આદર્શ કાર્યકર કહેવાઈએ.

બીજી વાત, આદર્શ કાર્યકરમાં સંપ -સુહૃદભાવ-એકતા હોય અને પ્રેમથી હોય. તે નમ્રતા, નિર્માનીપણું રાખીને પાર પડે. આ બધાં મુખ્ય મૂલ્યો છે. તે કર્તાહર્તાની સમજણની પુષ્ટિ કરે... એકબીજાનો મહિમા સમજીને કાર્ય કરવું. મુખ્ય તો વિશ્વાસ કે 'ભગવાન છે' પછી બધું ક્રમવાર આવે.'' સ્વામીશ્રીએ પ્રેરણાવચનોમાં સૌને આદર્શ કાર્યકરની વ્યાખ્યા શીખવી દીધી.

## ■ મહાનુભાવ દિન

અમદાવાદ ખાતેના રોકાણ દરમ્યાન પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં દર્શન-આશીર્વાદનો લાભ પ્રાપ્ત કરવા માટે દૂર-સુદૂરથી નિત્ય હજારો હરિભક્તો ઊમટતા હતા. હરિભક્તોની સાથે વિવિધ ક્ષેત્રોના મહાનુભાવોને પણ સ્વામીશ્રીનાં દર્શનનો લાભ મળે તે માટે બે દિવસ આરક્ષિત રખાયા હતા.

તા. ૨૦, ૨૧ નવેમ્બર, ૨૦૨૪ના રોજ સાયંસભામાં રાજકીય લોકનેતાઓ, ઉચ્ચ પદાધિકારીઓ, સાહિત્યકારો, વ્યાવસાયિકો, ઉદ્યોગપતિઓ, નગરશ્રેષ્ઠીઓ, પત્રકારો, બિલ્ડર્સ, વ્યાપારીઓ વગેરે અલગ અલગ ક્ષેત્રો સાથે સંકળાયેલા મહાનુભાવો સ્વામીશ્રીનાં દર્શન-આશિષ પામીને કૃતાર્થ થયા હતા.

૯૨ વર્ષની જૈફ વયે ઉત્સાહપૂર્વક અને ભક્તિભાવપૂર્વક સતત હિન્દુ સંસ્કૃતિ અને સમાજના ઉત્કર્ષનું કાર્ય કરી રહેલા સ્વામીશ્રીની પવિત્રતા, સાધુતા, દિવ્યતા અને નિર્મળ પ્રતિભા સૌ મહાનુભાવોને સ્પર્શી ગઈ હતી.

## ■ પ્રમુખવરણી અમૃત દિન

'પ્રમુખવરણી દિન' એટલે બી.એ.પી.એસ. સંસ્થાનો અતિ મહિમાવંતો અને ઐતિહાસિક દિન. બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે અમદાવાદની આંબલીવાળી પોળમાં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજને બી.એ.પી.એસ. સંસ્થાના પ્રમુખપદની ચાદર ઓઢાડી તે ઐતિહાસિક પ્રસંગને આવતા વર્ષે ૭૫ વર્ષ પૂર્ણ થઈ રહ્યાં છે. તેના અમૃત મહોત્સવની પ્રતીકાત્મક ઉજવણી કરતો 'પ્રમુખવરણી અમૃત દિન' તા. ૨૨-૧૧-૨૦૨૪ના રોજ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની સંનિધિમાં યોજાયો હતો.



ધૂન, પ્રાર્થના, કીર્તનગાનથી આરંભાયેલી આજની વિશિષ્ટ સભામાં પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામીએ પ્રસંગોચિત ઉદ્‌બોધનનો લાભ આપ્યો હતો. સભામાં સ્વામીશ્રીના આગમન બાદ, ૫૦ વર્ષ પૂર્વે યોજાઈ ગયેલા પ્રમુખવરણી દિનના ઐતિહાસિક પ્રસંગની સ્મૃતિ કરાવતો અદ્‌ભુત સંવાદ યુવકોએ રજૂ કર્યો હતો. આ સંવાદને નિહાળતા સૌ સભાજનો તે સમયની સ્મૃતિઓમાં સરી પડ્યા હતા. અને બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે બી.એ.પી.એસ. સંસ્થાને મહાન સંતવિભૂતિ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની ભેટ આપી તે બદલ કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી.

આજની સભામાં ઉપસ્થિત મૂર્ધન્ય સાહિત્યકાર શ્રી રઘુવીરભાઈ ચૌધરીએ પોતાની ભાવોર્મિઓ વહાવતાં કહ્યું, 'શ્રીજીમહારાજનો વારસો જે પ્રમુખસ્વામી મહારાજ સંભાળતા તે હવે મહંત સ્વામી મહારાજ સંભાળે છે. આ સંપ્રદાયમાં સાતત્ય છે... અહીં માત્ર પૂજા નથી, સેવા પણ છે.

સ્વામિનારાયણ સંપ્રદાયે ભારતીય ધર્મ - ખાસ કરીને સનાતન હિન્દુ ધર્મનો ઉત્કર્ષ કર્યો, તેને એક નવી દિશા આપી અને એનો ફેલાવો પણ કર્યો છે.' સૌએ તાળીનાદથી તેઓની ભાવનાને વધાવી.

અંતમાં સ્વામીશ્રીએ ગુરુવર્ય પ્રમુખસ્વામી મહારાજે તે દિવસે લીધેલી 'પ્રમુખ પ્રતિજ્ઞા'નું વાંચન કર્યું અને તેના દરેક વાક્ય પર પોતાના હૃદયની ભાવનાઓ વ્યક્ત કરતાં કહ્યુંઃ ''સ્વામીબાપાએ આ પ્રતિજ્ઞા નથી કરી, હરિભક્તો-સંતો માટે તેઓને ખૂબ લાગણી હતી, તે બહાર આવી છે, ખાલી પ્રતિજ્ઞા નહીં. પ્રતિજ્ઞા તો કેટલાય કરતા હોય છે, પણ બધું ગુરુ માટે જ. પોતા માટે કાંઈ નહીં.

પ્રતિજ્ઞામાં કેટલી નમ્રતા! બધું વડીલ સંતો કરે છે, કરવાના છે. ફક્ત સ્વામીબાપાને આશીર્વાદ ઝીલવાના છે, એવી રીતે માગણી કરી છે... પણ કાર્યરત થઈને, જરાય છટકબારી નહીં. સંપૂર્ણ વફાદારી રાખીને, સંપૂર્ણ પરિશ્રમ ઉઠાવીને. આ સત્સંગની અભિવૃદ્ધિ થાય એના માટે જ તેઓનો પ્રયત્ન રહેશે એવું સ્વામીબાપા બોલ્યા.'' સૌએ તાળીનાદથી પ્રગટ ગુરુહરિને વધાવ્યા.

અંતમાં ઠાકોરજીને આરતી-અર્ઘ્ય અર્પ્યા બાદ સંતોએ પ્રમુખસ્વામી મહારાજના પ્રગટસ્વરૂપ સ્વામીશ્રીને હારતોરાથી વધાવીને આશિષ લીધા. સૌનો ભક્તિભાવ સ્વીકારી, સભાજનોને ભાવપૂર્વક વંદન કરતાં સ્વામીશ્રી નિજનિવાસે પધાર્યા.

● તા. ૨૩-૧૧-૨૦૨૪ના રોજ સંતો માટે યોજાયેલી વિશિષ્ટ સભામાં સ્વામીશ્રીએ સંતોને સુખની લહાણી કરતાં દિવ્ય લાભ આપ્યો હતો. 'એક સમે અમદાવાદમાં' મધ્યવિચાર સાથે યોજાયેલી સંતસભામાં, અમદાવાદમાં શ્રીજીમહારાજથી માંડીને ગુરુ-પરંપરાઓએ જે લાભ આપ્યા તેને સંલગ્ન સ્મૃતિલાભ સંતોને મળ્યો હતો.

## ■ બાળ દિન

તા. ૨૪-૧૧-૨૦૨૪ના રોજ બાળકોએ સ્વામીશ્રીના સાંનિધ્યમાં 'બાળ દિન' ઊજવ્યો હતો. વળી, આજે રવિવાર હોવાથી ખૂબ મોટી સંખ્યામાં ઊમટેલા હરિભક્તોથી બંને સભામંડપ ખીચોખીચ ભરાઈ ગયા હતા.

'બાળ દિન'નો મધ્યવર્તી વિચાર હતોઃ 'મિશન રાજીપો.' સ્વામીશ્રીના આગમન બાદ તેની મુખ્ય પ્રસ્તુતિ 'તેલ પળીનો વેપાર' સંવાદ દ્વારા થઈ. આ પ્રેરણાત્મક સંવાદ દ્વારા બાળકોને સમજાયું કે મહંત સ્વામી મહારાજની આજ્ઞા પાળીશું તો સોનાના થઈ જશું. તેમની અત્યારે મુખ્ય આજ્ઞા હતી - સત્સંગદીક્ષા ગ્રંથનો મુખપાઠ. સ્વામીશ્રીએ ગોંડલમાં સત્સંગ દીક્ષાનો મુખપાઠ કરવા અંગે જે પત્ર લખ્યો હતો તેનો ઉલ્લેખ થયો. અને તે પરથી બાળકોને આ મુખપાઠ મહાયજ્ઞમાં જોડાવાની અને તેમનાં માતા-પિતાને તેમાં સહાયરૂપ થવાની, પ્રોત્સાહન આપવાની પ્રેરણા અપાઈ.

અંતે આ દિવ્ય સંકલ્પનો મંગલ પ્રારંભ સ્વામીશ્રીએ જ દીપ પ્રાગટ્યથી કર્યો. તે સાથે બાળકોએ *'ગુણોના મહાસાગર મહંત સ્વામી જગથી ન્યારા...'* કીર્તનના સંગીત પર નૃત્ય કરી આનંદ અભિવ્યક્ત કર્યો. આમ, સ્વામીશ્રીના સંકલ્પમાં ભળવા સૌ તૈયાર થયા. તે સૌને સ્વામીશ્રીએ પ્રતિજ્ઞાઓ ઝિલાવી.

અંતમાં પ્રશ્નોત્તરીના માધ્યમથી સ્વામીશ્રીએ બાળકોને બોધવચનો કહ્યાં, ''બાળકો બાળસભામાં તો અઠવાડિયામાં એકવાર આવતા હોય છે. જ્યારે વાલીઓ સાથે વધુ સમય વિતાવતા હોય છે, તો બાળ-બાલિકાઓને વાલીઓ મુખપાઠ કરાવે-નિયમિતપણે અને સારી રીતે. બધા વાલીઓ મહિમા સમજે કે અત્યારે બાળકો નાના છે, પણ તત્ત્વજ્ઞાન તેમની અંદર છે, તે તો મહાન છે! તે જ્ઞાન થાય તો કેટલી મોટી વાત થઈ જાય! શ્રીજીમહારાજનાં ચરણ સુધી પહોંચી જાય એવું તત્ત્વજ્ઞાન છે.

આ બધાં બાળ-બાલિકાઓ સત્સંગદીક્ષાનો મુખપાઠ કરે તેની ફળશ્રુતિ 'અક્ષરધામ!' છે.''

## ■ મંદિર દિન

તા. ૨૫-૧૧-૨૦૨૪ના રોજ, અમદાવાદના જગતપુર વિસ્તારમાં નિર્માણાધીન શિખરબદ્ધ બી.એ.પી.એસ. મંદિરની સ્મૃતિમાં 'મંદિર દિન' ઊજવાયો હતો. આ નિમિત્તે યોજાયેલી સાયંસભામાં આ જ વિસ્તારના હરિભક્તોએ મંદિરનો મહિમા દૃઢાવતો અને સમર્પણની પ્રેરણા આપતો 'દૂબળી ભટ્ટ' સંવાદ રજૂ કર્યો હતો.

સંવાદના અનુસંધાનમાં પ્રેરણાશિષ આપતાં સ્વામીશ્રીએ કહ્યું: ''સમર્પણ તો બધા કરે છે, પણ સમર્પણ કરવાનો ભાવ અંદર હોય તે નંબર મારી જાય. દાદાખાચર ને બધા ભક્તોએ સમર્પણ કર્યું, તેમાં તેઓનો ભાવ હતો. ભાવની વાત જુદી છે. જેમ જેમ ભાવ વધે એમ એમ કિંમત પણ વધે.

મહારાજ-સ્વામીનો મહિમા સમજાય તો આવો સમર્પણભાવ પ્રગટ થાય. સમર્પણભાવ આવે એટલે સમર્પણ કરવાની હિંમત આવે અને સમર્પણ કરવાની કિંમત પણ સમજાય. તો આવી રીતે આપણે સમર્પણ કરવાનું છે, સેવા-ભક્તિ કરવાની છે.''

આજે વહેલી સવારે સ્વામીશ્રીએ અમદાવાદના જગતપુર વિસ્તારમાં નિર્માણાધીન શિખરબદ્ધ બી.એ.પી.એસ. મંદિરના પ્રથમ દ્વાર-ઉદુમ્બરનું પૂજન કરીને આરતી ઉતારી હતી.

આજે જગતપુર વિસ્તારના હરિભક્તોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને આ કાર્યક્રમની સાથે સાથે સ્વામીશ્રીનાં દર્શન-આશિષનો લાભ પ્રાપ્ત કર્યો હતો.

## ■ દાસત્વ દિન

તા. ૨૮-૧૧-૨૦૨૪ના રોજ સ્વામીશ્રીના પ્રિય વિષય દાસત્વ દૃઢાવતો 'દાસત્વ દિન' ઊજવાયો હતો. આ દિનના ઉપક્રમે 'મંગળિયો' સંવાદ રજૂ થયો હતો. સંવાદના અંતે સારરૂપે કહેવાયું કે 'ભગવાન અને સંત આગળ તો માન ન જ રાખવું; તો જ સુખી થવાય.'

આજની સભામાં એક વિશિષ્ટ પ્રસંગ યોજાયો હતો. વિશ્વવિખ્યાત મૅનેજમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ IIM (અમદાવાદ)ના ત્રણ પ્રોફેસરો શ્રી વિશાલ ગુપ્તા, શ્રી સરલ મુખર્જી અને શ્રી ચેતન સોમન દ્વારા તૈયાર કરાયેલા 'પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવ' વિષયક ત્રણ અભ્યાસપૂર્ણ કેસ સ્ટડીઝનું પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના વરદહસ્તે ઉદ્‌ઘાટન કરાયું હતું. આ કેસ સ્ટડીઝનો એક વીડિયો દર્શાવામાં આવ્યો હતો. ત્યારબાદ ત્રણેય પ્રોફેસરોના પ્રતિનિધિરૂપે શ્રી વિશાલ ગુપ્તાએ સ્વાનુભૂતિઓ કહી: 'અમે લોકો ખૂબ જ ભાગ્યશાળી છીએ કે અમે આ મહોત્સવનો અભ્યાસ કર્યો અને તેને સ્ટડીઝના માધ્યમથી પ્રસ્તુત કર્યો. આ નગરના નિર્માણને મેં નજીકથી નિહાળ્યું છે. તેમાં, સ્વયંસેવકોના સમર્પણને જોયું છે. તેને કદાચ કોઈ મૅનેજમેન્ટ સમજી-વિચારી નહીં શકે! હું તેને માનવીય ઉત્સાહ-લગનની અસીમિતતા કહું છું.'


સૌએ તાળીનાદથી વિશાલજીની અનુભૂતિને વધાવી હતી. સ્વામીશ્રીએ ત્રણેય પ્રોફેસરોને આશિષ અર્પ્યા હતા.

## ■ ગુરુહરિનાં દર્શન કરીને કૃતાર્થ થયા દંઢાવ્ય પ્રદેશના હરિભક્તો...

તા. ૨૯, ૩૦ નવેમ્બર અને તા. ૩, ૪ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ ઉત્તર ગુજરાતના હજારો હરિભક્તો-ભાવિકો સ્વામીશ્રીનાં દર્શને ઊમટ્યા હતા.

મહેસાણા તેમજ હિંમતનગર ખાતેના બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરના નેજા હેઠળ ચાલતાં સત્સંગ-કેન્દ્રોના હજારો હરિભક્તો-ભાવિકો માટે ચાર દિવસ આરક્ષિત રખાયા હતા. પ્રથમ બે દિવસ મહેસાણા ઝોનના મહેસાણા, ઊંઝા, સિદ્ધપુર, ખેરાલુ, પાટણ, પાલનપુર, ડીસા, ધાનેરા, રાધનપુર, થરા, દિયોદર, ભાભર, વાવ વગેરે દૂર-દૂરનાં સત્સંગ-કેન્દ્રોમાંથી અને તૃતીય-ચતુર્થ દિને હિંમતનગર ઝોનના હિંમતનગર, ખેડબ્રહ્મા, પોશીના, પ્રાંતિજ, ચિત્રોડી, તલોદ, ઈડર, ઉમેદપુરા, મોડાસા, માલપુર, બાયડ, મેઘરજ વગેરે સત્સંગ-કેન્દ્રોમાંથી ખૂબ મોટી સંખ્યામાં ભક્તજનો ઊમટ્યા હતા. વહેલી સવારે સ્વામીશ્રીની પ્રાત:પૂજામાં બાળકોએ મુખપાઠ તેમજ સંગીતજ્ઞ યુવકોએ કીર્તન-ભક્તિ અને આદિવાસી બંધુઓએ વાદ્યો સાથે પોતાની પ્રાદેશિક ભાષામાં ભજનો લલકાર્યાં હતાં. ભજનની સાથે પ્રાદેશિક પહેરવેશમાં આદિવાસી બંધુઓએ ભક્તિનૃત્ય કરીને સ્વામીશ્રીનો રાજીપો ઝીલ્યો હતો. આ અનોખા ભક્તિસંગીતના તાલે સમગ્ર સભાજનો ડોલી ઊઠ્યા હતા.

સાયંસભાઓમાં પણ આ સત્સંગ-કેન્દ્રોના બાળકો-કિશોરો-યુવકો-કાર્યકરોએ વિવિધ વિષયો સાથે સ્કિટ, સંવાદ, નૃત્ય વગેરે ભક્તિસભર કાર્યક્રમો પ્રસ્તુત કરીને સ્વામીશ્રીની પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી. પ્રેરક અને સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરનારને સ્વામીશ્રીએ સ્મૃતિછબિનો લાભ આપ્યો હતો. ચારેય દિવસો દરમ્યાન સ્વામીશ્રીએ આ સત્સંગ-કેન્દ્રોના




હજારો હરિભક્તોને સમીપદર્શન-આશીર્વાદથી લાભાન્વિત કર્યા હતા. સાથે આ સત્સંગકેન્દ્રોમાં વિચરણ કરતા સંતોને પણ સ્વામીશ્રીનો કૃપાલાભ મળ્યો હતો. ખેરવા સ્થિત બી.એ.પી.એસ. વિદ્યામંદિરના બાળકો સ્વામીશ્રીની કૃપાદૃષ્ટિ પામીને હરખઘેલા બન્યા હતા.

કડીના બી.એ.પી.એસ. મંદિરના રજત જયંતી મહોત્સવનું સ્વામીશ્રીએ દીપ પ્રાગટ્ય દ્વારા મંગલ ઉદ્‌ઘાટન કરીને સૌને આશિષ અર્પ્યા હતા.

### ■ ઝોળી પર્વ

તા. ૧-૧૨-૨૦૨૪ના રોજ સ્વામીશ્રીની પાવન ઉપસ્થિતિમાં ઝોળી પર્વની પ્રતીક સભા યોજાઈ હતી. ભગવાન સ્વામિનારાયણ અને ગુરુહરિની આજ્ઞાનુસાર હજારો હરિભક્તો આજે સમર્પણ-ભક્તિ અદા કરવા માટે ઊમટ્યા હતા.

આજની રવિસભા ઝોળી પર્વ નિમિત્તેની વિશિષ્ટ સભામાં પરિણમી હતી, તેથી બંને સભામંડપ હકડેઠઠ ભરાયેલા હતા. સ્વામીશ્રી પ્રથમ ‘પ્રમુખસ્વામી ઓડિટોરિયમ’માં પધાર્યા. અહીં અક્ષરપુરુષોત્તમ મહારાજને આરતી-અર્ઘ્ય અર્પ્યા બાદ સ્વામીશ્રીએ ખભે ઝોળી ધારણ કરીને આહ્‌લેક લગાવીઃ ‘સ્વામિનારાયણ હરે!... સચ્ચિદાનંદ પ્રભો!’ સૌએ સમૂહમાં ઉત્સાહથી આ આહ્‌લેક ઝીલી. સંતોએ હરિભક્તોના સંકલ્પપત્રો સ્વામીશ્રીની ઝોળીમાં પધરાવ્યા.

અહીં સૌને દર્શન-ઉત્સવનો લાભ આપી સ્વામીશ્રી ‘યજ્ઞપુરુષ સભાગૃહ’માં પધાર્યા ત્યારે મંચની પાર્શ્વભૂમાં શિક્ષાપત્રીનો ૧૪૭મો શ્લોક અને સત્સંગદીક્ષા ગ્રંથનો ૧૯૫મો શ્લોક સમર્પણ-ભક્તિનો મહિમા દૃઢાવતા શોભી રહ્યા હતા. સભામાં પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ પ્રસંગોચિત પ્રવચન કર્યું. સ્વામીશ્રીએ ડૉ. વી. પી. રાવલ લિખિત પુસ્તક ‘ગુણાતીત ડાયેટિંગ’નું વિમોચન કર્યું.

ઝોળીપર્વનો મહિમા સમજાવતાં સ્વામીશ્રીએ અદ્‌ભુત વચનો ઉચ્ચાર્યાંઃ ‘‘ઝોળી માંગવાની પરંપરા શ્રીજીમહારાજના વખતથી ચાલી આવે છે. શ્રીજીમહારાજે પણ લોજ ગામમાં ઝોળી માંગી છે અને પરમહંસો પાસે પણ મંગાવી છે. આવા પુરુષ ક્યાં લેનારા છે? એમનો હાથ નીચે અને આપણો ઉપર, કેવું કહેવાય?! એમણે અતિ દયા કરીને આ ઝોળીપર્વ આપ્યું છે, નિમિત્ત ઊભું કરીને આપણી સેવા તેઓ અંગીકાર કરે છે.

શાસ્ત્રીજી મહારાજ યોગીજી મહારાજે તો મંદિરો જ ઝોળી માંગીને કર્યાં છે. જે ઝોળીમાં નાંખે તેનું કલ્યાણ થાય. પ્રમુખસ્વામી મહારાજે પણ ઘણે ઠેકાણે ઝોળી માંગી છે. તેઓ ભણતા હતા ત્યારે પણ ઝોળી માગતા હતા. તેઓ કહેતાઃ ‘ભગવાન લે છે કણ પણ આપે છે ટન!’ આ તો આપીને લેવાની વાત છે. જેણે જેણે આપ્યું છે તેને કાંઈ ખોટ આવી નથી.

યોગીજી મહારાજ પણ કહેતાઃ ‘આ લેના બૅન્ક નથી, પણ દેના બૅન્ક છે.’ સાવ સાચી વાત કરી છે. પણ

જે ભક્તહૃદય છે, તેને આ તરત સમજાય ને આનંદ આનંદ થઈ જાય. આવો મહિમા સમજી આપણે પણ દાન-ધર્માદો એટલે કે દસમો-વીસમો ભાગ કાઢી ભગવાનને અર્પણ કરીએ...

દાન કરવાથી આપણા વ્યવહાર પણ સુધરશે. આ બધાના અનુભવની વાત છે. કોરેકોરું નથી... મહારાજ-સ્વામીને વિશેષ પ્રાર્થના કે સૌના દેશકાળ સારા રાખે જેથી આપણી લક્ષ્મી ધર્માદા માટે વપરાય અને અંતરમાં શાંતિ થાય. બધાં તન-મન-ધનથી સુખિયા થાય તે પ્રાર્થના.'' સ્વામીશ્રીએ શ્રેય અને પ્રેય બંનેનું દાન કર્યું. સૌ રાજી થયા. સૌ ભક્તો વતી સંતોએ કલાત્મક હાર અને છડી અર્પણ કરી સ્વામીશ્રીનો આભાર માન્યો.

ઝોળીપર્વનો વિશેષ લાભ આપતાં સ્વામીશ્રીએ ઊભા થઈને, બંને ખભે ઝોળી ધારણ કરી અને ઉચ્ચ સ્વરે બે વાર આહ્‌લેક લગાવીઃ 'સ્વામિનારાયણ હરે...! સચ્ચિદાનંદ પ્રભો...!' સ્વામીશ્રીની આજુબાજુ ઝોળી લગાવીને ઊભેલા પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી અને પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામીની સાથે સૌએ પણ આ આહ્‌લેકને ઉમંગથી ઝીલી. ત્યારપછી સંતોએ સ્વામીશ્રીની ઝોળીમાં હરિભક્તોના સંકલ્પપત્રો પધરાવ્યા. વિશેષ અનુદાન કરનાર ભક્તોએ મંચ પર પધારીને સ્વામીશ્રીની આશીર્દૃષ્ટિ ઝીલી અને ત્યાં મૂકવામાં આવેલ પાત્રમાં પોતાના સંકલ્પપત્રો પધરાવ્યા. ભગવાનની ઝોળીમાં સમર્પણભાવ અર્પણ કર્યાનો આનંદ-ઉમંગ સૌના હૈયે વર્તાતો હતો.

સૌની સમર્પણ-ભક્તિથી પ્રસન્ન થઈને, સૌ પર અમીવર્ષા વરસાવતાં સ્વામીશ્રી નિજનિવાસે પધાર્યા.

### ■ વ્યારા અને સુરેન્દ્રનગર શિખરબદ્ધ મંદિરોની પ્રથમ સ્તંભ પૂજનવિધિ

● દક્ષિણ ગુજરાતમાં તાપી જિલ્લામાં આવેલું વ્યારા ગામ




**સ્વામીશ્રીનાં કરકમળો દ્વારા પ્રતિષ્ઠિત થયેલા મૂર્તિપ્રતિષ્ઠાનાં સત્સંગ-કેન્દ્રોની યાદી**

- ■ **મૂર્તિપ્રતિષ્ઠાઃ** ડભોડા, મહેસાણાના સુજાણપુર (પુનઃ પ્રતિષ્ઠા), કડી, રાજપુર; સુરેન્દ્રનગરના થાનગઢ (પુનઃ પ્રતિષ્ઠા); પીપળિયા (ગોધરા), નૈરોબી (આફ્રિકા), રાવડાપુરા (આણંદ), અમદાવાદના નિકોલ (ઘનશ્યામ મહારાજ), ઝાણુ; સેલવાસના રાંધા, સીલી, મોટા પોંઢા; કાલસર (ચિત્રપ્રતિમા), વસો (ચિત્રપ્રતિમા); હિંમતનગરના હિંમતપુર, નાદરી, રંગમહોલ, મેઘરજ, મારુતિનગર; મગોલ ભાઠા (નવસારી), બી.એ.પી.એસ. વિદ્યામંદિર-નવસારી.
- ■ **ઈષ્ટિકા પૂજનઃ** શાયોના સિટી (અમદાવાદ), કરણનગર (મહેસાણા); પાટણ, દેવસરી (ડીસા), સુંદલપુરા, હિંમતનગરના તલોદ, શાંતિનગર, પીલુદ્રા, અક્ષરમહોલ (ઉતારા વિભાગ-હિંમતનગર મંદિર); મહેમદાવાદ, ત્રાલસી (ભરૂચ).

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની ૧૮ વખત પધરામણીથી તીર્થત્વ પામ્યું છે. આવા મહાપ્રાસાદિક સ્થાનમાં ગુરુપદે આવ્યા બાદ, પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે પધારીને તેને વધુ પાવન કર્યું છે.

વ્યારાની આ પુણ્યવંતી ભૂમિ પર ભવ્ય બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર નિર્માણ પામી રહ્યું છે. તા. ૫-૧૨-૨૦૨૪ના રોજ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે આ મંદિરના પ્રથમ સ્તંભનું વેદોક્ત વિધિપૂર્વક પૂજન કરીને શુભાશિષ પાઠવ્યા હતા.

● ભગવાન સ્વામિનારાયણ અને ગુણાતીત ગુરુપરંપરા દ્વારા પાવન થયેલી ઝાલાવાડની ભૂમિ સુરેન્દ્રનગરના આંગણે ભવ્ય શિખરબદ્ધ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર આકાર લઈ રહ્યું છે.



તા. ૬-૧૨-૨૦૨૪ના રોજ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે આ નવનિર્મિત શિખરબદ્ધ મંદિરના પ્રથમ સ્તંભનું વેદોક્ત વિધિપૂર્વક પૂજન કરીને મંદિર નિર્માણકાર્યને વેગ આપ્યો હતો.

પ્રથમ સ્તંભ પૂજનના બંને પ્રસંગોએ પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામીએ પ્રારંભિક મહાપૂજાવિધિ કર્યો હતો. યજમાન હરિભક્તોએ પૂજાવિધિનો લાભ પ્રાપ્ત કરીને ધન્યતા અનુભવી હતી. પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ પ્રાસંગિક પ્રેરણાવચનો કહ્યાં હતાં.

## ■ ગુરુહરિ જયંતી

તા. ૯-૧૨-૨૦૨૪ના રોજ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના દિવ્ય સાંનિધ્યમાં તિથિ મુજબ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના ૧૦૩મા પ્રાગટ્યદિનની ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી.

ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજને ભાવાંજલિ અર્પવા માટે વહેલી સવારથી જ મોટી સંખ્યામાં ઊમટેલા હરિભક્તોથી સભાગૃહ છલકાઈ ઊઠ્યું હતું. નિત્યકર્મથી પરવારીને સ્વામીશ્રી પ્રાતઃપૂજા માટે સભાગૃહના મંચ પર પધાર્યા ત્યારે સૌએ પ્રગટ ગુરુહરિને હર્ષભેર વધાવ્યા હતા. સ્વામીશ્રીના આસનની પાર્શ્વભૂમાં ધ્યાનસ્થ મુદ્રામાં બિરાજમાન પ્રમુખસ્વામી મહારાજની વિરાટ છબિ અને તેની ચોરફ લખાયેલા સ્વામિનારાયણ મહામંત્ર આજના પ્રસંગની શોભામાં અભિવૃદ્ધિ કરી રહ્યા હતા. સભાના આરંભમાં આત્મતૃપ્તદાસ સ્વામીએ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના દિવ્ય ગુણોનું આચમન કરાવ્યું હતું.

સ્વામીશ્રીની પ્રાતઃપૂજામાં સંતોએ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના મહિમાનું પાન કરાવતી કીર્તનાંજલિ રજૂ કરીને અનન્ય ગુરુભક્તિ અદા કરી હતી.

આ પાવન અવસરે અમેરિકાની કોલમ્બિયા યુનિવર્સિટીમાં અભ્યાસ કરી રહેલા પ્રોફેસર યોગી ત્રિવેદીએ પ્રમુખસ્વામી મહારાજના સંકલ્પે રોબિન્સવિલ ખાતે રચાયેલા સ્વામિનારાયણ અક્ષરધામની નિર્માણગાથાને વર્ણવતા અંગ્રેજી પુસ્તક 'If Stone Could Sing'નો હિન્દી અનુવાદ 'અગર પથ્થર ગાતે...' પ્રમુખસ્વામી મહારાજની સ્નેહલવર્ષાને વર્ણવતાં 'Love, At Ease'નો ગુજરાતી અનુવાદ 'સ્નેહમય સહજ સાંનિધ્ય' તથા પીએચ.ડીના મહાનિબંધને મહંત સ્વામી મહારાજનાં કરકમળોમાં અર્પણ કર્યા હતા. સ્વામીશ્રીએ આ બંને ગ્રંથો અને મહાનિબંધ પર પુષ્પો પધરાવીને પ્રસાદીભૂત કર્યા હતા. આ પ્રસંગે વરિષ્ઠ સંતવર્ય પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી, પૂજ્ય ત્યાગવલ્લભદાસ સ્વામી તથા કાર્યકર સુવર્ણ મહોત્સવમાં અનન્ય યોગદાન આપનાર સંતોએ કલાત્મક હાર અર્પણ કરીને સ્વામીશ્રીનું અભિવાદન કર્યું હતું. આ પ્રસંગે વ્રત-તપરૂપી વિશિષ્ટ ભક્તિ કરનાર સૌને સ્વામીશ્રીએ વિશેષ દર્શનલાભ આપ્યો હતો.

આમ, પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના દિવ્ય સાંનિધ્યમાં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના જન્મજયંતી મહોત્સવની સ્મૃતિઓને હૈયામાં અંકિત કરીને સૌએ વિદાય લીધી હતી.

## ■ આફ્રિકા તરફ સ્વામીશ્રીનું પ્રયાણ

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે

સતત એક માસ સુધી અમદાવાદ ખાતે બિરાજીને હજારો હરિભક્તોને દિવ્ય આધ્યાત્મિક લાભ આપ્યો હતો. તા. ૧૩-૧૨-૨૦૨૪ના રોજ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે આફ્રિકા ખંડના હરિભક્તોને સત્સંગનું સુખ આપવા માટે અમદાવાદથી સંતો-હરિભક્તોની ભાવભરી વિદાય લીધી હતી. વિદાય લેતાં પૂર્વે પરમ પૂજ્ય સ્વામીશ્રીએ ઠાકોરજીનાં દર્શન કરીને મંદિરમાં ઊમટેલા હરિભક્તોને દર્શનલાભ આપ્યો હતો. સંતો-હરિભક્તોએ વિવિધ પ્રાર્થનાઓ સાથે સ્વામીશ્રીને ભાવભરી વિદાય આપી હતી.

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે સંતમંડળ સાથે રાત્રે અમદાવાદના સરદાર પટેલ ઇન્ટરનેશનલ ઍરપોર્ટ પરથી હવાઈ માર્ગે આફ્રિકા ખંડના ટાન્ઝાનિયા પ્રતિ પ્રયાણ કર્યું હતું.

હવે પછી, સ્વામીશ્રીની આફ્રિકા-ધર્મયાત્રાનો અહેવાલ આવતા અંકમાં માણીશું...

(બ્રહ્મવત્સલદાસ સ્વામી લિખિત અહેવાલ પરથી સંકલિત) ◆

## બી.એ.પી.એસ. પ્રમુખ એકેડેમી દ્વારા વિદ્યાર્થીઓ માટે વિશિષ્ટ પ્રોગ્રામ

### પ્રમુખ સંકલ્પ પ્રોગ્રામ (શાળાનાં વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ માટે)

*'જો આ પ્રોગ્રામ બરાબર કરશો, તો તમે જીવનમાં પોતાના ઉપયોગમાં આવશો, દેશના ઉપયોગમાં, સત્સંગના ઉપયોગમાં, બધે તમે કામ આવશો... અને ખરેખર એવા તૈયાર થશો, તમારું જીવન જ બદલાઈ જશે.'*

આ વાક્યો છે ગુરુહરિ મહંત સ્વામી મહારાજે, ૩૦ જૂન, ૨૦૨૪ના રોજ રાજકોટમાં 'પ્રમુખ સંકલ્પ પ્રોગ્રામ'માં જોડાયેલાં નાનાં-નાનાં બાળકોને આપેલા આશીર્વાદનાં...

આ વળી કેવો પ્રોગ્રામ છે, જેમાં બાળકનું સમગ્ર જીવન બદલવાની શક્તિ છે? જે આજના સ્પર્ધાત્મક યુગમાં વિદ્યાર્થીને સાંપ્રત જ્ઞાનથી સમૃદ્ધ કરે છે? જે સર્વાંગી વ્યક્તિત્વનું ઘડતર કરી નેતૃત્વના પાઠો શીખવે છે?

એ છે બી.એ.પી.એસ. પ્રમુખ એકેડેમી દ્વારા તૈયાર થયેલ 'પ્રમુખ સંકલ્પ પ્રોગ્રામ', જેમાં ધોરણ-૬ થી ધોરણ-૧૨માં અભ્યાસ કરતાં બી.એ.પી.એસ. સંસ્થાનાં તેજસ્વી વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓને ઘરે બેઠાં જ ઓનલાઇન પ્રશિક્ષણ આપવામાં આવે છે. આ પ્રોગ્રામ વિશે અવશ્ય સંપૂર્ણ માહિતી પ્રાપ્ત કરો અને શાળામાં ભણતાં સત્સંગી અને તેજસ્વી બાળ-બાલિકાઓ અને વાલીઓ સુધી પણ આ માહિતી અવશ્ય પહોંચાડશો તે વિનંતી છે.

પ્રોગ્રામની સંપૂર્ણ માહિતી માટે આપેલ QR સ્કેન કરો અથવા સંપર્ક કરો - ૯૫૧ ૦૦૬ ૦૮૯૮

લિંક: https://pramukh.academy/pramukh-sankalp-programme/

### પ્રમુખ સંપૂર્ણ પ્રોગ્રામ (કૉલેજનાં વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ માટે)

ગુરુવર્યોની આર્ષદૃષ્ટિ અને પ્રેરણા અનુસાર યુવાનો પ્રામાણિક અને ચારિત્ર્યવાન અધિકારી બની રાષ્ટ્રસેવામાં જોડાય તે માટે બી.એ.પી.એસ. પ્રમુખ એકેડેમીની સ્થાપના થઈ છે, જેમાં હાલ UPSC તેમજ GPSC દ્વારા લેવાતી સિવિલ સર્વિસ પરીક્ષાઓની તૈયારી કરાવવા માટે યુવા-યુવતીઓ બંને માટેનાં સંકુલો અટલાદરા-વડોદરા ખાતે કાર્યરત છે.

આજના સ્પર્ધાત્મક યુગમાં સફળતા પ્રાપ્ત કરવા તેજસ્વી યુવાઓ પોતાની કૉલેજના અભ્યાસની સાથે-સાથે જ આવી સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી શરૂ કરી દે છે. આથી પ્રમુખ એકેડેમી દ્વારા વિવિધ તજ્જ્ઞોના માર્ગદર્શનમાં ઊંડાણપૂર્વકના અભ્યાસ બાદ, પરીક્ષાનાં તમામ પાસાંઓને આવરી લેતો એક વિશિષ્ટ ઓનલાઇન પ્રોગ્રામ તૈયાર કરવામાં આવ્યો છે – પ્રમુખ સંપૂર્ણ પોગ્રામ.

આ અદ્વિતીય કોર્સમાં અનુભવી મેન્ટર્સની દેખરેખમાં UPSC-CSE માટે બેઝિકથી એડવાન્સ સુધીની સંપૂર્ણ તૈયારી વિવિધ તબક્કામાં કરાવવામાં આવે છે. જેમાં પ્રિલિમ્સ, મેઇન્સ અને ઇન્ટરવ્યૂના ત્રણેય તબક્કા માટે સર્વાંગીણ તૈયારી સાથે પ્રશિક્ષણ આપવામાં આવે છે.

ઘરે બેઠાં સિવિલ સર્વિસીસની સર્વાંગી તૈયારી કરાવતા આ 'પ્રમુખ સંપૂર્ણ પ્રોગ્રામ' વિશે અવશ્ય સંપૂર્ણ માહિતી પ્રાપ્ત કરો અને અન્ય ઉત્સુક વિદ્યાર્થીઓ સુધી પણ આ માહિતી અવશ્ય પહોંચાડશો તે વિનંતી છે.

પ્રોગ્રામની સંપૂર્ણ માહિતી માટે આપેલ QR સ્કેન કરો અથવા સંપર્ક કરો - ૯૯૯ ૮૯૯ ૨૮૭૬

લિંક: https://pramukh.academy/pramukh-sampurn-programme/

# સ્વામિનારાયણ અક્ષરધામ દિલ્હીના દ્વિદશાબ્દી ઉત્સવના ઉપક્રમે યોજાયું સંત સંમેલન




સંત સંમેલનમાં મંચસ્થ પૂજ્ય સંતોએ બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા વિશ્વભરમાં ગતિમાન અનેકવિધ સેવાકાર્યોને બિરદાવ્યાં...

રાજધાની દિલ્હીમાં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી ભારતીય સંસ્કૃતિ અને આધ્યાત્મિકતાનો જયનાદ કરી રહેલા સ્વામિનારાયણ અક્ષરધામના નિર્માણને ૨૦ વર્ષ પૂર્ણ થતાં દ્વિદશાબ્દી ઉત્સવની ઉજવણીના ઉપક્રમે ભક્તિસભર કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. તે શૃંખલામાં તા. ૨૧-૧૧-૨૦૨૪ના રોજ સંત સંમેલન યોજાયું હતું.

આ સંમેલનમાં દિલ્હી એનસીઆર ક્ષેત્રમાં સેવારત સનાતન ધર્મના વિવિધ સંપ્રદાયના મઠ, આશ્રમો અને મંદિરોનું પ્રતિનિધિત્વ કરતા ૪૦૦થી વધુ સંતો અક્ષરધામમાં પધાર્યા હતા. મંદિર પરિસરમાં સંતોનું પુષ્પહારથી સ્વાગત કરવામાં આવ્યું હતું. મંચસ્થ શ્રી મહંત પૂજ્ય નારાયણગિરિજી મહારાજ (શ્રી પંચ-દશનામ જૂના અખાડા, વારાણસી), મહામંડલેશ્વર પૂજ્ય નવલ-કિશોરદાસજી, મહામંડલેશ્વર પૂજ્ય કંચનગિરિજી મહારાજ, પૂજ્ય ધીરેન્દ્રપુરીજી મહારાજ, જૈનાચાર્ય લોકેશમુનિજી, પૂજ્ય પ્રમોદકૃષ્ણમજી, મહામંડલેશ્વર સર્વાનંદજી મહારાજ, મહામંડલેશ્વર બાલકાનંદજી મહારાજ, મહામંડલેશ્વર પ્રજ્ઞાનંદગિરિજી મહારાજ, પૂજ્ય દેવકીનંદન ઠાકુરજી, આચાર્ય સુધાંશુજી મહારાજ, શ્રી મનોજ તિવારી(સાંસદ, દિલ્હી) વગેરે સંતો અને મહાનુભાવોનું મુનિવત્સલદાસ સ્વામીએ સ્વાગત-અભિવાદન કર્યું હતું.

દીપપ્રાગટ્યવિધિ પછી પૂજ્ય ધર્મવત્સલદાસ સ્વામીના સ્વાગત પ્રવચન બાદ મહામહોપાધ્યાય ભદ્રેશદાસ સ્વામીએ બી.એ.પી.એસ. સંસ્થાનાં કાર્યો અને સનાતન ધર્મમાં સંસ્થાના પ્રદાનને વર્ણવ્યું હતું. મુનિવત્સલદાસ સ્વામીએ સ્વામીશ્રીના પત્ર સંદેશનું પઠન કર્યું હતું. ત્યારબાદ મંચસ્થ સંતોએ પ્રાસંગિક ઉદ્‌બોધનોમાં વિશ્વવ્યાપી બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા દેશવિદેશમાં મંદિર નિર્માણ દ્વારા કરેલા ભારતીય સનાતન સંસ્કૃતિનાં પ્રસારણના સઘન અને યુગવર્તી કાર્યોને બિરદાવ્યાં હતાં. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજે સંત પરંપરા દ્વારા આધ્યાત્મિક યજ્ઞને પ્રજ્વલિત અને જીવંત રાખવાના બી.એ.પી.એસ. સંસ્થાના અવિરત મક્કમ પ્રયત્નોને સહુએ બિરદાવ્યા હતા.

આ સંત પરિષદના અંતે અતિથિ સંતોની ઉપસ્થિતિમાં એક નૂતન એમ્બ્યુલન્સ સેવાનો આરંભ કરવામાં આવ્યો હતો. આ એમ્બ્યુલન્સ પ્રયાગરાજમાં યોજાનાર કુંભમેળામાં ૨૪ કલાક સેવારત રહેશે. આ સેવાકાર્યને સંતોએ ઉમળકાભેર વધાવ્યું હતું. ◆

# અક્ષરનગરી ગોંડલ શહેરમાં નવનિર્મિત પાંચ બી.એ.પી.એસ. મંદિરમાં યોજાયા મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવો




ગોંડલના પરાવિસ્તારોમાં નવનિર્મિત બી.એ.પી.એસ. મંદિરમાં મૂર્તિસ્થાપનવિધિ બાદ આરતી અર્ઘ્ય અર્પતા સંતો-હરિભક્તો


ગોંડલનું અક્ષરમંદિર એટલે એક દિવ્ય અને અનુપમ તીર્થધામ. તેમાં આવેલું અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીનું સ્મૃતિસ્થાન શ્રી અક્ષરદેરી એટલે બી.એ.પી.એસ. સંસ્થાના લાખો હરિભક્તોનાં હૃદયે કંડારાયેલું મહિમાવંત તીર્થ. આ તીર્થની રજેરજમાં બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજનાં મહિમા-સેવા-સમર્પણની ગાથાઓ ગુંજે છે. વૈદિક અક્ષરપુરુષોત્તમ ઉપાસનાથી ગુંજતા આ નગરમાં વર્ષોથી સત્સંગ ગતિમાન છે અને તેમાં વિશેષ અભિવૃદ્ધિ થતાં ભોજરાજપરા, મોહનપાર્ક, ખોડિયારનગર, ગાયત્રીનગર અને ગીતાનગર વિસ્તારમાં બી.એ.પી.એસ. સંસ્કારધામ મંદિર નિર્માણ પામ્યાં છે.

ગોંડલ મંદિરના કોઠારી દિવ્યપુરુષદાસ સ્વામી અને સંતોના માર્ગદર્શન હેઠળ, હરિભક્તોનાં સેવા-સમર્પણથી રચાયેલાં આ સંસ્કારધામોમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવો તા. ૨૨ નવેમ્બરથી ૧૧ ડિસેમ્બર દરમ્યાન ભક્તિભાવપૂર્વક યોજાઈ ગયા. ગુરુહરિ મહંત સ્વામી મહારાજ દિવાળી પર્વમાં ગોંડલ પધાર્યા હતા ત્યારે આ મંદિરોની મૂર્તિઓમાં વેદોક્ત પ્રતિષ્ઠાવિધિ કરીને વિસ્તારમાં સત્સંગરત ભક્તોને આશીર્વાદ પાઠવ્યા હતા.

મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના ઉપક્રમે વિવિધ મંદિરમાં પ્રથમ દિને વિશ્વશાંતિ મહાયજ્ઞ યોજાયો હતો, જેમાં જે તે વિસ્તારના યજમાન હરિભક્તોએ યજ્ઞવિધિનો લાભ પ્રાપ્ત કરીને કૃતાર્થતા અનુભવી હતી. ત્યારબાદ પ્રતિષ્ઠિત થનાર મૂર્તિઓની કલાત્મક રથોમાં ભક્તિસભર શોભાયાત્રા યોજાઈ હતી, જેમાં ગોંડલના વિવિધ પરાંવિસ્તારોના આબાલવૃદ્ધ ભક્તોએ હરખભેર સંમિલિત થઈને શહેરમાં ઉત્સવનો ઉદ્‌ઘોષ કર્યો હતો.

દ્વિતીય દિને સવારે નૂતન મંદિરમાં સંતો અને યજમાન હરિભક્તોની ઉપસ્થિતિમાં વેદોક્ત મહાપૂજાવિધિ આરંભાયો હતો અને ત્યારબાદ શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ અને ગુણાતીત ગુરુવર્યોની મૂર્તિઓનો સ્થાપનવિધિ ધર્મચરણદાસ સ્વામી અને અક્ષરચરણદાસ સ્વામીની ઉપસ્થિતિમાં સંપન્ન થયો હતો. ત્યારબાદ યોજાયેલી પ્રાસંગિક સભામાં મંચસ્થ સંતોએ પ્રાસંગિક ઉદ્‌બોધનોમાં મંદિર, સત્સંગ અને સત્પુરુષનો મહિમા કહીને સેવાનિષ્ઠ હરિભક્તોની સેવાને બિરદાવી હતી. ગોંડલમાં પાંચ મંદિર પ્રતિષ્ઠિત થતાં શહેરમાં ભક્તિભાવનું મોજું ફરી વળ્યું હતું. ◆

# વિશ્વવિખ્યાત મૅનેજમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ IIM અમદાવાદ દ્વારા 'પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ' કેસ સ્ટડીઝનું વિમોચન

આઈઆઈએમ, અમદાવાદ દ્વારા પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ કેસ સ્ટડીઝ અંગે રજૂઆત કરતા પ્રો. વિશાલ ગુપ્તા, વિદ્વાનો દ્વારા રજૂ થયેલા આ સંશોધનપત્રોનું વિધિવત્ વિમોચનનું કરતાં સ્વામીશ્રી...

સનાતન ધર્મના મહાન સંતવિભૂતિ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનો શતાબ્દી મહોત્સવ અમદાવાદ ખાતે તા. ૧૫ ડિસેમ્બર, ૨૦૨૨ થી તા. ૧૫ જાન્યુઆરી, ૨૦૨૩ દરમ્યાન ભવ્યતાથી ઊજવાઈ ગયો. સતત એક મહિના સુધી પવિત્ર પ્રેરણાઓ વહાવતા આ મહોત્સવના ઉપક્રમે ૬૦૦ એકરની વિશાળ ભૂમિ પર રચાયેલું અભૂતપૂર્વ પ્રમુખસ્વામી મહારાજ નગર સૌનાં આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. માત્ર ૯ મહિનાના ટૂંકા અંતરાલમાં આટલું વિશાળ અને સુનિયોજિત નગર કેવી રીતે નિર્માણ પામ્યું હશે તે બાબત સૌને ખૂબ આશ્ચર્ય પમાડી રહી હતી. એટલું જ નહીં, વિશ્વભરના સવા કરોડથી વધુ લોકોએ આ નગરની મુલાકાત લીધી હોવા છતાં કોઈ પણ પ્રકારની અવ્યવસ્થા સર્જાયા વિના સમગ્ર નગરનું સફળતાપૂર્વક સંચાલન કેવી રીતે શક્ય બન્યું હશે તે બાબત સૌને વિસ્મયથી ભરી દેતી હતી.

અમદાવાદની વિશ્વવિખ્યાત મૅનેજમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ IIMના વિદ્વાનોને પણ શતાબ્દી મહોત્સવ અને પ્રમુખસ્વામી મહારાજ નગરનાં આયોજન અને સંચાલન અંગેના સંશોધનમાં રસ જાગ્યો હતો અને તેઓએ આ અંગેના કેસ સ્ટડીઝ કરવાનું નિર્ધારિત કર્યું હતું. IIMના વિદ્વાન પ્રો. શ્રી વિશાલ ગુપ્તા, પ્રો. શ્રી સરલ મુખર્જી અને પ્રો. શ્રી ચેતન સોમને નગરનાં વિવિધ પાસાઓ પર ઊંડું સંશોધન અને વિશ્લેષણ કરી ત્રણ કેસ સ્ટડીઝ તૈયાર કર્યા છે. આ માટે તેઓએ નગરનું નિર્માણ થયું તે પહેલાં, નગરનું નિર્માણકાર્ય ચાલી રહ્યું હતું તે દરમ્યાન અને નગરનું નિર્માણકાર્ય સંપન્ન થયા બાદ નગરની અનેકવાર મુલાકાત લીધી હતી. અનેક સંતો અને સ્વયંસેવકોના ઇન્ટરવ્યૂ લઈ બે વર્ષના ગહન અધ્યયનના અંતે વિદ્વાનો દ્વારા આ કેસ સ્ટડીઝ તૈયાર થયા છે. તા. ૨૮-૧૧-૨૦૨૪ના રોજ અમદાવાદના શાહીબાગ ખાતેના બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે આ કેસ સ્ટડીઝનું વિમોચન કર્યું ત્યારે સભામાં ઉપસ્થિત હજારો ભક્તોએ હર્ષભેર એ ક્ષણને વધાવી લીધી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે આ કેસ સ્ટડીઝમાં માનવ પ્રબંધન, સેવાભાવના અને નેતૃત્વના નવતર અભિગમોનું પ્રેરક સંયોજન છે. તે ઉપરાંત આ મેગા પ્રોજેક્ટના ડિઝાઇન અને અમલીકરણ પર પણ પ્રકાશ પાથરવામાં આવ્યો છે. લોજિસ્ટિક્સ, સસ્ટેનિબિલિટી અને આવા

વિશાળ પ્રકલ્પને સુગમ બનાવતી ટેક્નોલોજીની ભૂમિકાને પણ આલેખવામાં આવી છે. આ પહેલ એક મહત્ત્વપૂર્ણ શૈક્ષણિક સિદ્ધિ છે. પૂર્વે હાર્વર્ડ યુનિવર્સિટીએ કુંભમેળા ઉપર કેસ સ્ટડી તૈયાર કરી તેને મૅનેજમેન્ટના દૃષ્ટિકોણથી વિશ્વ સમક્ષ પ્રસ્તુત કર્યો હતો. તે રીતે હવે વિશ્વવિખ્યાત પ્રબંધન યુનિવર્સિટી IIM અમદાવાદ, 'પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ'ને મૅનેજમેન્ટની નજરથી દુનિયા સમક્ષ રજૂ કરી રહી છે, જે આવનારા ભવિષ્યમાં વિશાળ કદના કોઈ પણ ક્ષેત્રના પ્રોજેક્ટ માટે આદર્શરૂપ બની રહેશે.

આ કેસ સ્ટડીઝમાં મુખ્યત્વે મહોત્સવ સ્થળની આધુનિક ટેક્નોલોજીના માધ્યમથી આકર્ષક ડિઝાઇન, શિસ્તબદ્ધ આયોજન, નિયત સમયમર્યાદામાં તેનું નિર્માણકાર્ય, વ્યવહારુ સંચાલન, મનભાવન ગ્લો ગાર્ડન, બાળકોને મનગમતી બાળનગરી, ભારતીય સંસ્કૃતિનું દર્શન કરાવતાં પ્રદર્શનો, સાંસ્કૃતિક કાર્યક્રમ માટે આકર્ષક મંચ વ્યવસ્થા, પ્રેરણાદાયી લાઇટ એન્ડ સાઉન્ડ શો, શુદ્ધ ખાણી-પીણીના સ્ટોલ જેવા પ્રકલ્પો તેમજ ઊડીને આંખે વળગે તેવી સ્વચ્છતાની સુચારુતાને આ સ્ટડીઝના અભ્યાસ માટે આવરી લેવાયાં છે.

વળી, સર્વિસ-ઓરીએન્ટેશન, પીપલ મૅનેજમેન્ટ એન્ડ લીડરશિપ કેસમાં સંસ્થાએ ૮૦,૦૦૦ સ્વયંસેવકોની દેખરેખ સાથે સમયસર પ્રોજેક્ટ પૂર્ણ કર્યો તેની પણ નોંધ લેવાઈ છે. તદુપરાંત, આ મહોત્સવ માટે ત્રણ ગામના લગભગ ૩૫૦ પરિવારોએ (ખેડૂતો, બિલ્ડરો અને ખાનગી માલિકો) ૬૦૦ એકર જમીન નિઃશુલ્ક સેવામાં આપી હતી, તે વાતને નોંધવામાં આવી છે.

આ કેસ સ્ટડીઝનો હવે સૌ કોઈ અભ્યાસ કરી શકે તે માટે IIM અમદાવાદની વેબસાઇટ પર ઉપલબ્ધ છે. વૈશ્વિક સ્તરે વિદ્યાર્થીઓ, શિક્ષણવિદો અને ઉદ્યોગ વ્યાવસાયિકો માટે નેતૃત્વ અને પ્રોજેક્ટ મૅનેજમેન્ટના વિષયમાં આ કેસ સ્ટડીઝ દીર્ઘકાળ સુધી પ્રેરણાસ્રોત બની રહેશે. ◆

## અક્ષરવાસ

**બી.એ.પી.એસ. પરિવારના અક્ષરનિવાસી હરિભક્તોને હાર્દિક શ્રદ્ધાંજલિ...**

### ભક્તરાજ શ્રી વિઠ્ઠલભાઈ નારાયણભાઈ પટેલ, મોજીદડ, ઉં.વ. ૯૫, અક્ષરવાસઃ તા. ૨૧-૧૦-૨૦૨૪



ગુણાતીત ગુરુવર્યોની ચરણરજથી અનેકવાર પાવન થયેલા મોજીદડ ગામના વતની શ્રી વિઠ્ઠલભાઈ પટેલે સત્સંગનાં પીયૂષ વારસામાંથી જ પીધાં હતાં. દાયકાઓથી મોજીદડમાં ગુણાતીત ગુરુવર્યો અને વરિષ્ઠ સંતોનું સત્સંગ વિચરણ અવિરત યોજાઈ રહ્યું છે. સારંગપુર અને લીંબડી બી.એ.પી.એસ. મંદિરથી પધારતા સંતોની રસોઈ ઉપરાંત વિવિધ સેવામાં વિઠ્ઠલભાઈ હંમેશાં તત્પર રહેતા હતા. મોજીદડમાં વર્ષોથી સત્સંગપ્રવૃત્તિમાં સેવારત રહીને ગુણાતીત ગુરુવર્યોનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો. સન ૨૦૦૫માં જીવલેણ બીમારી આવી હતી ત્યારે ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજે આશીર્વાદ પાઠવ્યા કે લીંબડી મંદિરની સેવા તમારી પાસેથી લેવાની છે. સ્વામીશ્રીના આશીર્વાદથી ત્યારબાદ સ્વાસ્થ્ય સારું રહ્યું. અંત અવસ્થા સુધી સત્સંગમાં સેવારત રહીને ચારેય ગુણાતીત ગુરુવર્યોનો રાજીપો પ્રાપ્ત કર્યો. શ્રી વિઠ્ઠલભાઈ પટેલને હાર્દિક શ્રદ્ધાંજલિ...

### ભક્તરાજ શ્રી નિમેષભાઈ અશોકભાઈ પટેલ, નૈરોબી, ઉં.વ. ૫૧, અક્ષરવાસઃ તા. ૩-૧૨-૨૦૨૪



મૂળ ગાના ગામના વતની નિમેષભાઈ પટેલ છેલ્લાં ઘણાં વર્ષોથી નૈરોબી બી.એ.પી.એસ. મંડળમાં સત્સંગ શિક્ષણ પરીક્ષા વિભાગમાં કો-ઓર્ડિનેટર તરીકે અને ઉતારા તથા ટ્રાન્સપોર્ટ વિભાગમાં મુખ્ય જવાબદાર કાર્યકર તરીકે સેવારત હતા. વ્યવહારદક્ષતા, નમ્રતા અને આગવી સૂઝથી તેઓએ નાની મોટી અનેક સેવાઓમાં દરેકને રાજી કર્યા હતા. કુશળ વક્તા-પ્રવક્તા હોવાથી સાંપ્રદાયિક કથાવાર્તા કરી તેઓએ અનેક મુમુક્ષુઓને સત્સંગાભિમુખ કર્યા હતા. આ વર્ષે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ નૈરોબી-આફ્રિકાના આંગણે પધારી રહ્યા હોઈ તેઓ સાથી સ્વયંસેવકોને પણ પ્રેરણા આપતા કે આ વખતે છેલ્લો જન્મ થઈ જાય ને અક્ષરધામ પાક્કું થઈ જાય તેવી સેવા કરવી છે. એ જ રીતે તા. ૩ ડિસેમ્બરના રોજ મોડી રાત્રે સેવા પૂર્ણ કરી ઘરે પહોંચતા જ તેઓને હાર્ટએટેક આવતાં તેઓ અક્ષરનિવાસી થયા. 'ભક્તિ કરતાં છૂટે મારો પ્રાણ' પંક્તિને સાર્થક કરનાર નિમેષભાઈના અક્ષરવાસથી નૈરોબી સત્સંગમંડળને એક કર્તવ્યનિષ્ઠ કાર્યકરની ખોટ પડી છે. તેઓને હાર્દિક શ્રદ્ધાંજલિ...

# બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનાં વિવિધ કેન્દ્રોમાં લોકસેવા અને આધ્યાત્મિક કાર્યક્રમોનાં વિવિધ વૃત્ત

## બોટ્સ્વાનાના રાજભવનમાં સંતોની પધરામણી...



ગુણાતીત ગુરુવર્યોના આશીર્વાદથી આફ્રિકાખંડના બોટ્સ્વાના દેશમાં વર્ષોથી બી.એ.પી.એસ. સત્સંગ ગતિમાન છે. તાજેતરમાં અહીં સત્સંગરત સંતોએ તથા બોટ્સ્વાનાના ઉપપ્રમુખ શ્રી એનદાબા ગાઓલાથે અને વિદેશમંત્રી શ્રી ફેન્યો બુટાલે સાથે મૈત્રી મુલાકાત રાજધાની ગેબોરોનમાં યોજાઈ હતી. યુનિવર્સિટી ઓફ બોટ્સ્વાનાના કુલપતિ શ્રી ડેવિડ નોરિસને પણ સંતો મળ્યા હતા. આ મૈત્રી મુલાકાતમાં સંતોએ જોહાનિસબર્ગમાં રચાયેલા બી.એ.પી.એસ. મંદિરના પ્રતિષ્ઠા મહોત્સવમાં પધારવા માટે આમંત્રણ પાઠવ્યું હતું. આ મુલાકાતો પછી સંતોએ આ દેશના નાગરિકોની ઉન્નતિ, શાંતિ અને સમૃદ્ધિ માટે વિશેષ પ્રાર્થના કરી હતી. ◆

## જૈનાચાર્ય શ્રી મહાશ્રમણજી બોચાસણ પધાર્યા



તા. ૧૮-૧૨-૨૦૨૪ના રોજ તેરાપંથના જૈનાચાર્ય પૂજ્ય શ્રી મહાશ્રમણજી તેમના શ્રાવકમંડળ સાથે બી.એ.પી.એસ. મંદિર બોચાસણ ખાતે પધાર્યા હતા. મંદિર દર્શન-મુલાકાત બાદ પૂજ્ય સંતોએ તેમના સુસ્વાસ્થ્ય અર્થે શ્રી નીલકંઠવર્ણી મહારાજ પર જલાભિષેક કર્યો હતો. કાર્યકર શિબિરના સત્રમાં તેઓએ પ્રેરક ઉદ્‌બોધનનો લાભ આપ્યો હતો. વળી સન ૨૦૦૫માં દિલ્હી ખાતે તેમના ગુરુ આચાર્ય શ્રી મહાપ્રજ્ઞજી અને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ વચ્ચેના ગાઢ સંબંધોનાં દિવ્ય સ્મરણોની સ્મૃતિ કરી હતી. આ મુલાકાત દરમ્યાન બોચાસણમાં ધાર્મિક સમાદરતા અને સંવાદિતાનો વિશિષ્ટ માહોલ રચાયો હતો. ◆

## મહાકુંભ મેળામાં બી.એ.પી.એસ. પંડાલનું ભૂમિપૂજન



તીર્થરાજ પ્રયાગરાજના પવિત્ર સંગમતટે મહાકુંભ યોજાનાર છે. આ કુંભમેળામાં સેક્ટર ૬, બજરંગદાસ માર્ગ પર બી.એ.પી.એસ. સંસ્થાનો પ્રથમવાર પંડાલ હશે. તેનું ભૂમિપૂજન-ગંગાપૂજન વૈદિકવિધિ અનુસાર તા. ૧૭-૧૨-૨૦૨૪ના રોજ યોજાયું હતું. મુનિવત્સલદાસ સ્વામી, ત્યાગનિષ્ઠદાસ સ્વામી આદિ સંતોના માર્ગદર્શન હેઠળ પંડાલના ભૂમિપૂજનનો કાર્યક્રમ પૂર્ણ થયો. આ અવસરે યજમાન તરીકે શ્રી રાકેશજી, શ્રી મનોજજી, ડૉ. સની સિંહ, શ્રી અજય મિશ્રા, શ્રી વિશાલ અગ્રવાલ, શ્રી શૈલેશ જયસ્વાલ અને કુંભમેળા પ્રશાસનના વરિષ્ઠ અધિકારીઓની ઉપસ્થિતિમાં પૂજનવિધિ સંપન્ન થયો હતો. ◆

# બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનાં વિવિધ કેન્દ્રોમાં લોકસેવા અને આધ્યાત્મિક કાર્યક્રમોનાં વિવિધ વૃત્ત

## ક્રાઉન પ્રિન્સે કર્યું ઈશ્વરચરણદાસ સ્વામીનું સ્વાગત




સદ્‌ગુરુવર્ય પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી તા. ૧૩ થી ૧૭ ડિસેમ્બર સુધી અબુધાબીના બી.એ.પી.એસ. હિન્દુ મંદિરે પધાર્યા હતા. ત્યારે અબુધાબીના રાજવી ક્રાઉન પ્રિન્સ મહામહિમ શેખ ખાલીદ બિન મોહમ્મદ બિન ઝાયેદ અલ નહ્યાને પોતાના નિવાસસ્થાને ઈશ્વરચરણદાસ સ્વામીને આમંત્ર્યા હતા. તેઓએ કહ્યું, 'આ મંદિરની ગાથા સમગ્ર વિશ્વને પ્રેરણા આપી શકે એવી છે. તમે આવું ભવ્ય મંદિર અમારા દેશમાં કર્યું એ બદલ અમે આભારી છીએ.' સંતોએ પણ રાજવી પરિવારનો અંતરથી આભાર માન્યો હતો. તેઓએ કલાત્મક હિન્દુ મંદિરના પ્રત્યેક વિભાગનું ખૂબ બારીકાઈથી નિરીક્ષણ કરીને સેવારત સ્વયંસેવકોની સેવાને બિરદાવી હતી. ◆

## ફ્રેસ્નો મંદિરમાં શ્રી નીલકંઠવર્ણી મૂર્તિસ્થાપન ઉત્સવ



બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને ગુરુહરિ મહંત સ્વામી મહારાજે બી.એ.પી.એસ. મંદિરોમાં શ્રી નીલકંઠવર્ણી મહારાજની અભિષેક મૂર્તિ સ્થાપિત કરીને વૈદિક અભિષેકપૂજા વિધિને ખૂબ વ્યાપક કરી છે. આ શૃંખલામાં, તા. ૧૪-૧૧-૨૦૨૪ના રોજ કેલિફોર્નિયા રાજ્યના ફ્રેસ્નો નગરમાં આવેલા બી.એ.પી.એસ. મંદિરમાં શ્રી નીલકંઠવર્ણી મહારાજની અભિષેક મૂર્તિનો સ્થાપનવિધિ યોજાઈ ગયો. જ્ઞાનેશ્વરદાસ સ્વામી અને સંતો-હરિભક્તોની ઉપસ્થિતિમાં મહાપૂજાવિધિ બાદ મૂર્તિનો સ્થાપનવિધિ સંપન્ન થયો. સૌએ શુભ સંકલ્પો સાથે જલાભિષેક કર્યો હતો. ત્યારબાદ યોજાયેલી સભામાં સંતોએ મંદિર અને અભિષેકનો મહિમા કહ્યો હતો. ◆

## પોરબંદર મંદિર ખાતે યોજાયો રક્તદાન યજ્ઞ



લોકસેવા અને સમાજસેવા માટે જીવન સમર્પિત કરનારા સંતવિભૂતિ પ્રમુખસ્વામી મહારાજની ૧૦૩મી જન્મજયંતીના ઉપક્રમે, બી.એ.પી.એસ. મંદિર પોરબંદર ખાતે તા. ૧૫-૧૨-૨૦૨૪ના રોજ રક્તદાન કેમ્પ યોજાયો હતો. જેમાં ૫૨ ભક્તોએ રક્તદાન કરીને જરૂરિયાતમંદ દર્દીઓને નવજીવન બક્ષ્યું હતું. અને પ્રમુખસ્વામી મહારાજના જીવનમંત્ર 'બીજાના ભલામાં આપણું ભલું'ને સાર્થક કર્યો હતો. પોરબંદર સત્સંગમંડળ દ્વારા છેલ્લાં ૧૫ વર્ષથી પ્રતિવર્ષ સ્વામીશ્રીના જન્મજયંતી ઉત્સવે આવી રીતે રક્તદાન કેમ્પનું આયોજન થાય છે. નિઃસ્વાર્થભાવે સેવાકાર્ય કરીને પોરબંદર મંડળે ગુરુહરિના દિવ્ય મહિમાનો વિસ્તાર કર્યો હતો. ◆





કાર્યકર સુવર્ણ મહોત્સવમાં પધારનારા કાર્યકરો માટે જાતે મોતીચૂરના લાડુ વાળીને ઠાકોરજીને થાળ ધરાવતા પ્રેમમય સ્વામીશ્રી...

**(અનુસંધાન પૃષ્ઠ ૩૧ ઉપરથી)** આ કાર્યકરોની બેઠક વ્યવસ્થા કેવી રીતે કરવી તે સૌથી મોટો પડકાર હતો. આ માટે સ્ટેડિયમની બેઠક વ્યવસ્થાનો ઝીણામાં ઝીણો અભ્યાસ કરીને વિસ્તાર મુજબ બેઠકોની વહેંચણી કરવામાં આવી હતી. તે મુજબ મહિલા અને પુરુષ કાર્યકરોનાં વસ્ત્રપરિધાન પણ અગાઉથી નિર્ધારિત કરવામાં આવ્યાં હતાં.

આ ઉપરાંત એક લાખ કાર્યકરો સમગ્ર કાર્યક્રમ સારી રીતે માણી શકે તે માટે જુદા જુદા ૩૬ સેવા-વિભાગોમાં ૧૫,૦૦૦ સ્વયંસેવકો જોડાયા હતા. સૌથી વિશેષ બાબત તો એ હતી કે આ વિશાળ સ્ટેડિયમ ટૂંકા ગાળામાં ૫૦૦ સ્વયંસેવકોએ સ્વચ્છ કરી દીધું હતું. ભીના કપડાથી દરેક સીટ સ્વચ્છ કરીને સ્વયંસેવકોએ સૌને ચકિત કરી દીધા હતા. સાથે સાથે ભોજન-પ્રસાદનાં એક લાખથી વધુ બોક્સ તૈયાર કરવાની સેવામાં પણ સ્વયંસેવકોએ ખૂબ જહેમત ઉઠાવી હતી. પરમ પૂજ્ય સ્વામીશ્રીએ અને સદ્‌ગુરુ સંતોએ જાતે મોતીચૂરના લાડુ વાળીને આ ભોજનપ્રસાદને સદા સ્મરણીય બનાવી દીધો હતો.


માત્ર ચાર કલાકના આ મહોત્સવમાં આ સ્વયંસેવકોના નિવાસની વ્યવસ્થા પણ વિવિધ સ્કીમોમાં કરવામાં આવી હતી. તેમજ દરરોજ ટ્રાન્સપોર્ટેશનની વ્યવસ્થા દ્વારા તેઓને સ્ટેડિયમ ખાતે લાવવા-લઈ જવામાં આવતા હતા. આ મહોત્સવમાં મોટા ભાગના કાર્યકરો બસો દ્વારા જ મહોત્સવમાં આવે તે માટે ત્રણ મહિના અગાઉથી આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાતના એસ.ટી. વિભાગનો પણ ખૂબ સહયોગ પ્રાપ્ત થયો હતો. આ સેંકડો બસોનું પાર્કિંગ કરવા માટે સ્ટેડિયમને અડીને આવેલા રિવરફ્રન્ટમાં ૧,૨૦૦ બસો અને અઢી હજાર કાર પાર્ક થઈ શકે તેવું પાર્કિંગ ગ્રાઉન્ડ સ્વયંસેવકો દ્વારા તૈયાર કરવામાં આવ્યું હતું. સાથે સાથે ટ્રાફિક નિયંત્રણનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્થાનિક પોલીસકર્મીઓ અને ટ્રાફિક પોલીસનો પણ તેમાં ખૂબ સહયોગ સાંપડ્યો હતો.

## પ્રસ્તુતીકરણની સામગ્રી અને કોસ્ચ્યૂમની વ્યવસ્થા

મહોત્સવના કેન્દ્રીય વિષયને લક્ષમાં રાખીને ભાત ભાતનાં અને વિશાળ કદનાં બીજ, વૃક્ષ અને ફળની સામગ્રી તથા કોસ્ચ્યૂમ તૈયાર કરવાનો ખૂબ મોટો પડકાર હતો. ઓછો સમય અને સેંકડોની સંખ્યામાં મહાકાય સામગ્રી. સંતોએ એ પડકાર ઝીલીને તેને અનુરૂપ તૈયારીઓ કરી લીધી. તકલીફ વગર દરેક પરફોર્મર મહાકાય બીજ, ફળ, વૃક્ષને પહેરીને પ્રસ્તુતિ કરી શકે એવું રિસર્ચ કરીને હળવા વજનના પાતળા સળિયા, કાપડ, કાગળનો માવો વગેરેનો ઉપયોગ કરીને ડિઝાઈન કરવામાં આવી. પ્રથમ તો સંતોએ પહેરીને મોડલનું ટેસ્ટિંગ કર્યું. વર્ષોથી સંસ્થાના મહોત્સવોમાં કોરિયોગ્રાફીની સેવા કરી રહેલા કાર્યકરોએ પણ મોડલ ફાઈનલ કર્યું. તે અનુસાર, રાયસણ ખાતેના બી.એ.પી.એસ. વિદ્યામંદિરના કેમ્પસમાં આ કાર્ય બે મહિનાથી ચાલી રહ્યું હતું. ફૂલ હોય તો તેનો રંગ, છોડ હોય તો તેની નાની નાની પાંદડીઓ એક છોડની અંદર ૨૦૦૦ જેટલી પાંદડીઓ આકાર અનુસાર કાપીને, કલર કરીને તેને ચોંટાડવાની સેવા તાલીમ કેન્દ્રની યુવતીઓ અને અન્ય યુવતીઓએ ખંત અને ઉત્સાહથી કરી હતી. કોરિયોગ્રાફી અને મ્યુઝિક તૈયાર કરવાની સેવા પણ સ્વયંસેવકોએ જ કરી છે.

બીજો મોટો પડકાર હતો - તાલીમનો. ગ્રાઉન્ડ પર તો એક સાથે સેંકડો યુવકોએ પરફોર્મ કરવાનું હતું, પરંતુ તે અલગ અલગ શહેરોના યુવાનોને સ્ટેડિયમના ગ્રાઉન્ડને ચાર વિભાગમાં વહેંચીને તાલીમ આપવામાં આવી અને છેલ્લે સ્ટેડિયમમાં તેનું અદ્‌ભુત સંયોજન કરવામાં આવ્યું. આમ, સૌમાં ગુરુહરિને રાજી કરવાની ઉત્કંઠા અને સેવા કરવાની અનેરી ભાવનાથી જ કાર્યક્રમ સર્વ પ્રકારે શોભી ઊઠ્યો હતો. ◆

# અબુધાબી બી.એ.પી.એસ. હિન્દુ મંદિરને મળ્યો શ્રેષ્ઠ એવૉર્ડ






બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે સન ૧૯૯૭માં કરેલા સંકલ્પ અનુસાર ગુરુહરિ મહંત સ્વામી મહારાજે સન ૨૦૨૪માં વસંતપંચમીના દિને યુ.એ.ઈ.માં બી.એ.પી.એસ. હિન્દુ મંદિરનું નિર્માણ કરીને ગુરુવર્યનો સંકલ્પ સાકાર કર્યો હતો.

સમગ્ર વિશ્વમાં વસતા હિન્દુઓ માટે ગૌરવરૂપ આ ભવ્ય બી.એ.પી.એસ. હિન્દુ મંદિર નવાં નવાં કીર્તિમાનો સ્થાપિત કરી રહ્યું છે. તાજેતરમાં આ બી.એ.પી.એસ. હિન્દુ મંદિરને MENA (Middle East and North Africa) એસોસિયેશન દ્વારા 'શ્રેષ્ઠ કલ્ચરલ પ્રોજેક્ટ' ઍવોર્ડથી નવાજવામાં આવ્યું છે. યુ.એ.ઈ., ઈજિપ્ત, કતાર, કુવૈત, ઓમાન, ઈરાક વગેરે ૨૨ દેશોનો સમૂહ ધરાવતા આ એસોસિયેશન દ્વારા પ્રતિવર્ષે દરેક સભ્ય દેશમાંથી શ્રેષ્ઠ બે પ્રોજેક્ટોનું નામાંકન કરવામાં આવે છે. યુ.એ.ઈ. સરકારે આ વર્ષે પોતાના શ્રેષ્ઠ પ્રોજેક્ટ તરીકે બી.એ.પી.એસ. હિન્દુ મંદિરનું નામાંકન નોંધાવ્યું હતું. આમ, ૨૨ દેશોના કુલ ૪૪ શ્રેષ્ઠ પ્રોજેક્ટોમાં બી.એ.પી.એસ. હિન્દુ મંદિરના પ્રોજેક્ટને લેન્ડસ્કેપની વિવિધતા અને શ્રેષ્ઠતા બદલ 'શ્રેષ્ઠ કલ્ચરલ પ્રોજેક્ટ' એનાયત કર્યો હતો.

ગુરુહરિ મહંત સ્વામી મહારાજે કોવિડના સમયગાળા દરમ્યાન તા. ૨૨-૧૨-૨૦૨૦ના રોજ પત્ર લખ્યો હતો કે અબુધાબીનું આ બી.એ.પી.એસ. હિન્દુ મંદિર જગવિખ્યાત થશે. તે શબ્દો વધુ એક વખત સાકાર થતા અનુભવાયા છે. ◆

## બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર, ખેરવા, મહેસાણા — પ્રવેશ અંગે

ઉત્તર ગુજરાતમાં સંસ્કાર સાથે ઉત્તમ શિક્ષણની સુવિધાથી સજ્જ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર, ખેરવા, મહેસાણા ખાતે જૂન ૨૦૨૫ માટે ધોરણ ૧ થી ૧૦ અને ધોરણ ૧૧-૧૨ કોમર્સ (ગુજરાતી તેમજ અંગ્રેજી માધ્યમ) માટેની પ્રવેશ પ્રક્રિયા ખેરવા મુકામે ચાલુ છે. પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓએ https://bit.ly/kherva2025 પર રજિસ્ટ્રેશન કરવાનું રહેશે. પરીક્ષાનો સમય અને પરીક્ષાનું માળખું અને અન્ય જરૂરી વિગત શાળાની વેબસાઈટ https://www.baps.org/SVM/Kherva.aspx પરથી પ્રાપ્ત થશે.

ધોરણ ૬ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે શાળા કેમ્પસમાં જ ઉત્તમ પ્રકારની હોસ્ટેલ સુવિધા ઉપલબ્ધ છે.

ઓનલાઈન એડમિશન ફોર્મ માટે આ સાથે સામેલ QR Code સ્કેન કરો.

એડમિશન પૂછપરછ માટે સંપર્ક: ૯૯૯૮૯ ૯૫૦૫૧, ૯૯૯૮૯ ૯૨૨૧૦

# રોબિન્સવિલ ખાતેના સ્વામિનારાયણ અક્ષરધામની દર્શન-મુલાકાતે પધાર્યા ન્યૂયોર્કના મેયર શ્રી એરિક એડમ્સ





ન્યૂયોર્કના મેયર શ્રી એરિક એડમ્સે અક્ષરધામની મુલાકાત લઈને અહીંની સ્થાપત્ય-કલામાં સમાહિત મૂલ્યોને બિરદાવ્યાં...

સન ૨૦૨૪નું વર્ષ પૂર્ણ થઈ ચૂક્યું છે ત્યારે, બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના સંકલ્પે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ દ્વારા નિર્મિત અમેરિકાના ન્યૂજર્સી ખાતેના વિશ્વવિખ્યાત સ્વામિનારાયણ અક્ષરધામની દર્શન-મુલાકાતે સમગ્ર વર્ષ દરમ્યાન અનેક મહાનુભાવો અને હજારો દર્શનાર્થીઓ પધારી ચૂક્યા છે. તા. ૨૯-૧૨-૨૦૨૪ના રોજ અમેરિકાના મહાનગર ન્યૂયોર્કના મેયર શ્રી એરિક એડમ્સે અક્ષરધામની દર્શનયાત્રા કરીને ધન્યતાની લાગણી અનુભવી હતી.

રોબિન્સવિલના અક્ષરધામ પરિસરમાં બી.એ.પી.એસ. સંસ્થાના સંતોએ તેમનું હિન્દુ પરંપરા પ્રમાણે સ્વાગત કર્યું હતું. ત્યારબાદ તેઓએ અક્ષરધામની સ્થાપત્ય-કલાને મન ભરીને માણીને તેમાં કંડારાયેલા ભારતીય સંસ્કૃતિનાં મૂલ્યોને હૃદયસ્થ કરીને સ્મિતભર્યા ચહેરે નિહાળ્યાં હતાં. અક્ષરધામ મહામંદિર નિહાળીને તેઓ ખૂબ પ્રભાવિત થયા હતા. યુવકો સાથે બાસ્કેટબોલની રમતમાં જોડાઈ તેમને પ્રોત્સાહન આપ્યું હતું.

બી.એ.પી.એસ. સંસ્થાના યોગદાન વિષે તથા અક્ષરધામના પ્રભાવ વિષે એમણે સત્સંગ સભામાં પોતાની લાગણીઓ વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું: 'અક્ષરધામની આ મુલાકાત એટલે એક અદ્‌ભુત અનુભવ. ભારતીયો અને એમનાં આધ્યાત્મિક મૂલ્યો કેટલાં અમૂલ્ય છે તે અનુભવવા માટે કોઈએ હવે ભારત, અંગકોરવાટ, કંબોડિયામાં કે વિશ્વની યાત્રા કરવાની જરૂર નથી. આ અક્ષરધામ દ્વારા ભારતીય સંસ્કૃતિની અદ્વિતીયતા પશ્ચિમના દેશોના લોકોને જાણવા મળે છે. મને લાગે છે કે આ મંદિર ભાવનાત્મક રીતે આપણા આત્માઓને જોડનાર સેતુ છે. તે આપણી જાતને સંપૂર્ણ સમજવાની શક્તિ આપે છે. આપણે આધ્યાત્મિકતા સાથેના માનવી નહીં, પરંતુ માનવતા સાથેના આધ્યાત્મિક આત્માઓ છીએ. જ્યારે તમે આ અક્ષરધામને નિહાળશો ત્યારે આ વાત સહેજે સમજાશે. અહીં પરોપકાર અને આધ્યાત્મિકતા જુઓ છો, ત્યારે સમજાય છે કે આપણે દરરોજ જેમાંથી પસાર થઈએ છીએ એ દૈનિક જીવન કરતાં આપણા સૌની શ્રદ્ધા મહાન છે.'

અત્રે ઉલ્લેખનીય છે કે લોકપ્રિય નેતા તરીકે આગવી પ્રસિદ્ધિ મેળવનાર શ્રી એરિક એડમ્સે અક્ષરધામના ઉદ્‌ઘાટન પ્રસંગે અને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવમાં પણ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના સ્વયંસેવકોની સેવાને અને તેના પ્રેરણામૂર્તિ ગુરુહરિ મહંત સ્વામી મહારાજને બિરદાવ્યા હતા. ◆








**દાર-એ-સલામમાં નવનિર્મિત બી.એ.પી.એસ. મંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા**

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે તાજેતરમાં તા. ૨૨-૧૨-૨૦૨૪ના રોજ દાર-એ-સલામમાં નવનિર્મિત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં સંતો-હરિભક્તોની ઉપસ્થિતિમાં વેદોક્ત વિધિપૂર્વક પ્રાણપ્રતિષ્ઠા કરીને ટાન્ઝાનિયાને ભારતીય પરંપરાના વિશિષ્ટ આધ્યાત્મિક સ્થાનની ભેટ આપી...

Swaminarayan Prakash Gujarati, January-February 2025, Published on 1-1-2025. Posted at Ahmedabad, P.S.O. 1st to 4th on Every Month. Regd No. GAMC-274/2024-2026, Valid upto 31-12-2026, RNI 33506/79. Licenced to post without prepayment No. PMG/NG/009/2024-2026, Valid upto 31-12-2026.






Printed and Published by Sadhu Keshavjivandas on behalf of Swaminarayan Aksharpith. Printed at Swaminarayan Mudran Mandir, Shahibaug Rd., Ahmedabad - 4 and published from Swaminarayan Aksharpith, Shahibaug Rd., Ahmedabad-4. Editor - Sadhu Swayamprakashdas